
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૬ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા




मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# પંચ પરમેષ્ઠિના ઉપકાર




**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે 'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૬ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 56**

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

Telegram : HastaksharNuAkshayPatra

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોની આજ સુધીના ૫૫ ભાગોની પ્રસ્તાવના ગુરુતુલ્ય પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રીની સુવિશિષ્ટ ઓરામાં બેસીને જ લખાતી હતી અને તેથી દરેક ગ્રંથમાં જાણે પ્રાણ પૂરાતાં એવું સદા અનુભવાતું. સુશ્રાવિકા ભારતીબેન તરફથી આ ભાગ ૫૬ની પ્રસ્તાવના માટે અનેક વખત માંગણીઓ આવવા છતાં કલમ જ ન'તી ઉપડતી! બસ... સાહેબની અણખૂટ યાદ, મારી ફરિયાદ તથા એના કારણે વ્યથા રૂદનમાં પલટાતી અને સમય નીકળી જતો.

**અચાનક ગઈકાલે રાત્રે જે અનુભવ થયો, તે ખરે જ શબ્દાતીત છેઃ**

રાત્રે સાહેબ પધાર્યા. કહે કેઃ 'હેમપ્રભ મહારાજ, કેમ?' હું અચાનક ચમકી ગયો. પૂછાઈ ગયુંઃ 'સાહેબ... તમે?' 'હા, હેમપ્રભ મહારાજ... હું દુઃખી હોઉં તો તમે રાજી, કે હું સુખી હોઉં તો રાજી?' મેં કહ્યું કેઃ 'સાહેબ, આપ સુખી હો તો જ હું રાજી.' 'તો હેમપ્રભ મહારાજ, મારે છેલ્લે અશાતાનો ઉદય વધતો જ જતો હતો, તેથી પીડા પણ રહેતી હતી, કિન્તુ સમય પૂરો થયો. અહીં આવ્યો તો ગુરૂમહારાજ મળ્યાં! તેઓ સાથે પ્રભુભક્તિ પણ થાય છે, તેથી આનંદમાં છું. તો હવે તમે દુઃખી કેમ? બસ, હવે ખુશ રહેજો હોં...' આટલું બોલીને સાહેબ તો અંતર્ધ્યાન થઈ ગયા પણ મને પુલકિત કરતાં ગયા. બે દિવસથી આખો મૂડ જ બદલાઈ ગયો! સાહેબનો જાણે પ્રત્યક્ષ સહારો મળ્યો, કૃપા મળી અને જૂઓ, હવે આજે પ્રસ્તાવના લખાઈ રહી છે.

સાહેબજી સાથે વાતો કરવાનું મન થાય છે, કારણકે બંનેના મન જાણે પરાપૂર્વથી મળેલાં હતા. સાહેબે પોતાના જીવન દ્વારા આદર્શરૂપે ઘણું આપ્યું. તેમાં અભ્યંતર સ્વરૂપે જે જે

આત્મવિભાવનાઓ થઈ, તે આ અક્ષયપાત્રોનો જ પ્રભાવ છે. બંને પૂજ્યોના જીવનમાં કુદરતી જે સંતપુરૂષોનાં ગુણો સમી સમાનતા હતી, તે સાહેબજીનાં અક્ષયપાત્રોમાં છેઃ

(૧) કૃપા - પરદુઃખ અમહન (૨) અદ્રોહ - અપકારની ભાવનાનો ત્યાગ
(૩) તિતિક્ષા - પરાપરાધ સહિષ્ણુતા (૪) સત્યસારતા - સત્ય વ્યવહાર
(૫) અનવદ્યતા - અસૂયાદિ ન રહે, ન હોય
(૬) સમતા - શત્રુ-મિત્રાદિમાં સમભાવ (અજાતશત્રુતા)
(૭) સર્વોપકારકતા - દરેક ઉપર ઉપકાર કરવાની લાગણી
(૮) ભગવત્ શરણ્યતા - કેવલ ભગવાનનો જ આશ્રય
(૯) ધૃતિ - આપત્તિમાં અદીનતા
(૧૦) જિનષડ્ગુણતા - ક્ષુધા-તૃષા, શોક-મોહ, જરા-મૃત્યુમાં જીત.
(૧૧) અમાનિતા - સત્કારની અનિચ્છા (૧૨) માનદત્વ - બીજાનો સત્કાર
(૧૩) દમ - ઈન્દ્રિયજય (૧૪) શમ - મનની વશવર્તિતા
(૧૫) સ્થિરતા - ભક્તિમાં નિશ્ચલતા (૧૬) મુનિતા - ભગવત્ સ્વરૂપનું મનન
(૧૭) શ્રોતૃત્વ - શ્રોતા (૧૮) વક્તૃત્વ - વક્તા
(૧૯-૨૦) સામાન્ય-વિશેષ શાસ્ત્રનું જ્ઞાન
(૨૧) સામાન્યથી વિહિત પણ વિશેષથી નિષિદ્ધનો ત્યાગ
(૨૨) સામાન્યથી નિષિદ્ધ પણ વિશેષથી વિહિતનો અંગીકાર.

આવા પ્રશસ્ય ગુણોના ખજાનાનાં મહારથીની વિદાય હૃદયને દુઃખી-દુઃખી કરી દે છે, છતાં મનને સમજાવવું જ પડે છે. તે પૂજ્ય પુરૂષોની પુણ્ય સ્મૃતિ ગુણપ્રતીતરૂપ બની રહો.

આ ગ્રંથોના પ્રકાશનાર્થે આર્થિક મહાસહયોગ માટે તો સાહેબજીના અનન્ય ભક્ત મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની અત્યંત ઉદારતા ભૂલી ભૂલાય તેમ નથી, સાથે સાથે આ ગ્રંથોનું સુરૂચિપૂર્ણ સંકલન એવં સંપાદન કરવા માટે અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા** પોતાના ૩૦ જેટલાં સહયોગીઓ સાથે જે રીતે પુરૂષાર્થ કરે છે, તેઓને પણ કેમ વિસરાય?!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# ગુરૂકૃપાની ઋજુ સ્નેહનૌકામાં અનવરત વિહાર...



મહાબડભાગી છું કે મારાં પૂજ્ય ગુરૂમહારાજ પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબની પરમ કરૂણા-પરોપકાર-મૈત્રીનાં ત્રિવેણી ઝરણમાં પંચદશ વર્ષો સુધી અનવરત રીતે મને સપરિવાર નખશીખ ઝબકોળાવા મળ્યું, તેઓની હૃદયભીની આનંદયાત્રાનાં ભાવાવરણમાં રહેવા મળ્યું અને એ પછી જાણે તેઓની જ પ્રતિકૃતિ સમાન જિનભક્તિ એવં જીવમૈત્રીમગ્ન પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબની ઋજુ સ્નેહનૌકામાં પણ એ પછીના ૪૧ વર્ષ વિહરવા મળ્યું...!


આ જન્મમાં આવા સદ્‌ગુરૂ અને તેઓ મહીં રહેલ પ્રભુપ્રીતિની અમીવર્ષા મારાં ઉપર કૃપા કરીને થઈ, તે થકી હું અત્યંત સાર્થકતા અનુભવું છું, કિન્તુ આ ૫૬માં ગ્રંથનું પ્રુફ ચેકીંગ કર્યા પછી કાળના ધર્મને પામી દેહથી દિગંત થયેલાં પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજીના દિવ્ય આત્માના ગુણોનો ઋણસ્વીકાર કરતાં એટલું જ કહું કેઃ 'આપે આ અક્ષયપાત્રોની ગ્રંથયાત્રા શરૂ કરાવી અને મને પણ તેમાં જે રીતે ભાગીદાર બનાવ્યો, એ જ રીતિએ હવે મારી જીવનયાત્રા પણ શીઘ્રપણે અક્ષયપદને પામી વિરામ પામે, તેનું અંતિમ ગંતવ્ય સ્થાન પર્યંત આપ ધ્યાન રાખતાં રહેજો. પૂજ્ય ગુરૂમહારાજની નિશ્રામાં તમે તો પહોંચી જ ગયા હશો, મને પણ તે જ ચંદરવાની છત્રછાયા મુક્તિનગરીમાં પહોંચવા સુધી સતત મળતી રહે, તેવી કૃપા કરજો.'

આ અધ્યાત્મયાત્રા મારા માટે તો સદા ચાલતો સત્સંગ જ છે, તે માટે ઋણી છું.

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





દ્વિરદકેસરિમારિભુજઙ્ગમા - સહનતસ્કરરાજરુજાં ભયમ્ ।
તવ ગુણાવલિગાનતરઙ્ગિણાં, ન ભવિનાં ભવતિ શ્રુતદેવતે ! ॥

## સરસ્વતી પ્રાર્થના

ભા એટલે જ્ઞાન. જ્ઞાન અને ભક્તિમાં રત તે ભારતી.

સરઃ પ્રસરઃ પ્રસરણં મુખે યસ્યાઃ સા સરસ્વતી,
કસ્ય મુખે ? અર્હતઃ ભગવતઃ,
કદા ? સમવસરણે, સા સરસ્વતી મમ પુનાતુ સતતં,
મમ નિઃશેષ જાડ્યાપહા ભવતુ,
મમ જિહ્વાગ્રે વાસં કુરુ ઇતિ સરસ્વત્યાઃ પ્રાર્થના ।

અરિહંત ભગવંતોના મુખકમળમાં હંસની જેમ ક્રીડા કરવાવાળી અને તેમાં જ નિવાસ કરવાવાળી ભગવદ્વાણીનું જ બીજું નામ 'સરસ્વતી' છે. તે દિવ્ય શક્તિવાળી વૈચારિક દેવી છે, તે જગતનું રક્ષણ કરનારી વૈચારિક માતાની ઉપમાને લાયક છે. આ માતાને શરણે રહેનાર માનવજાત જ જન્મને સાર્થક કરી જાય છે. સરસ્વતી માતાના શરણે રહેવાનો ઉપાય વર્ણાત્મક મંત્રો - નામજપ છે. પોતાની જીભ વડે પવિત્ર પદોના જાપથી જીભ પવિત્ર બની સાર્થક થાય છે. પ્રભુવાણી ભાવના ચંદનની જેમ શીતળતા અર્પનારી છે, તેથી તે ભાવન અક્ષરમય છે, જેના આલંબનથી લેવાતું પ્રભુનું નામ તે સરસ્વતીનું સાચું શરણું છે.

૨૨-૫-૧૯૭૪, સં. ૨૦૩૦, વૈશાખ વદી ૫, શનિવાર

અર્હં માહાત્મ્ય ૐ શ્રી મુચ્છાળા મહાવીર તીર્થ

અર્હં એ નિર્ગ્રન્થ પ્રવચન છે,
તે જ અર્થ - પરમાર્થ છે, તે સિવાયનું બાકીનું બધું
અનર્થ છે, હેય છે, ત્યાજ્ય છે, ઉપેક્ષણીય છે.
અર્હં એ નાદ છે, અર્થ બિન્દુ અને પરમાર્થ કલા છે.
શબ્દ વૈખરી છે, અર્થ મધ્યમા છે, પરમાર્થ પશ્યંતી છે.
શબ્દ એ પ્રવચન, અર્થ એ જ્ઞાન, પરમાર્થ એ લાભ છે.
શબ્દથી જ્ઞાન અને જ્ઞાનથી લાભ પ્રકટે છે.
લાભનું સાધન જ્ઞાન છે, જ્ઞાનનું સાધન શબ્દ છે અને
શબ્દનું સાધન નિર્ગ્રન્થ પ્રવચન છે.
'ૐ અર્હં !' શબ્દ છે, અર્હદાકાર ઉપયોગ એ અર્થ છે.
ઉપયોગાકાર આત્મા એ પરમાર્થ છે અને અર્હદાકાર
ઉપયોગ બહુમાનગર્ભિત બને, ત્યારે તે લાભ બને છે.
એ લાભવાન આત્મા પરમાર્થરૂપ બનીને
કર્મક્ષય અને મંગલમાળનો હેતુ થાય છે.
કર્મક્ષય તથા મંગલમાળનું કારણ આત્મહિતપરિણામ છે.
શ્રુતોપયોગ એ રીતે આત્મહિતપરિણામ,
લાભસંવર અને બહુનિર્જરા આદિ ફળ આપે છે.

'ॐ अर्हं ।' 'नाणी तिहिं गुत्तो ।'

અહીં ગુપ્તિથી ગુપ્ત હોય, તે જ્ઞાની છે.

'જ્ઞાની' શબ્દથી આત્મજ્ઞાન ગ્રહણ કરવું.

આત્માનું જ્ઞાન બે પ્રકારે:

ઊર્ધ્વતાસામાન્યથી અને તિર્યક્સામાન્યથી. આત્મદ્રવ્ય તે ત્રિકાલ અને ત્રિલોકવ્યાપી જ્ઞાનાદિ ગુણોનો આધાર છે.

ૐ તથા અર્હં શબ્દો શું જણાવે છે?

ૐ ઊર્ધ્વતાસામાન્યથી આત્માનું ત્રિકાલવ્યાપી સ્વરૂપ અને 'અર્હં' શબ્દ ત્રિલોકવ્યાપી સ્વરૂપને જણાવે છે અથવા ૐ શબ્દ આત્મદ્રવ્યને અને અર્હં શબ્દ આત્માના ગુણો અને વિશુદ્ધ પર્યાયોને જણાવે છે.

જિનમતમાં સાચો જ્ઞાની કોણ?

જ્ઞાની થવા માટે આત્મદ્રવ્યનો બોધ અને ત્રિગુપ્તિથી ગુપ્ત થવા માટે દ્રવ્યની સાથે તેના ગુણોનો બોધ પણ થવો જોઈએ. એ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આત્માનું જ્ઞાન અને એ જ્ઞાન મુજબ મન - વચન - કાયાનું પ્રવર્તન જેને હોય, તે સાચો જ્ઞાની જિનમતમાં ગણાય છે અને તે જ સ્વપરના દ્રવ્ય - ભાવપ્રાણોનું રક્ષણ કરી શકે છે.

ફૂલની મહત્તા સુવાસમાં, ફળની મહત્તા રસમાં છે, તેમ
આગમની મહત્તા પંચ પરમેષ્ઠિને લઈને છે. જો તેઓ
ન હોત તો આગમો અદૃશ્ય ન બનત. તેના મૂળમાં અને
ફળમાં પણ પંચપરમેષ્ઠિ છે, તેથી આગમો માનનીય છે.

'નમો' શબ્દ અને 'અર્હં' શબ્દ બંને એક છે.

બધા અનુષ્ઠાનોરૂપી મહામણીઓ જો 'નમો' શબ્દરૂપી
દોરામાં પરોવાય, તો તેમાંથી મોતીની માળા બને છે.
છૂટા મણકા એ માળા નથી, એક જ દોરામાં પરોવાય,
ત્યારે તે માળા બને છે અને પૂજ્ય બને છે.

મનની અસ્થિરતા અટકાવવા તેને ખીલે બાંધવું જોઈએ,
એ ખીલો તે દેવ, ગુરુ અને આત્મા.

Through him, we talk with God:
'હું નિર્ગુણી છું, રોગગ્રસ્ત છું, તું નિરોગી અને
રાગાદિદોષરહિત તથા અનંત જ્ઞાનાદિગુણસહિત છે.
મારા રોગની ચિકિત્સા કર, મારું મોહનું ઝેર ઉતાર,
મને જન્મ-જરા-મરણાદિના રોગથી મુક્ત કર.'

એના બદલામાં God talks with us:
'તું અજ-અજર-અમર આત્મા છે, તારે ભયની
કોઈ જરૂર નથી, મારું ધ્યાન તને પરમપદ આપશે.'

એ વિચાર સ્થિર કરવો જોઈએ કે:

મંત્ર વડે મલિનતા દૂર કર્યા પછી - નિર્મળતાનો લાભ
કર્યા પછી તેનો લાભ આપણા દ્વારા બીજાને થાય,
તેમાં કર્તવ્ય લાગવાનું છે, આપણું નહિ.

'નમો' = ચિત્તપર્યાય - નમ્રતાની પરાકાષ્ઠા.
'અરિહંતાણં' = ચિત્તાતીત અવસ્થા, સ્વરૂપમાં અવસ્થાન.
'નમો' એ દ્વાદશાંગનો સાર છે, ચૌદ પૂર્વ ઉદ્ધાર છે,
ધર્મધ્યાનનું મૂળ છે, તેમ યોગવિશુદ્ધિ કાર્ય છે.
ઉપયોગવિશુદ્ધિનું ફળ તે પ્રબળ કારણ છે અને
આત્મધ્યાનનું ફળ તે મૂળ છે.
ધર્મધ્યાન 'નમો' ભાવ પેદા કરે છે,
આત્મધ્યાન નિર્ભયતાનું જનક છે.

कटुकोऽप्येष संसारो जन्मसंस्थितिदानतः ।
मान्यो मे जन्मना येन जिनाराधस्यैव संश्रयात् ॥१॥

- નમસ્કાર માહાત્મ્યમ્ (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

'ૐ અર્હં ।' દ્રવ્ય - પર્યાય.
ૐ વડે શુદ્ધ આત્મદ્રવ્ય તથા અર્હં વડે શુદ્ધ આત્મપર્યાય.
'નાણં તિહિં ગુત્તો ।' શુદ્ધ આત્મદ્રવ્યને
સ્વસંવેદન જ્ઞાન દ્વારા અનુભવનાર અને મૈત્ર્યાદિના

સંવેદન દ્વારા અતિશયયુક્ત 'ૐ અર્હં ।' મંત્ર વડે
તીર્થંકર પદવિનો અનુભવ કરાવનાર
પ્રથમ પરમેષ્ઠિનું સ્મરણ થાય છે.

'અર્હં' પદથી ૮ પ્રાતિહાર્ય, ૩૪ અતિશય, ૩૫ વાણીગુણ
સહિત તથા અપાયાપગમાતિશયાદિ અતિશયોથી યુક્ત છે,
તેનું સ્મરણ ભવને સ્નાન, પાન, ભોજન, વસ્ત્ર,
આભરણ અને દ્રવ્યના દૃષ્ટાંત વડે નિરાલ કરે છે.

(૧) દુષ્કૃતગર્હા એ આત્માનું - મનનું સ્નાન.
(૨) દુષ્કૃતવર્જન એ આત્માનું પાન.
(3) સુકૃતાનુમોદન એ આત્માની લાજ ઢાંકનાર વસ્ત્ર.
(૪) સુકૃતસેવન આત્માની ક્ષુધાદુઃખ ભાંગનાર ભોજન.
(૫) ચતુઃશરણગમન એ આત્મા શોભાવનાર આભૂષણ.
(૬) આત્મસ્વરૂપરમણ એ આત્માનું અખૂટ નિધાન.

સ્નાન વડે પાપમલ જાય, પાન વડે વિષયતૃષા છીપે.

દુષ્કૃતગર્હાનું પ્રયોજન દુષ્કૃતવર્જન છે,
સુકૃતાનુમોદનનું પરિણામ સુકૃતસેવન છે,
ચતુઃશરણગમનનું પ્રયોજન આત્મશરણરમણ છે અને
એ ત્રણેનું અર્થાત દુષ્કૃતવર્જન, સુકૃતસેવન અને
આત્મશરણનું ફળ વીતરાગતા અને સર્વજ્ઞતા છે.

દુષ્કૃતની ગર્હા, સુકૃતોની અનુમોદના અને અરિહંતાદિ ચારનું આજ્ઞાપાલન દ્વારા શરણું - અહીંથી સજ્જ થઈને પ્રભુ પાસે જનારને પ્રભુ તરફથી અનુક્રમે ૩ ભેટણાં મળે છે: પાપમાત્રનું વર્જન, સુકૃતનું મન - વચન - કાયા અને કરવા - કરાવવા - અનુમોદવા વડે સેવન તથા અક્ષય, અખંડ - અભંગ એવા સનાતન આત્મદ્રવ્યનું શરણ.

એ શરણ સર્વ પ્રકારનાં ભયોનું નિવારણ કરે છે. એ શરણથી ભવભ્રમણનો ભય પણ મટી જાય છે તથા આત્માને નિર્ભય, નિરૂપદ્રવ, સ્થિર, અવ્યાબાધ, અનંત, અક્ષય એવા મોક્ષસ્થાનને પમાડે છે.

દુષ્કૃતગર્હાથી રાગદોષ જાય છે,
રાગ પોતાના દોષો ઉપર છે.
સુકૃતાનુમોદનાથી દ્વેષદોષ જાય છે,
દ્વેષ બીજાના ગુણો ઉપર છે.
આજ્ઞાપાલનથી મતિમોહ જાય છે,
મોહ પોતાની મતિ ઉપર છે.

પ્રભુભક્તિની વિધિમાં અહીં નિસીહી વડે ત્રિકરણયોગે પાપનું વર્જન અને ત્રણ પ્રદક્ષિણા વડે ત્રિકરણયોગે સુકૃતનું સેવન કરવાપૂર્વક અહીં ખમાસમણ દઈ ત્રિકરણયોગે

રત્નત્રયીનું આરાધન કરવા માટે
પ્રભુની સ્તુતિ, ગુણગાનાદિ ભાવસ્તવ કરવામાં અને
ભવોભવ પ્રભુના ચરણોની સેવા માગવામાં આવે છે.
પ્રભુચરણોની સેવાના ફળ રૂપે આત્મદર્શન, આત્મબોધ
તથા આત્મરમણતારૂપી નિશ્ચય રત્નત્રયીનો લાભ થાય છે.

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાઽનુમોદયન્ ।
નાથ ! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ॥ ૬ ॥

અર્થ : શરણરહિત એવો હું મારા દુષ્કૃતોની નિંદા કરતો
અને સર્વનાં સુકૃતોની અનુમોદના કરતો
તમારા ચરણોના શરણે આવું છું.

રાજા વગેરેને ભેટવા માટે જવું હોય, ત્યારે લોક શરીરે સ્નાન, સુંદર વસ્ત્ર અને આભૂષણોથી સજ્જ થઈને જવાય છે, તેમ ત્રણ ભુવનના રાજા એવા વીતરાગ પરમાત્માને ભેટવા જતી વખતે સ્નાનના સ્થાને દુષ્કૃતગર્હા અને વસ્ત્રાભૂષણોના સ્થાને સુકૃતાનુમોદના કરવાપૂર્વક જવામાં આવે, તો જ ઉચિત ગણાય. મન-વચન-કાયાથી કરેલાં દુષ્કૃતો જેવા કે નિષિદ્ધ એવા હિંસાદિ પાપોનું આચરણ, વિહિત એવા અહિંસાદિ ધર્માનુષ્ઠાનોની ઉપેક્ષા, જિનવચનમાં અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણાદિ કર્યાં હોય, તે સર્વેની નિંદા -

ગર્હા - પ્રાયશ્ચિત કરી અને રત્નત્રયવિષયક અલ્પ પણ પવિત્રાનું સુકૃત અને માર્ગાનુસારીથી માંડી ૧૪મા ગુણ-સ્થાનક પર્યંતના સર્વ સુકૃતોની અનુમોદના કરી પ્રભુના ચરણોનું શરણ અંગીકાર કરનારને પ્રભુ તરફથી સર્વ-વિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. વળી પાપનું વર્જન, પુણ્યનું સેવન અને પુણ્ય-પાપથી પર એવા શુદ્ધાત્મદ્રવ્યનું શરણ પ્રાપ્ત થાય છે.

## પ્રભુ પાસે મારાં દુષ્કૃતોની નિંદા

અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં
મારા જીવે એકેન્દ્રિયપણાંમાં, વિકલેન્દ્રિયપણાંમાં કે
પંચેન્દ્રિય તિર્યંચ, નારક, મનુષ્ય અને દેવપણાંમાં
જે જે જીવોને પીડા આપી છે,
દુઃખી કર્યા છે, તે સર્વને હું ખમાવું છું,
મારા અપરાધોની ક્ષમા માંગું છું અને
'તેઓ બધા મને ક્ષમા આપો' એમ પ્રાર્થું છું.

એકેન્દ્રિયપણાંની વિવિધ જાતિઓમાં, વિકલેન્દ્રિયપણાંની વિવિધ જાતિઓમાં અને પંચેન્દ્રિયપણાંની વિવિધ યોનિમાં જે જે જીવોને મેં દુભાવ્યા હોય, દુઃખી કર્યા હોય, પીડાઓ આપી હોય, તે સર્વ અપરાધોની ક્ષમા માંગું છું.

હું પ્રાર્થું છું કે તેઓ મને ક્ષમા કરે. ફરીવાર તેવા અપરાધો હું પાછો ફરવા માંગું છું અને ભવિષ્યમાં કદી પણ તેવા અપરાધ હું ન કરું, એવી ભાવના અંતઃકરણપૂર્વક કરું છું. પાપથી પાછો ફરું છું અને ભવિષ્યમાં એ પાપ ન કરવાની પ્રતિજ્ઞા લઉં છું.

અ = ઈશ્વર, ઉ = જીવાત્મા, મ = માયા.

જીવ, જગત, ઈશ્વર - ત્રણેના મળવાથી વિશ્વરચના થઈ છે, ઈશ્વર અને માયાની મધ્યમાં જીવાત્મા છે.

અ + ઉ = ओ + મ = ओं, ઉ + મ = ઉં માયાધીનતા.

અ ને મ માં મળી જાય, તો 'મ' બને છે.

માયામાં ઈશ્વર વ્યાપ્ત છતાં અદૃશ્ય બને છે.

સર્વત્ર ઈશ્વરની વ્યાપકતા આંખથી જોઈ ન શકાય,

પરન્તુ બુદ્ધિથી સમજી શકાય છે.

ओं - વાચક, સચ્ચિદાનંદ - વાચ્ય.

ओं - શબ્દ, સચ્ચિદાનંદ - અર્થ.

'જલ' શબ્દનો અર્થ દ્રવીભૂત શીતલ સ્પર્શવાન પદાર્થ.

'અગ્નિ' શબ્દનો અર્થ ઉષ્ણસ્પર્શયુક્ત તેજોમય પદાર્થ.

તે રીતે 'ओं' શબ્દનો અર્થ 'બ્રહ્મ' વસ્તુ છે.

વાચ્ય - વાચક અને શબ્દ - અર્થનો સંબંધ નિત્ય છે.

જેમ ગુહા - ગુફામાં રહે છે,
તેમ વાચ્ય - વાચકમાં અને અર્થ - શબ્દમાં રહે છે.
વાચક એ ગુફા અને વાચ્ય એ ગુહા.
જળમાં જેમ રસ અને શીતસ્પર્શ તથા
અગ્નિમાં જેમ રૂપ અને ઉષ્ણસ્પર્શ રહેલાં છે, તેમ ૐ
વાચકમાં તેનું વાચ્ય પ્રભુ રહેલ છે, તેનાથી અભિન્ન છે.
નામ - નામીનો અભેદ છે.
ૐ શબ્દ અને ૐ ધ્વનિમાં પરમાત્મા પરિપૂર્ણ છે.
ૐ શબ્દના ઉચ્ચારણ સાથે જ પરમાત્મા પ્રસન્ન થઈ
અને ભક્તને આશીર્વાદ આપે છે.
પ્રણિધાન તથા એકાગ્રતા ભક્તિવિશેષ છે, તેથી
આવર્જિત ઈશ્વર અનુગ્રહ કરે છે. 'अभिध्यान मात्रेण।'
ધ્યાન કરવામાત્રથી સમાધિ આસન્નતમ થાય છે.
प्रणिधानाद् भक्तिविशेषाद् आवर्जित ईश्वरः
तमनुगृह्णात्यभिध्यान - मात्रेण।
तदभिध्यानमात्रादपि योगिन आसन्नतम -
समाधिलाभः समाधि - फलं च भवतीति। भक्तिः
પ્રણિધાન એટલે ભક્તિવિશેષથી અંગીકાર કરાયેલ
ઈશ્વર ભક્ત ઉપર ભાવનારૂપ સંકલ્પથી અનુગ્રહ કરે છે.

તે અભિધ્યાન અર્થાત્ ભાવનારૂપ સંકલ્પથી યોગીને સમાધિલાભ અને સમાધિફલ નિકટતમ - અત્યન્ત શીઘ્ર થઈ જાય છે. ભક્તિવિશેષ અર્થાત્ નિરન્તર ચિન્તનથી ઈશ્વર યોગીજન અથવા ભક્તજન ઉપર કૃપા કરે છે, જેથી યોગીને અસંપ્રજ્ઞાત સમાધિનો લાભ થાય છે.

तस्य आत्मानुग्रहाभावेऽपि भूतानुग्रहः प्रयोजनं ।

યદ્યપિ પરમેશ્વરને જ્ઞાનોપદેશ યા ધર્મોપદેશથી કોઈ સ્વાર્થ નથી, કેમકે પોતે પૂર્ણકામ છે, પરન્તુ જ્ઞાનોપદેશ યા ધર્મોપદેશથી પ્રાણીઓ ઉપર કૃપા કરવી, એ પ્રયોજન છે જ, કેમકે તેમની એ ભાવના અને અભિલાષા રહે છે કે પ્રલયાદિમાં જીવોનો હું ઉદ્ધાર કરું.

એમ ઉલ્લેખ છે કે આદિ વિદ્વાન પરમેશ્વરે
પ્રાણીઓ ઉપર કૃપા કરીને વેદોપદેશ કર્યો.

'ઓં'ના વાચ્ય, નામી યા સંજ્ઞી અર્થાત્
જેના વડે કહી શકાય - સમજાવી શકાય, તે ઈશ્વર છે.
પ્રદીપ - પ્રકાશની જેમ તથા ગુણ - ગુણીની જેમ
આપણો પણ ઈશ્વર સંગાથે નિત્ય સંબંધ છે.
જેના દ્વારા જાણી શકાય તે વાચક અને
જે જાણી શકાય, તે વાચ્ય.

સં. ૨૦૩૦, શુક્રવાર, વૈશાખ વદી ૧૦, તા. ૧૭-૫-૭૪

ૐનો જપ તથા તેના અર્થનું ભાવન-અનુભવન કરવું.
પ્રણવનો જાપ અને એના અર્થનું ચિન્તન-ભાવન-
ચિંતા-ભાવના-વિચારણા કરવાથી સમાધિલાભ થાય છે.
'ભાવન'નો અર્થ આંતરિક અનુભવન કરવો જોઈએ.

ૐનો જાપ અને ૐના અર્થનો
અનુભવ કરવાથી ચિત્તએકાગ્ર થાય છે.
સ્વાધ્યાયથી યોગ અને યોગથી સ્વાધ્યાય.
અહીં 'યોગ'નો અર્થ અનુભવરૂપ ધ્યાન.
જાપથી અનુભવરૂપ ધ્યાન અને
અર્થાનુભવરૂપ ધ્યાનથી ફરી જાપનો અભ્યાસ કરે.
એ રીતે જપરૂપ સ્વાધ્યાય અને અર્થરૂપ ધ્યાનથી
અંતરાત્મામાં પરમાત્મા પ્રકાશમાન થાય છે.
જપથી યોગ અને યોગથી જપ.
જપ શબ્દરૂપ છે અને યોગ શબ્દાર્થના ધ્યાનરૂપ છે.
એ રીતે જપ અને યોગ સિદ્ધ કરવાથી
પરમાત્માનું પૂર્ણ ભાન થાય છે.
ઈશ્વરપ્રણિધાનથી પુરુષનો સાક્ષાત્કાર અને
સર્વ વિઘ્નોનું નિવારણ થાય છે.

એમ ઈશ્વરપ્રણિધાન પ્રસન્ન અને નિર્વિકાર છે, તેમ
જે બુદ્ધિનો પ્રતિસંવેદન કરનાર અહિત
અનુભવ કરવાવાળો આત્મા છે,
તેને પોતાના આત્મરૂપનો-સ્વસ્વરૂપનો બોધ થાય છે,
તેમાં અંતરાય કરનાર અહિત યોગસાધનામાં ચિત્તને
વિક્ષેપ કરનાર મળ યા વિરોધ વિઘ્નોનો ક્ષય ઉપરાંત
ઈશ્વરનું જેવું સર્વવ્યાપક અને આનંદમય સ્વરૂપ છે,
તેવું સ્પષ્ટ દર્શન તથા યથાર્થ લાભ થાય છે.

'ॐ અર્હં નમઃ' મંત્રમાં...

ॐ = પર્યાયમુક્ત શુદ્ધ આત્મદ્રવ્ય.
અર્હં = પર્યાયયુક્ત શુદ્ધાત્મ દ્રવ્ય.
નમઃ = દ્રવ્ય-પર્યાય વિનિર્મુક્ત શુદ્ધાત્માનુભૂતિ.

'ॐ અર્હં નમઃ ।' પવિત્ર મંત્ર
અહીં પદ તથા પાંચ વર્ણનો છે.
તે જીવાત્મા અને પરમાત્માનું
અદ્ભુત મિલન કરાવનારો વિશુદ્ધ મંત્ર છે.

ગર્હા - ॐ = પાપરહિત પરમાત્મા.
અનુમોદના - અર્હં = પુણ્યસહિત પરમાત્મા.
શરણાગતિ - નમઃ = ચિન્મયાનંદ નિજ શુદ્ધાત્મા.

## 'ॐ अर्हं नमः ।' મંત્રનું માહાત્મ્ય

શરીરને નિર્વાહ માટે જેમ સ્નાન - પાન,
વસ્ત્ર - ભોજન, આભરણ - દ્રવ્યની જરૂર છે, તેમ
શરીરથી ભિન્ન આત્મતત્ત્વને પણ પોતાના ટકાવ માટે
સ્નાનની જગ્યાએ પાપમલની ગર્હાની અને
પાનની જગ્યાએ પાપવર્જનની ક્રિયાની જરૂર છે.
આત્માને વસ્ત્રના સ્થાને સુકૃતાનુમોદન અને
ભોજનની જગ્યાએ સુકૃતના આસેવનની જરૂર છે.
આત્માના આભરણના સ્થાને
અરિહંતાદિ શુદ્ધાત્મ સ્વરૂપના આશ્રયની અને દ્રવ્યના
સ્થાને નિજ શુદ્ધાત્મ દ્રવ્યના શરણાની આવશ્યકતા છે.

### 'ॐ अर्हं नमः ।' મંત્રમાં...

'ॐ' શબ્દ ક્લેશ - કર્મ - વિપાક - આશયાદિથી રહિત
શુદ્ધ સ્વરૂપી પાપમલરહિત અવસ્થાવાન્ આત્મતત્ત્વ છે.
'अर्हं' શબ્દ સર્વ પ્રકારના સુકૃતભંડારરૂપ, ગુણગણમણિથી
શોભાયમાન, પરોપકારનિધિ રૂપ શુદ્ધ આત્મસ્વરૂપ છે.
'નમઃ' શબ્દ અક્ષય - અનંત - કાળવર્તી,
અનાદિ - અનંત અને લોકાલોકવ્યાપી જ્ઞાનાનંદસ્વરૂપ
નિજ શુદ્ધ આત્મદ્રવ્યના શરણાને દર્શાવનાર છે.

એ રીતે અહીં પદ અને પાંચ અક્ષરનો આ મહામંત્ર
આરાધનાનાં અહીં અંગો અને તેના ફળસ્વરૂપ
આરાધનાની અહીં શુદ્ધિ અને પૂર્ણ અવસ્થાઓનો વાચક
જાણીને સાધકને સાધનાની સિદ્ધિ કરવા અપૂર્વ રત્નની
ગરજ સારી અચિન્ત્ય ચિન્તામણિ, અપૂર્વ કલ્પવૃક્ષ
અને અદ્વિતીય કામધેનુની ઉપમાને સાર્થક કરે છે.
'ૐ અર્હં' એટલે નિર્ગ્રન્થ પ્રવચનનો સાર - નવનીત.
તે વડે અર્હદાકાર ઉપયોગ એ મધ્યમા વાણી, ઉપયોગાદિ
અભિન્ન પરમાત્માકાર આત્મા એ પશ્યંતી વાણી
તથા પરમાત્માકાર આત્મામાં લીનતા એ પરાવાણી છે.
પરાવાણીનું ફળ પરમાત્મપદ છે.
અર્હદાકાર ઉપયોગાદિ અભિન્ન પરમાત્માકાર આત્મા.
પરમાત્માકાર આત્માદિ અભિન્ન સ્વાત્માનું ધ્યાન એ
પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનું અસાધારણ કારણ છે.
અહીં વર્ણવેલા અદ્ભુત 'ૐ અર્હં' મંત્રનું કાર્ય
આ મંત્ર ઉત્કૃષ્ટ ધ્યાનશુદ્ધિ કરાવી સ્વાત્માદિ અભિન્ન
અને આત્યન્તિક સુખાનુભૂતિ કરાવે છે. કહ્યું છે કે:
एतेनाद्भुतमंत्रेण ध्यानशुद्धिः पराभवेत् ।
आत्यन्तिकं सुखं स्वात्मजं च सिद्धगुणाष्टकम् ॥

'ॐ અર્હં' આ ત્રણ અક્ષરના અદ્ભુત મંત્રમાં સિદ્ધમાં
રહેલાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અક્ષયસ્થિતિ
તથા અવ્યાબાધપદ મેળવી આપવાનું સામર્થ્ય રહેલું છે.

શબ્દની શક્તિ અચિન્ત્ય છે.

શબ્દમાં અર્થબોધ કરાવવાનું સ્વાભાવિક સામર્થ્ય છે.
સંકેતને અનુસાર અર્થબોધનું કારણ તે બને છે.
કહ્યું છે કે: સ્વાભાવિકસામર્થ્ય - સંકેતાભ્યામર્થ-
બોધનિબન્ધનં શબ્દઃ ।

અર્થજ્ઞાન તે અર્થાકાર ઉપયોગ છે.

ઉપયોગથી આત્મા અભિન્ન છે, તેથી પરમાત્મવાચક
શબ્દ દ્વારા પરમાત્માકારોપયોગ અને એ ઉપયોગથી
અભિન્ન પરમાત્માકાર આત્મા ભાવાત્ બને છે. શુદ્ધ
દ્રવ્યગુણપર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણે (શીઘ્ર) રે.

વાસના રૂપ અહં છે, ભાવના રૂપ અર્હં છે.

વાસના ષડ્રિપુઓને વશ છે, જ્યારે
ભાવના રૂપ ષડ્રિપુઓની પ્રતિપક્ષી છે. ભાવનાઓમાં
સર્વ પ્રત્યેની સદ્ભાવના મુખ્ય છે. 'હે કલ્યાણકારી
પરમાત્મા, જગતના સર્વ દુઃખીઓના દુઃખને દૂર કરો.'
આ સદ્ભાવનામાં ભક્તિ અને શ્રદ્ધા પણ અનુસ્યૂત છે.

'ભગવાન સર્વ જીવોના દુઃખ દૂર કરે'
એવી સદ્ભાવનામાં જ આરાધના રહેલી છે અને
એ જ કામ - ક્રોધાદિ ષડ્રિપુઓનો સાચો પ્રતિકાર છે.
મનને કાબુમાં રાખવાનું સાચું સાધન કયું ? નામસ્મરણ.
પ્રભુનામનું સદા સ્મરણ એ જ એક પરમ સાધન છે.
કર્તાપણાનો સંપૂર્ણ અભાવ = સંપૂર્ણ શરણાગતિભાવ.
કર્તાપણાના અભાવમાં અહંનો અભાવ હોય છે.

અહં ન હોય, ત્યારે કેવી સ્થિતિ હોય?

મનનું કોઈપણ પ્રકારનું હલનચલન હોતું નથી, ચાંચલ્યનો
અભાવ તથા કાળ - સ્થળનો અનુભવ પણ હોતો નથી.
તે સમયે કશું જ હોતું નથી, માત્ર એક હોવાપણું હોય છે,
જે સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોય છે.
આવી સ્થિતિ હોય, ત્યારે જ પરમતત્ત્વ અનુભવાય છે.

એક વિષચક્ર અને તેનો ઉપાય

મન પરમાત્મામાં પરોવાય નહિ, ત્યાં સુધી વાસના
જાય નહિ અને વાસના જાય નહિ, ત્યાં સુધી મન
પરમનું દર્શન કરી શકે નહિ. આ વિષચક્રને કેમ તોડવું?
આનો મુખ્ય ઉપાય છે : નિરાહજાગૃતિ.
નિરિચ્છ અનુભૂતિથી આ વિષચક્ર ખંડિત થાય છે.

વિવેકપૂર્વક મનના દ્રષ્ટા બની જઈએ છીએ, ત્યારે
તે ધીરગંભીર બની જાય છે. મન નિશ્ચલ થતાં તે
આપોઆપ આવે છે અને પરમાનંદનો અનુભવ થાય છે.
'નમો' એ આધ્યાત્મિક ભૂખ ઉઘાડવાની ક્રિયા છે.

'અરિહંતાણં ।' પદ વડે તે ભૂખ ભાગે છે.

ધર્મની ભૂખ કર્મના વિચારથી ઉઘડે છે, ધર્મના સ્વામી
શ્રી તીર્થંકર ભગવંતોના ધ્યાનથી ધર્મની ભૂખ સંતોષાય છે.

અજીર્ણથી જેમ દેહની ભૂખ મરી જાય છે,
તેમ કર્મના અજીર્ણથી ધર્મની ભૂખ મરી જાય છે.
લંઘનથી જેમ દેહનું અજીર્ણ ટળી જાય છે,
તેમ અહિંસા, સંયમ અને તપરૂપી
ધર્મના સેવનથી કર્મનું અજીર્ણ ટળે છે અને
ધર્મની ભૂખ ઉઘડે છે. તેનું નામ ધર્મના માલિક પંચ-
પરમેષ્ઠિઓ પ્રત્યે નમનનો ભાવ છે. એ નમ્રતાપૂર્વક ધર્યું
પંચ પરમેષ્ઠિઓનું ધ્યાન આધ્યાત્મિક ભોજન બનીને
આત્મદેહનું તર્પણ કરે છે, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ કરે છે.
'ૐ અર્હં'ના ધ્યાનપૂર્વક 'નમો અરિહંતાણં ।' પદનો
જાપ એ સર્વ શ્રુતનો સાર છે. એમાં ધર્મવિજ્ઞાન,
કર્મવિજ્ઞાન તથા આત્મવિજ્ઞાનના સર્વસ્વનો સંગ્રહ છે.

## 'ॐ અર્હં।' મંત્રનું માહાત્મ્ય

આત્માને પરમાત્મા બનાવવાની કુંચી 'ॐ અર્હં।' છે.
આ અર્હં અક્ષરી નિર્ગ્રન્થ પ્રવચન છે, તે જ અર્થ
અને પરમાર્થ છે, તે સિવાય બધું અનર્થરૂપ છે.
એ અર્હં અક્ષરીનું ઉચ્ચારણ વૈખરી વડે થાય છે,
તેમાંથી 'અર્હદાકાર ઉપયોગ' રૂપ મધ્યમા પ્રગટે છે, એમાંથી
'ઉપયોગાકાર આત્મા' રૂપી પશ્યંતી અને 'આત્માકાર
પરમાત્મા'ની અનુભૂતિરૂપી પરાવાણીનો સાક્ષાત્કાર થાય છે.
'અર્હં' એ નિર્ગ્રન્થ પ્રવચનરૂપી ચૌદ પૂર્વનો સાર છે,
'અર્હદાકાર ઉપયોગ' એ અર્થ - વિચારાત્મક વાણી છે,
'ઉપયોગાકાર આત્મા' એ પરમાર્થ - પશ્યંતીરૂપી વાણી છે.

'ॐ અર્હં' એ મંત્ર પરમાત્માનો નામમંત્ર છે.
તેનું રટણ - મનન - ચિન્તન અને ધ્યાન કરનારના
આત્માને તે પરમાત્મસ્વરૂપ બનાવે છે.

તેમાં પદસ્થાદિ ચારે પ્રકારનાં ધ્યાન રહેલાં છે.
'ॐ' વડે પંચ પરમેષ્ઠિ અને 'અર્હં' વડે પ્રથમ પરમેષ્ઠિનું
સ્મરણ - કીર્તન - સ્તવના વગેરે થાય છે, તે દ્વારા
તેમના રૂપ અને ગુણોનું ગાન તથા ધ્યાન થાય છે,
તે અનુક્રમે રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન છે.

## શુભ ધ્યાન દ્વારા અવ્યાબાધ સુખનો અનુભવ

દેહના ભ્રૂકુટિ સ્થાન પર ધ્યાનમુદ્રા બાંધવી, તે પિંડસ્થ છે.
આ ધ્યાનથી આજ્ઞાપાલન થાય, તે આજ્ઞાવિચય છે.
આજ્ઞાપાલન વડે રાગાદિ દોષ શમે, તે અપાયવિચય છે.
રાગાદિના શમવા દ્વારા અશુભ કર્મનો ક્ષય થાય છે
તથા શુભકર્મનો ઉદય થાય છે, તે વિપાકવિચય છે.
પરિણામે ધ્યાનબળ વધતું જાય છે, ત્યારે ધર્મધ્યાનથી
શુક્લધ્યાન ઉપર ચઢી જાય અષ્ટવિધ કર્મનો ક્ષય કરીને
લોકના મસ્તક ભાગે સિદ્ધશિલા ઉપર સાદિ અનંતકાળ
સુધી અવ્યાબાધ સુખનો અનુભવ કરાવનાર પરમપદની
જે પ્રાપ્તિ કરે, તેને સંસ્થાનવિચય ધર્મધ્યાન કહે છે.

આજ્ઞાવિચયાદિ શુભ ધ્યાનો દ્વારા
આર્ત્ત - રૌદ્ર આદિ અશુભ ધ્યાનો વિલીન થાય છે,
તેમાં આજ્ઞાવિચયાદિનું ધ્યાન
રૌદ્ર પરિણામોને રોકે છે અને દ્વેષભાવ ટાળે છે.
શુભધ્યાનો આર્તધ્યાન - રાગભાવ - મોહભાવને ટાળે છે.

તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે
આજ્ઞાવિચયાદિ અને તેની સ્થિરતા તથા
દૃઢતા માટે પિંડસ્થાદિ ધ્યાનો ઉપયોગી નીવડે છે.

ધ્યાન એજ દ્વાદશાંગનો સાર છે.

ધ્યાન એ ઇચ્છાનિરોધરૂપ અભ્યંતર તપ છે.
બાહ્યતપ વડે આહાર આદિ બાહ્ય વસ્તુઓની ઇચ્છા
રોકાય છે, ધ્યાન અને કાયોત્સર્ગ વગેરે અભ્યંતર
તપ દ્વારા બાહ્યાંતર પરિગ્રહની ઇચ્છા નાશ પામે છે.
જ્યાં ધ્યાન, ત્યાં સ્વાધ્યાય અને જ્યાં સ્વાધ્યાય,
ત્યાં પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચાદિ હોય જ છે, તેથી
સંસાર અને કષાય ઉત્પત્તિનો નિરોધ થાય છે.
એવા અનંત અનંત ગુણને આપનારું
'ૐ અર્હં' મંત્રનું ધ્યાન છે.

ઈશ્વરનું સર્વોત્તમ નામ - 'ૐકાર'

'ૐકાર' દ્વારા ભગવાનમાં રહેલી
સમસ્ત શક્તિઓનું જ્ઞાન થાય છે.
સર્વ ગુણોના આગાર, સર્વજ્ઞ, સર્વદર્શી,
સર્વ દુઃખવિમુક્ત ઈશ્વર - તે ઓંકારના વાચ્ય છે.
એમાં સાકાર - નિરાકાર ઈશ્વર અને
સર્વ સદ્ગુરુઓનો સમાવેશ થઈ જાય છે.
આપ્તપુરુષ, દીર્ઘદર્શી, ત્રિલોકના મહાજનની મૂર્તિ -
તે ઓંકારના વાચ્ય પરમેષ્ઠિ ભગવંત છે.

ॐ એ શબ્દબ્રહ્મ છે, 'અર્હં' એ અર્ધમાત્રા છે અને
'સોઽહં' એ સુકૃતાનુમોદન છે.

'દાસોઽહં' શબ્દથી દુષ્કૃતગર્હા છે, તેથી ઉત્પન્ન થયેલો
મંત્ર 'દાસોઽહં સોઽહં ઓં અર્હં |' આઠ અક્ષરનો બને છે.
શ્રી અરિહંત પરમાત્મા કહે છે તે મને સર્વાંશ માન્ય છે:
'આત્મતત્ત્વનો હું દાસ છું, અંશ છું, તેનાથી અભિન્ન છું.'
જિનપ્રતિમા = ધ્યાનનું આલંબન, સ્વરૂપનું કારણ છે.
'અર્હં' મંત્રની રચના બે પ્રકારે: બહિરંગ તથા અંતરંગ.

બહિરંગ અર્હં મંત્રની પાંચ સ્થિતિઓ છે:

અ + ર્ + હ + બિંદુ + નાદ = અર્હં.

અંતરંગ રચના પરમસત્તા પરમેશ્વરના અનંત ચતુષ્ટય-
જ્ઞાન, દર્શન, શક્તિ અને આનંદનું પ્રતીક છે.
આજ્ઞાચક્ર તૃતીય નેત્ર છે, તેને 'જ્ઞાનચક્ષુ' પણ કહે છે.
અંતર્જગતમાં પ્રવેશ કરવાનું તે દ્વાર છે.

પ્રત્યેક મંત્રના ત્રણ વિભાગ હોય છે:
(૧) પ્રતીક (૨) આકૃતિ (૩) ધ્વનિ.

મંત્રના ઉચ્ચારણથી મનમાં તેના પ્રતીકનું ચિત્રણ અને
તેના પરની ભાવના પ્રકટ થવા લાગે છે, એથી મંત્ર
શક્તિસંપન્ન બની મંત્રપ્રયોક્તાનું કાર્ય નિષ્પન્ન થાય છે.

અર્હંમાં 'ર' એ અગ્નિબીજ અને શક્તિનો સંકેત છે
તથા 'હ' એ આંતરધ્વનિનું પ્રતીક છે.
બિંદુ + નાદ = સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ તરંગોનાં પ્રતીકો છે.
અર્હંનો 'અ' કાર એ અમૃતમય - સુખમય છે,
'ર' કાર એ રત્નત્રયને સંકલિત કરે છે અને
'હ' કાર એ મોહ સહિત કર્મનો નાશ કરે છે.
અર્હંનો દીર્ઘ ધ્વનિ વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ સર્જે છે,
જેથી વ્યક્તિ વિચારશૂન્ય, શરીરશૂન્ય, મનઃશૂન્યની
સ્થિતિ મેળવીને ધ્યાનમાં ઉપસ્થિત થઈ જાય છે.
'હ'ના ઉચ્ચારણથી હૃદયચક્ર અને વિશુદ્ધિચક્ર ભેદાય છે.
બિંદુથી વિશુદ્ધ અને આજ્ઞાચક્ર તથા નાદથી આજ્ઞા અને
સહસ્રારચક્ર ઉપર વિશિષ્ટ ક્રિયાઓ થાય છે અને તે
દ્વારા શક્તિને અભિવ્યક્ત થવાનો અવકાશ મળે છે.
સ્થૂળ ઉચ્ચારણમાં 'અ'ની એક માત્રા, 'ર'ની બે માત્રા
તથા 'હ'ની ત્રણ માત્રા, બિન્દુની અર્ધમાત્રા અને
નાદની અર્ધથી પણ ન્યૂન માત્રા હોય છે.
સૂક્ષ્મ ઉચ્ચારણમાં એ પાંચે સ્થિતિ આંતરમાં સૂક્ષ્મ
થતી થતી બહાર નીકળે છે. અતિસૂક્ષ્મ ધ્વનિ કેવળ
માનસિક - ભાવાત્મક હોય, જે આંતરગ્રન્થિઓને ભેદવામાં
અત્યંત શક્તિશાળી હોય છે.

અર્હન્ ભૂમિરૂપે, સિદ્ધ આકાશરૂપે, સૂરિ અગ્નિરૂપે,
ઉપાધ્યાય જલરૂપે અને સાધુ વાયુરૂપે છે.

ધર્મધ્યાનનું પદ પૃથ્વી છે,
શુક્લધ્યાનનું સ્થાન જલ તથા આકાશ છે,
આર્તધ્યાનનું પદ અગ્નિ, રૌદ્રધ્યાનનું સ્થાન વાયુ છે.

કલા = વક્ર રેખા, નાદ = સરલ રેખા,
બિંદુ = મકાર - બિંદુ અને કલારૂપ નાદ.

નાભિકમલનો પહેલો વર્ણ, લલાટકમલનો છેલ્લો વર્ણ
અને હૃદયકમલનો વચલો વર્ણ મળીને
अ + ह + म - ઊર્ધ્વાધઃ રેફ રત્નત્રયવાચક છે.

રત્નત્રય = જિનસ્થાનનું મૂળ સ્થાન

આત્માને પરમાત્મા બનાવનાર રત્નત્રય હોવાથી તેને
'જિનસ્થાનનું મૂળ સ્થાન' કહેવાય છે.

सकृदुच्चारितो येन, मंत्रोऽयं वा स्थिरीकृतः ।
हृदि तेनाऽपवर्गाय, पाथेयं स्वीकृतं परं ॥१॥
यदैवैष महामन्त्रश्चित्ते, धत्ते स्थितिं मुनेः ।
तदैव कर्मसन्तानप्रारोहः प्रविशीर्यते ॥२॥
मत्वेतीदं महत्तत्त्वमर्हन्नाम्नोद्भवं बुधाः ।
विश्वकल्याणतीर्थेशं आद्यं ध्यायन्तु मुक्तये ॥३॥

(પરિશિષ્ટ-૨)

હુંકાર હટાવવાનું સાધન ૐકાર બને છે.

તમામ પાપો અને અશાંતિનું મૂળ 'હુંકાર - અહંતાગ્રંથિ છે.

અહંવૃત્તિ જેટલી દૃઢ, તેટલો મનુષ્ય વધુ અશાંત, દુઃખી.

અહં મંદ પડતો જાય, તેટલો તે ઊંચો આવતો જાય.

'હું'પણું સંપૂર્ણ ઓગળી જાય,

ત્યારે જ પ્રભુદર્શનની પરમ સિદ્ધિ સાંપડે છે.

પારસાધક 'હું'ને ઠાર કરીને વાજબી રીતે અભય વધે.

સકલ વિશ્વમાં અને તેના પ્રભુ પર

એક માત્ર પરમાત્મા જ અસ્તિત્વ ધરાવે છે.

આ પરમતત્ત્વથી ભિન્ન એવો 'હું'કાર મિથ્યા છે, છતાં

'હું કરું છું' અને 'મેં કર્યું' એવો બકવાદ કરીને મનુષ્ય

બડાઈ મારતો ફરે છે. ગાડા નીચે ચાલતું કૂતરું એના મનમાં

એમ જ સમજે : ગાડાનો ભાર ઊંચકીને તે ચાલી રહ્યું છે,

અહંવૃત્તિને લીધે મનુષ્ય પણ આવું જ માને છે.

સૂર્ય અને ચંદ્રને ગ્રસનાર રાહુથી પણ વિશેષ ભયંકર

આત્માને ગ્રસનાર 'હું' રૂપી ભયંકર રાહુ છે.

જ્યાં સુધી અહંનો કાળો પર્વત આડો પડ્યો હોય,

ત્યાં સુધી આત્મજ્ઞાનનો પ્રકાશ મનુષ્યને સાંપડતો નથી.

'હું'કાર હટાઈ જતાં ઓંકાર સક્રિય બને છે.

‘હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે.’

અહંરૂપી મૂળ નષ્ટ થતાં કામ-ક્રોધાદિ વિષફળો ધરાવતું
ષડ્‌રિપુઓનું વિષવૃક્ષ ધરાશાયી બને છે.

અપવિત્ર વ્યક્તિનું દાન એ દાન નહિ પરંતુ નર્યો
વાસનાવિલાસ છે, ભક્તિ એ ભક્તિ નહિ, નર્યો દંભ છે,
કર્મ એ કર્મયોગ નહિ પરંતુ માત્ર શારીરિક ચેષ્ટા છે.
દંભ દ્વારા આખી યે દુનિયાને છેતરી શકાય, પરન્તુ
હૃદયકમળમાં બિરાજમાન પરમાત્માના પ્રતિનિધિ જેવા
અંતરાત્માને છેતરી નહીં જ શકાય.

અજ્ઞાનનું મૂળ અહંકૃતિ છે અને તે કંચન (લોભ) તથા
કામની અથવા કામ - એ બેથી પોષાય છે,
તેથી અહંકૃતિથી છૂટવા માટે તે બેનો સંગ ત્યાજ્ય છે.

## શૂન્યમાંથી સર્જન

શક્તિ કોઈ વ્યક્તિમાં નહિ પરંતુ સંઘમાં - સમૂહમાં છે.
અનેક સળીઓથી ગૂંથિત સાવરણી કચરાને કાઢે, જ્યારે
છૂટી પડેલ તે જ સળીઓ સ્વયં કચરારૂપ બની જાય છે.
એકડે ચડતે એકડા. એકડા ઉપર જેટલા મીંડાં ચડે,
તેટલા દશ ગણી સંખ્યા વધે છે.

'અર્હં' એકડો છે, તેના ધ્યાન - સ્મરણમાં
જે લીન થાય અને પોતાને વિસરી જાય, તે
પુણ્યાનુબંધી પુણ્ય તથા ઉત્તમ ગુણોનો સર્જક બને છે.

એકડામાં સમાઈ જવું,
તે શૂન્યમાંથી સર્જન કરવાની કળા છે.

'અર્હં' પદની પ્રાપ્તિ જેઓએ કરી છે, કરે છે અને કરશે,
તેઓ પ્રથમ અર્હંની આરાધના વડે જ તે પદને પામી
શક્યા છે. એકડો એટલે સંઘ. સંઘ એ મુખ્ય છે.
તેની સેવા - ભક્તિ એ સર્જક છે.

એકડા નિરપેક્ષ શૂન્યોનું જેમ કાંઈ મૂલ્ય નથી, તેમ
સંઘ નિરપેક્ષ વ્યક્તિની સાધના પણ શૂન્ય મૂલ્યવાળી છે.
બીજ પણ વૃક્ષનું સર્જન તો જ કરી શકે કે
પોતાને ભૂમિમાં વિલીન કરી દે, ગોપવી દે.

## પરાક્રમ અને સમુત્થાન

ૐ એ પરાક્રમ છે, અર્હં એ સમુત્થાન છે.
પરાક્રમ વડે આર્ત - રૌદ્ર ધ્યાનથી છૂટાય છે,
સમુત્થાન વડે ધર્મ - શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરાય છે.
પરાક્રમ એ વિભાવમાંથી મુક્ત થવાનો પ્રયત્ન છે અને
સમુત્થાન એ સ્વભાવરમણતાનો પ્રયત્ન છે.

## ૧૬ ૫/૭૪, મહાવીરજી, વૈ. વ. ૧૦/૨, ગુરુવાર

જ્યાં ચાહ છે, ત્યાં રાહ પણ આપોઆપ મળી જાય છે.

વીતરાગતા, નિર્મોહિતા, જાગરૂકતા, અપ્રમત્તતા તથા વીતદ્વેષતાની સાધનામાં દૃષ્ટાભાવ-સાક્ષીભાવ મુખ્ય છે.

અપ્પા દીવો ભવ | સંપિક્ખએ અપ્પગમપ્પએણં |

આત્માને આત્મા વડે જુઓ, આત્માને દીપ બનાવો.

શ્રદ્ધાનું નિર્માણ કેવળ ઉપદેશથી નહિ પણ અનુભવથી થાય છે અને અનુભવ પ્રયોગ માંગે છે.

જે કરશે, તે ભરશે.

મરણ એક ઘટના છે અને જો તે અનિવાર્ય છે, તો તે સમયે દૃઢ મનોબળનો પરિચય કરાવવો જોઈએ.

આ નવકાર મહામંત્રનું આટલું માહાત્મ્ય કેમ?

Imp. નવકારની છૂટી ૫૦) માળા રોજ ગણે, તો સાડા પાંચ વર્ષે એક ક્રોડનો જાપ થાય અને બાંધી ૬ માળા ગણે તો પાંચ વર્ષે એક ક્રોડનો જાપ થાય.

'નમો અરિહંતાણં |' પદમાં

નમો = મૌન, અરિહંતાણં = ધ્યાન. મૌન વડે ધ્યાન.

ધ્યાન ચાર પ્રકારે : અપાયાપગમાતિશય, પૂજાતિશય, વચનાતિશય અને જ્ઞાનાતિશય.

# નમનના ચાર પ્રકાર

દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન.
નમનની પરિપક્વતા દુષ્કૃતગર્હાદિ દ્વારા થાય છે અને
ધ્યાનની પરિપક્વતા અપાયાપગમાતિશય વગેરે
અતિશયોના ચિન્તન વડે થાય છે.
અપાયાપગમાતિશય એ નમનના પ્રકર્ષનું ફળ છે,
પૂજાતિશય એ પ્રમોદના પ્રકર્ષનું પરિણામ છે,
વચનાતિશય એ કરુણાના પ્રકર્ષનું ફળ છે અને
જ્ઞાનાતિશય એ માધ્યસ્થ્યના પ્રકર્ષનું પરિણામ છે.
૪ ભાવનાના પ્રકર્ષ વડે ૪ અતિશયોની પ્રાપ્તિ થાય
તથા ચાર અતિશયો દ્વારા ચતુર્મુખે ચાર પ્રકારના
ધર્મની દેશના અને ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે.
તે દ્વારા ચતુર્ગતિનો અંત કરાય છે, તેથી
અરિહંતાદિ પરમેષ્ઠિઓનું નમન વડે પ્રકૃષ્ટ ધ્યાન
જે મંત્ર વડે થાય છે, તે મંત્ર મહામંત્ર છે, જે
સર્વ પ્રકારના સત્મંત્રોનું બીજ બને છે અને
સર્વ પ્રકારની વિદ્યાઓનું ઉત્પત્તિ સ્થાન બને છે.
'નમો અરિહંતાણં ।' એ ૭ અક્ષરોનો મંત્ર ૭ ભયોનું
નિવારણ કરે છે અને અભયપદનું પ્રદાન કરે છે.

## નમસ્કાર એટલે...

હાથ, પગ, મસ્તકાદિના સંયોગ વડે પોતાની ન્યૂન દશાને પ્રકટ કરવાવાળો એક પ્રકારનો વ્યાપાર - ચેષ્ટાવિશેષ.

નમસ્કારો નતિકરણમુચ્યતે । તત્તુ કરશિરઃ-
સંયોગાદિસ્વાપકર્ષબોધાનુકૂલ - વ્યાપાર - વિશેષઃ ।
સ્વાપકર્ષ - બોધકવ્યાપાર - વિશેષઃ ।

નમન ક્રિયાનું નામ નમસ્કાર છે. એના દ્વારા નમસ્કાર્યની સન્મુખ પોતાની હીનતા, ન્યૂનતા, નમ્રતા પ્રકટ કરાય છે. એ નમ્રતા પ્રકટ કરવાની ક્રિયાનું નામ 'નમસ્કાર' છે.

## નમસ્કારાવરણીયકર્મ એટલે...

નમસ્કાર રૂપ સમ્યગ્ જ્ઞાનને આવરનાર કર્મ.

## દ્રવ્યસંકોચ, ભાવસંકોચ અને ઉભય સંકોચ

દ્રવ્યસંકોચ = હાથ, પગ, મસ્તકાદિનો સંકોચ.
ભાવસંકોચ = અર્હદાદિના ગુણોમાં વિશુદ્ધ મનનો પ્રવેશ.
અનુત્તર સુરાદિને ભાવસંકોચ છે પણ દ્રવ્યસંકોચ નથી.
અભવ્યાદિ મિથ્યાદૃષ્ટિ જીવોને દ્રવ્યસંકોચ હોય, તો પણ તેઓને ભાવસંકોચ નથી.
શાંબકુમાર આદિને ઉભય સંકોચ છે.
સ્વરૂપનું જ્ઞાન તે નિર્દેશ છે.

શ્રાવકને ૭ ચૈત્યવંદન પૂરા કરવા માટે
સીમંધર સ્વામી વિદ્યમાન - વિચરતાં ભગવાન છે,
અને શત્રુંજય સર્વ તીર્થોમાં શિરોમણિભૂત છે,
તેથી સીમંધરસ્વામી અને સિદ્ધાચલના જે વિશિષ્ટ છે.
જે ચૈત્યવંદન તે, ત્રિકાળ જિનમંદિરે અને
સવારે જગચિંતામણિ અને સાંજે ચઉક્કસાયનું -
એમ કુલ ચૈત્યવંદન ૭ છે. 'સુઅસ્સ ભગવઓ |'
યશ, મહિમાદિ યુક્ત શ્રુતભગવંતના વંદનાદિ નિમિત્તે.
કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્તસ્વરૂપ - પચ્ચક્ખાણ ગુણધારણાર્થે છે.
સમ્યગ્દૃષ્ટિ દેવ પણ શાંતિ અને સમાધિના પ્રેરક છે.
પ્રણિધાન યાને સંકલ્પપૂર્વકનાં અનુષ્ઠાન ફળે છે.
મંથનથી નવનીત પ્રકટ થાય છે.
કુંડલિની જાગરણ સહજ ભાવે થાય, તે બરોબર છે.
એને પ્રબુદ્ધ કરવાનો પ્રયત્ન થાય છે, તે યોગ્ય નથી.
જાગરણ એ જુદી વાત છે, પ્રબુદ્ધ થવું એ જુદી વાત છે
અને મનથી પર થવું, એ સાચો માર્ગ છે.
સાધના જ્યારે સ્વભાવરૂપે પરિણમે છે,
ત્યારે એમાં લોકોપકારકપણું આપોઆપ આવી જાય છે.
ઉપાસનામાં દૃષ્ટિ અને અપેક્ષા મોટો ભાગ ભજવે છે.

## ચાર ભાવનાથી શું થાય?

अरि + हं + ताणं । એ પાંચ અક્ષરોમાં
અપાયાપગમાદિ ચાર અતિશયો અને તેના કારણભૂત
મૈત્ર્યાદિ ચાર પ્રકૃષ્ટ ભાવનાઓ અંતર્ગત થઈ જાય છે.
પ્રભુના યોગાત્મસ્વરૂપ માટે શ્રી વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે:

मैत्री पवित्रपात्राय, मुदिता मोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्ष्याय, तुभ्यं योगात्मने नमः ॥

મૈત્રીનો પ્રકર્ષ અપાયાપગમાતિશયરૂપે,
પ્રમોદનો પ્રકર્ષ પૂજાતિશયરૂપે,
કરુણાનો પ્રકર્ષ વચનાતિશયરૂપે અને
માધ્યસ્થ્યનો પ્રકર્ષ જ્ઞાનાતિશયરૂપે અભિવ્યક્ત થાય છે.
મૈત્રીથી દુષ્કૃતવર્જન, પ્રમોદથી સુકૃતસેવન અને
કરુણાયુક્ત માધ્યસ્થ્યથી આત્મદ્રવ્યનું શરણ થતું હોવાથી
દોષરહિતતા, સર્વ ગુણસહિતતા અને
સ્વરૂપરમણતાનું અવ્યાબાધ સુખ અનુભવાય છે.
તીર્થંકરોના આત્માનું વિશિષ્ટ તથાભવ્યત્વ
સર્વોત્કૃષ્ટ હોવાથી તીર્થંકર નામકર્મની પુણ્ય પ્રકૃતિનો
વિપાકોદય અનુભવી મોક્ષે જાય છે, તેથી
વિશ્વોપકાર પણ તેમનાથી અદ્ભુત થાય છે.

નમસ્કાર સ્વાપકર્ષ બોધક છે. અપકર્ષના ૩ અવચ્છેદક:
હું પાપી છું, પુણ્યહીન છું, અસહાય છું, તેથી પાપથી છૂટવા
માગું છું, પુણ્યનો સંચય કરવા ઇચ્છું છું, મુક્તિમાર્ગમાં
સહાયને ઇચ્છું છું. શરણાદિ પરિભાષામાં દુષ્કૃતને ગર્હું છું,
સુકૃતને અનુમોદું છું અને સમર્થને શરણે જાઉં છું.
એ રીતે પોતાની ન્યૂનતાનો સ્વીકાર કરી, તેમાંથી
છૂટવા માટે સંપૂર્ણ દોષરહિત, સર્વ ગુણસહિત અને
શરણ આપવામાં સમર્થ એવા પંચપરમેષ્ઠિ ભગવંતને
આદર - બહુમાન - ભક્તિ સહિત નમું છું.

એ નમસ્કાર વડે હું પાપરહિત,
પુણ્યસહિત અને સર્વદા નિર્ભય બનું છું. કહ્યું છે કે:

अरिहंत नमुक्कारो जीवं मोएइ भव सहस्साओ ।
भावेण कीरमाणो होइ पुण बोहिलाभाए ॥१॥
अरिहंत नमुक्कारो धन्नाण भवक्खयं कुणंताणं ।
हिअयं अणुमुअंतो विसुत्तिआवारओ होइ ॥२॥
अरिहंत नमुक्कारो एवं खलु वन्निओ महत्थुत्ति ।
जो मरणंमि उवग्गे अभिक्खणं कीरए बहुसो ॥३॥
अरिहंत नमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥४॥

(પરિશિષ્ટ-૩)

V.V. Imp.
नमो is for talking with God and
अरिहंताणं is for listening to God.

Imp

'દાસોઽહં સોઽહં ॐ અર્હં નમઃ ।'

પરમેષ્ઠિનું દાસત્વ, ગુણનું સામ્ય અને દ્રવ્યનું ઐક્ય.
(પાપક્ષય) (સુકૃતસંચય) (આત્મરક્ષણ)

મૂળનાયકની મૂર્તિ દર્શનાદિનો લાભ આપી
સમાધિનું કારણ બને છે.
અરિહંત પછી ઉપકારક શ્રુત - આગમ છે,
તેથી તેની સ્તુતિ કરાય છે,
આગમ સૂત્રાત્મક છે અને
મૂર્તિ તથા સમવસરણ ચિત્રાત્મક છે.
સૂત્ર વડે અર્થબોધ થાય છે અને તેથી
જ્ઞાનગુણનો વિકાસ થાય છે, તેમ ચિત્ર વડે ભાવવૃદ્ધિ
અને તેથી દર્શનગુણનો વિકાસ થાય છે.
અર્થબોધ વડે સૂત્ર ઉપકારક અને
ભાવવૃદ્ધિ કરવા દ્વારા મૂર્તિ - ચિત્ર ઉપકારક થાય છે.
પ્રભુનું તીર્થ ટકાવવા માટે જ્ઞાન અને ભાવ - અને
તે બે વડે વૃદ્ધિ પામતા ચારિત્ર ગુણની જરૂર છે.

ચારિત્ર એ જેમ આત્માનો ગુણ છે, તેમ ભાવ એ
ચારિત્રનો ગુણ છે અને જ્ઞાન એ ભાવનો ગુણ છે.

મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને
મિથ્યાચારિત્ર રૂપી વિષનું નિવારણ સમ્યગ્જ્ઞાન,
સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર વડે થાય છે.

જ્ઞાનનું સાધન જિનાગમ સૂત્ર છે,
દર્શનનું સાધન ચિત્ર - જિનમૂર્તિ છે અને
ચારિત્રનું સાધન તેના ઉપકરણો છે.

સૂત્ર એટલે આગમ અને ચિત્ર એટલે મૂર્તિ.
પ્રભુનું આગમ જ્ઞાન આપે, મૂર્તિ દર્શનવિશુદ્ધિ કરે.
એનાથી બોધ વધે છે, જ્ઞાનથી ભાવ સુધરે છે.

ભાવની શુદ્ધિ અને વૃદ્ધિ માટે
મૂર્તિ - ચિત્ર અને સમવસરણાદિની આકૃતિ જરૂરી છે.
જ્ઞાનની શુદ્ધિ અને વૃદ્ધિ તો જિનાગમ અને
તેને અનુસરતાં પ્રકરણાદિનો બોધ દ્વારા થાય છે
તથા એ માટે સ્વાધ્યાયાદિની જરૂર છે.

કલિકાલના ઝેરનું નિવારણ કરવા માટે
જે બે મહત્ત્વનાં સાધન જ્ઞાનીઓએ બતાવ્યાં છે, તેમાંનું
એક તો જિનાગમ છે અને બીજું તો જિનમૂર્તિ છે.

(1) Observation = સમ્યગ્દર્શન.

(2) Understanding = સમ્યગ્જ્ઞાન.

(3) Learning = સમ્યક્ચારિત્ર.

Try to be free from

(૧) Reaction (૨) Comparision

(3) Decision with choiceless awareness.

પંચપરમેષ્ઠિનું ધ્યાન એટલે

સમ્યગ્દર્શનનું ધારણ, જ્ઞાનનું શિક્ષણ, ચારિત્રનું પાલન અને તપનું આચરણ.

દેવતત્ત્વમાં કોણ પ્રવેશ કરી શકે?

જેઓ ગુણવાળા છે, એટલું જ નહિ પણ જીવોને ગુણ કરવાવાળા છે, તેઓ જ.

ગુણ કોણ કરી શકે?

જેઓ દોષરહિત ગુણસહિત હોય, તેઓ જ યથાર્થ ઉપદેશાદિ દ્વારા જીવોને ગુણ કરી શકે, માટે જ ઇંદ્રાદિ દેવોને પણ તેઓ પૂજવાલાયક બની શકે છે.

ગુલામીમાં જીવવું તે કરતાં સ્વતંત્રતામાં મરવું, એ પ્રશંસાપાત્ર છે પણ એ સ્વતંત્રતા આત્માની સમજવાની છે, ભૌતિક વસ્તુઓની કે જડની નહિ.

આત્માની સ્વતંત્રતા ઈચ્છે, તે ભવ્ય - લાયક છે, પરંતુ
તે ન ઈચ્છે, તે અભવ્ય અર્થાત્ મોક્ષ માટે અયોગ્ય છે.
કર્મના બંધનમાંથી છૂટી આત્માને સ્વતંત્ર કરવાની
પરિણતિ જેને હોય, તેને ભવ્યપણાની છાપ મળે છે.
કર્મની અને ઇંદ્રિયોની ગુલામીમાંથી આત્માને મુક્ત
કરવાની અભિલાષા તે મુમુક્ષુવૃત્તિ - સ્વતંત્રતાની ઇચ્છા.
સિદ્ધપદમાં સ્વતંત્રતા છે, કર્મની ગુલામગીરી નહિ.
સિદ્ધપણું ન માને, તેને અરિહંતપણાની કિંમત ન થાય.
સોના વિનાનો સોની, ઝવેરાત વિનાનો ઝવેરી અને
કાપડ વિનાનો કાપડીઓ - નામ માત્રનો જ ગણાય.

મોક્ષ એટલે સ્વતંત્ર થવાનો માર્ગ બતાવે છે.

તેમાં અરિહંતનું અરિહંતપણું રહેલું છે.

## તત્ત્વરસિક શ્રોતા કોણ કહેવાય ?

જે આદરવા લાયક અને છોડવા લાયક તત્ત્વ શું છે,
તેને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા હોય તથા
'આત્મકલ્યાણ માટે આસ્રવ હેય અને સંવર ઉપાદેય છે'
એ તત્ત્વમાં જેને રસ હોય, તે તત્ત્વરસિક શ્રોતા કહેવાય.

તત્ત્વરસિક શ્રોતા તે પરમ શુશ્રુષાવાળા અને
કથારસિક શ્રોતા તે સામાન્ય શુશ્રુષાવાળા.

ત્રણ પ્રકારની સત્તા : ત્યાગી, ભક્તો અને વહીવટી.

સ્થાપક તીર્થંકર, સંચાલક આચાર્ય.

जिणपन्नत्तं तत्तं | વ્યવસ્થાપક.

વ્યવસ્થાપક, શિક્ષક, સહાયક - એમ ત્રણ વર્ગની જરૂર રાજ્ય - દેશ - પેઢીમાં સર્વત્ર છે, તેમ શાસનમાં પણ છે જ.

સૂત્રમાંથી નીકળતો અર્થ સમજાવે પણ નિર્યુક્તિ - ભાષ્યાદિ નહિ તે ઉપાધ્યાય અથવા અર્થ આપે, ત્યારે આચાર્ય અને સૂત્ર ભણાવે, ત્યારે તેઓ જ ઉપાધ્યાય ગણાય.

अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा |

ગણધરરચિત સૂત્રો તે તીર્થંકરોની signatureવાળા છે.

શેઠને માને પણ તેની સહી ન માને, તે માન્યા કેમ ગણાય?

અનંતર - પરંપર આગમ માને,

તેણે જ તીર્થંકર માન્યા કહેવાય.

ધ્યેય સિદ્ધપણું છે, મુક્તપણું તો આનુષંગિક છે.

કાળ પણ જેની ન્યૂનતા ન કરી શકે,

એવા ચાર ગુણો સિદ્ધમાં છે:

અનંત જ્ઞાન - દર્શન - વીતરાગતાદિ.

પોતાના શુદ્ધ સ્વરૂપને પામવું, તે સિદ્ધ તથા

કર્મ ઉપરના બંધનમાંથી છૂટવું, તે મુક્ત.

સાધુની પ્રતિજ્ઞા છે કે:

કોઈ જીવ રત્નત્રયી પામે, તેમાં મદદગાર થવું.
નિઃસ્વાર્થપણે સેવા કરવાનો ગુણ મુખ્યત્વે સાધુમાં છે.

ક્યા સાધુને પ્રાયશ્ચિત કહ્યું છે?

ગ્લાનની વૈયાવચ્ચ અને રત્નાધિકની વિનય ન કરે તે.
માંદાની માવજતમાં સ્વાર્થવૃત્તિ હોતી નથી.
જો ગિલાણં પડિવજ્જઇ, સો મં પડિવજ્જઇ |
જો મં પડિવજ્જઇ, સો ગિલાણં પડિવજ્જઇ |

સામાન્ય અને વિશિષ્ટ આસ્તિક

સામાન્ય આસ્તિક = પરભવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નર્કાદિ માને.
વિશિષ્ટ આસ્તિક તદુપરાંત છ વસ્તુ માને છે:
જીવ છે પણ પરમેશ્વર જેવો નહિ,
નિત્ય છે પણ નિત્ય આકાશ જેવો નહિ,
પ્રતિ સમય કર્મને કરનારો - બાંધનારો,
કર્મને કરનારો જ નહિ પણ તેનું ફળ
જન્માંતરમાં ભોગવનારો. આટલે સુધી સામાન્ય પણ માને,
કિન્તુ ભોગવતા સાથે છૂટનારો પણ માને,
કેવળ છૂટનારો જ નહિ પણ તેના ઉપાયો છે,
એમ પણ માને, તે સાચો આસ્તિક છે.

'આરાધના' એટલે આધીનતા,
તેના હુકમે વર્તવાનું, તેની આજ્ઞા બહાર ન જવાનું.
દર્શનાદિ ચારના ઉદ્દેશથી
અરિહંતાદિ પાંચને નમે, તે 'આરાધક' ગણાય.
અન્ય ધ્યેયથી કે ધ્યેયશૂન્યથી થતાં
નમસ્કારમાં સાચી આરાધના થતી નથી.
અરિહંતાદિ પાંચ ગુણી છે, દર્શનાદિ ચાર ગુણ છે.
ધ્યેય, સાધ્ય, પ્રાપ્ય કે ઉદ્દેશ્ય ચાર છે.
'સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિઃ ।'
નટની કે ચોરની ગુપ્તિ એ સમ્યગ્ નથી.
માર્ગના પ્રકાશનમાં મુખ્ય કારણ શું ?
તે કારણ કેવલિત્વ નહિ પણ તીર્થંકરત્વ છે.
ચોવીસે તીર્થંકરોની ખ્યાતિનો કાળ માત્ર ૨ લાખ પૂર્વ છે.
મોક્ષપ્રવૃત્તિનો કાળ ક્રોડાક્રોડ સાગરોપમ છે, તે કોના પ્રતાપે?
ગુરુતત્ત્વના પ્રતાપે.
ભગવાનના ૧૪) હજાર મુનિઓમાં ૭૦૦) કેવળી છે, અને
ગૌતમ મહારાજના ૧૫૦૦) તાપસ શિષ્યો કેવળી થયા છે.
જે રીતે મંગલાચરણમાં ઉદ્દેશ વિઘ્નનાશ વા કાર્યની
નિર્વિઘ્ન સમાપ્તિનું હોય છે, ભલે તે બોલવામાં ન આવે,

તેમ નમસ્કારમાં પણ છૂપો ભાવ હોય જ છે કે:
'મારી માતા નિર્બળ હોય', ભલે પછી તે શબ્દોમાં
બોલવાનું હોતું નથી, પરન્તુ ભાવમાં તો હોય જ છે.
સાધકને દરેક વખતે શબ્દોમાં જણાવવાનું હોતું નથી.

પાપનો નાશ પરંપર ફળ છે,

અનંતર ફળ સમ્યગ્દર્શન આદિ છે.

સર્વ પાપનો નાશ અરિહંતને નમવામાત્રથી નથી, દર્શનાદિ ગુણની આરાધના, પ્રાપ્તિ, વૃદ્ધિ તથા પરાકાષ્ઠા વડે છે,

તે અંતર્ગત આવી જાય છે.

પ્રથમ માળે ગયા વિના બીજા માળે જવાય નહિ,
તેમ છેલ્લે બીજા માળનું પણ પહેલાં માળે જવું જ પડે.

## દ્રવ્યનમસ્કાર તથા ભાવનમસ્કાર

પંચાંગ પ્રણિપાત કરવો તે દ્રવ્યનમસ્કાર તથા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિના પરિણામ વડે થાય તે ભાવનમસ્કાર.
'નમો' એ અવ્યય પદ એટલા માટે મૂક્યું કે તેમાં

દ્રવ્ય - ભાવ બંનેનો સંકોચ આવી જાય છે.

દર્શનરૂપી રત્નના દીપકને સાચવવા માટે

મૂકવાની તિજોરીના સ્થાને 'મન' છે.

મનની તિજોરીમાં સમ્યગ્દર્શનરૂપી રત્ન સુરક્ષિત રહે છે.

'નમો' પદ વડે જેમને નમસ્કાર કરાય છે,
તેમની પૂજા - તેમણે આરાધેલા ધર્મની પ્રશંસા થાય છે.

જેનું મન ધર્મને વિષે નિરંતર વસે છે,
તેને દેવો પણ નમસ્કાર કરે છે. ધર્મની પ્રશંસા દેવો પણ કરે છે, કારણ કે પૂર્વે કરેલાં સંયમ આદિ ધર્મના સેવનથી દેવગતિની પ્રાપ્તિ થઈ છે તથા દેવગતિમાંથી ચ્યવ્યા પછી પણ ધર્મની પ્રાપ્તિ વડે જ સંસાર અને મોક્ષનાં સુખો સુલભ છે, તેથી દેવો ધર્મની અને ધર્મ જેના અંતરમાં વસેલો છે, તે પંચ પરમેષ્ઠિ ભગવંતોની સેવા કરે છે, ઉપાસના કરે છે, બહુમાન અને ધ્યાન કરે છે.

'નમો અરિહંતાણં'થી
જીવો પ્રત્યે અરિભાવને દૂર કરી
મૈત્રી, પ્રમોદ અને કારુણ્યભાવ કેળવી
પરમૌદાસિન્યભાવમાં આરૂઢ થઈ અનુક્રમે
અપાયાપગમાતિશય આદિ અતિશયોના સ્વામી અને
વિશ્વોદ્ધારક એવા તીર્થંકર પદને પ્રાપ્ત ત્રિકાળના
સર્વ જિનેશ્વરોને મારા ભાવથી નમસ્કાર હોજો.

'ભાવ'થી એટલે જે પદ તેમણે પ્રાપ્ત કર્યું,
તે પદને પ્રાપ્ત કરવાની અભિલાષાથી નમસ્કાર.

## કયો નમસ્કાર ભાવનમસ્કાર છે?

મોક્ષમાર્ગસ્યનેતારં, ભેત્તારં કર્મભૂભૃતાં ।
જ્ઞાતારં વિશ્વવસ્તૂનાં વંદે તદ્ગુણલબ્ધયે ॥૧॥ અર્થાત્:
કર્મકષાયરૂપી પર્વતોને ભેદનાર, સર્વ વસ્તુઓના જ્ઞાતા અને મોક્ષમાર્ગને સ્થાપનાર પ્રથમ પરમર્ષિને તે પદની પ્રાપ્તિ માટે નમસ્કાર છે, માટે તે ભાવનમસ્કાર છે.

'નમો અરિહંતાણં'નો અર્થ - ભાવાર્થ - રહસ્યાર્થ છે કે:

Imp ખાલી થાઓ પાપથી અને ભરાઈ જાઓ પુણ્યથી તથા પર થાઓ પાપ અને પુણ્ય - ઉભયથી.

પાપનું મૂળ સ્વાર્થાંધતા છે અને
પુણ્યનું મૂળ પરાર્થપરાયણતા છે.

પરાર્થવૃત્તિનો વિસ્તાર એક બાજુ સ્વાર્થવૃત્તિનાશક બને અને બીજી બાજુ આત્મભાવનું કારણ બને છે.

સ્વાર્થવૃત્તિનું મૂળ અજ્ઞાન છે અને
તેનો ઉપાય પાપની ગર્હા, પુણ્યની સ્પૃહા અને પુણ્ય - પાપથી પર એવા આત્મતત્ત્વની જિજ્ઞાસા છે.

સ્વાર્થને લીધે આવનારી મુસીબતો વડે સ્વાર્થી થઈને જે ટાળવા મથે છે, ભોગનાં અનિષ્ટ પરિણામો ભોગ વડે જ નિવારવાનો પ્રયત્ન કરે છે, તે અવળે માર્ગે છે.

'નમો અરિહંતાણં' એ
નમ્રતા અને નિર્ભયતા કેળવવાનો મહામંત્ર છે.
કર્મસ્વરૂપનો વિચાર નમ્રતા લાવે છે,
ધર્મસ્વરૂપનો વિચાર નિર્ભયતા પ્રાપ્ત કરાવે છે.
કર્મ એ જીવનો શત્રુ છે, ધર્મ એ મિત્ર છે.
જીવો પ્રત્યે પ્રસન્નભાવ, ગુણદૃષ્ટિ, સહાનુભૂતિ, ઔદાર્ય-
દાક્ષિણ્યાદિ ભાવો તે ચિત્તપ્રસન્નતાને જન્માવે છે
અને એ પ્રસન્નતા ક્રમે કરીને
ત્રિભુવન - પૂજ્ય એવા તીર્થંકરપદમાં પરિણમે છે.

લોભથી થતું દુઃખ ઉદારતાથી,
સ્વાર્થથી થતું દુઃખ નિઃસ્વાર્થતાથી અને
ભોગથી થતું દુઃખ સંયમથી દૂર થઈ શકે છે.

જેને શુદ્ધ થવું છે, તે પ્રથમ પોતાની તરફ જુએ છે
અને દરેક પ્રસંગમાં પોતાની તો ભૂલ થતી નથી ને!
તે વાતની ચોક્કસાઈ રાખે છે. મનુષ્યજાતિ દોષને લીધે
દુઃખી અને સદ્ગુણોને લીધે જ સુખી થઈ શકે છે.

o

'ૐ પરબ્રહ્મ પરમાત્મને નમઃ ।
પાહિ પાહિ કુરુ કુરુ સ્વાહા ।'
માંદગીમાં રાહતાર્થે આ મંત્રજાપ ૧૦૮ વાર કરવો.

## નમસ્કાર વડે શું મળે ? શું નષ્ટ થાય ?

નમસ્કાર વડે મિથ્યાત્વ - અજ્ઞાનાદિ પાપો નાશ પામે છે અને સમ્યક્ત્વ, જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થાય છે, તેમ હિંસાદિ, વિષય - કષાયાદિ દોષો નાશ પામે છે અને અહિંસા, સંયમ અને તપાદિ પ્રાપ્ત થાય છે, તેમ આત્માનું હિત, શ્રેય અને કલ્યાણ થાય છે.

નવકાર ગણીને આપણે નવકાર રૂપ બનવાનું છે.

જેને નમીએ છીએ, તેમના જેવા બનીએ છીએ.

૨૦ કરોડ સદ્‌ગુણી - સદાચારી - પવિત્ર આત્માઓને સદા નમસ્કાર કરવા, એ આપણું કર્તવ્ય કરે છે. પાપોથી પોતે બચવું અને બીજાઓને બચાવવા, તે ભાવકરુણા છે અને તે ઉત્કૃષ્ટ પુણ્યબંધ કરાવે છે.

## પંચપરમેષ્ઠિ પદો કઈ રીતે મળે ?

સાધુપદના ગુણો મેળવી વિશિષ્ટ જ્ઞાનશક્તિ અને ધ્યાનશક્તિ દ્વારા ઉપાધ્યાયપદ મળે છે.

અતિશયવાળું અનુભવજ્ઞાન મેળવી,

નિરતિચાર ચારિત્ર પાળી આચાર્યપદ મળે છે.

તે દ્વારા સર્વજ્ઞ, રાગ-દ્વેષનો ક્ષય કરી અરિહંત પદ અને અંતે સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધપદ મળે છે.

## 'નમો અરિહંતાણં ।' પદનું અર્થઘટન

| 'નમો' એટલે... | 'અરિહંતાણં' એટલે... |
|---|---|
| (૧) મનનું શીર્ષાસન | મનનું શવાસન |
| (૨) મનનું મૌન | આત્માનું ધ્યાન |
| (૩) અનાહત નાદ | આત્મજ્યોતિ |
| (૪) શૂન્યતા | પૂર્ણતા |
| (૫) અંતરાત્મભાવ | પરમાત્મભાવ |
| (૬) મમતાનો નાશ | સમતાનો આવિર્ભાવ |
| (૭) ભવમાર્ગનો ત્યાગ | મોક્ષમાર્ગનો સ્વીકાર |
| (૮) દ્વાદશાંગનો સાર | ચૌદ પૂર્વનો ઉદ્ધાર |

'નમો અરિહંતાણં' પદનો સંપૂર્ણ અર્થ એ છે કે:

અરિહંત પરમાત્માની આજ્ઞાનુસાર હું દુષ્કૃતગર્હા કરું છું, હું સુકૃત અનુમોદના કરું છું અને શુદ્ધ આત્મતત્ત્વને શરણે જાઉં છું. એ ભાવપૂર્વક હું અરિહંતોને નમું છું, અહીં અરિહંતોએ પ્રકાશેલા ધર્મની પ્રશંસા અને દુષ્કૃતગર્હા આદિ વડે અરિહંતોની ભાવથી પૂજા છે.

શુભ અધ્યવસાયની રક્ષા માટે

દુ:ખ વખતે દુષ્કૃતગર્હા, સુખ વખતે સુકૃતાનુમોદના અને અંત વખતે શરણાગમન કર્તવ્ય છે.

## શુભ અધ્યવસાય એટલે...

જગત પ્રત્યે ઉપેક્ષા ભાવ - ઉદાસીન ભાવ.

માનવભવ ઉત્તમ ગણાય છે, કેમકે તેમાં સતત શુભ અધ્યવસાય રાખી શકાય છે. આત્મસ્વભાવ જ્ઞાનમય છે.

સંસાર દુઃખરૂપ, દુઃખફલક, દુઃખપરંપરક છે,
જ્યારે આત્મા જ્ઞાન - દર્શનગુણમય છે.

સંસાર પોતાનો સ્વભાવ બજાવે, તો આત્માએ પણ પોતાનો સ્વભાવ શા માટે છોડવો જોઈએ?

કર્મકૃત સારા-નરસાં બનાવો પ્રત્યે ઉદાસીનભાવ ધારણ કરવો, એ જ્ઞાનસ્વભાવી આત્માનું શુદ્ધ લક્ષણ છે.

માનવજીવનનું ઉત્તમ ધ્યેય છે કે
શુભ અધ્યવસાયને પ્રતિદિન પ્રબળ બનાવવા.

બોધ માનસિક છે અને સંવેદન આત્મિક છે.
જેવી રીતે વિષયોનો બોધ સંવેદનમાં રૂઢ બને છે, તેવી રીતે તત્ત્વબોધ પણ જ્યારે સંવેદનમાં પરિણમે,
ત્યારે સફળ - કાર્યસાધક બને છે.

'નમો' શબ્દ નિઃશબ્દમાં લઈ જાય છે તથા તે શબ્દાતીત અવસ્થામાં લઈ જવા માટેનું નૈપાતિક પદ છે, વચનાદિ અવેદ તરફ પ્રેરણા કરાવનાર શબ્દશક્તિ છે.

## 'નમઃ' મંત્ર વડે શું મળે છે?

(૧) સહજાનંદનો પ્રાશ (૨) નિર્ભયત્વનો નિર્ઝર
(૩) ભવભયથી ત્રાણ (૪) કર્મરોગની ચિકિત્સા
(૫) મોહવિષનો ઉપચાર (૬) વિષયરસથી વિમુખતા
(૭) અસહાયતાનું પ્રક્ષાલન (૮) અંતરાત્માનું સમર્પણ
(૯) સન્માનનું દાન (૧૦) પરતત્ત્વની સન્મુખતા મળે છે.

'નમઃ' એટલે...

(૧) નમ્રતાનો ઝરો (૨) વિવેકનો દીપક
(૩) કર્મબેડીના તાળાં તોડવાની ચાવી
(૪) શિવનગરનો માર્ગ (૫) માનસિક શાંતિનો અગ્રદૂત.

'નમઃ'થી પોતાની ક્ષુદ્રતા, લઘુતા, તુચ્છતા, દીનતાનાં અને પરમતત્ત્વની મહત્તા, ભવ્યતા, ઉચ્ચતા, ગુરુતા તથા સારરૂપતાનાં દર્શન મળે છે.

'નમઃ' અનુકૂળતાનો સંકલ્પ - પ્રતિકૂળતાનું વિસર્જન છે.

'નમઃ' પદથી સંરક્ષણનો વિશ્વાસ જાગે છે.

'નમવું' એટલે મસ્તક અને હાથની સાથોસાથ મન, મનના વિકલ્પો - અંતઃકરણના તરંગોને પણ નમાવવા.

નમસ્કાર કહે છે કે જે કોઈ મને આવકારશે, તેના ભાગ્યમાં કોઈને નમવાનું નહિ રહે.

# નમસ્કાર મહામંત્રનું મહત્ત્વ

'નમો અરિહંતાણં |' = Let go & let God.
મૌન = Let go અને તે નમો વડે સધાય છે.
ધ્યાન = Let God અને તે અરિહંતાણં વડે સધાય છે.
લઘુતાવાળા વિનયી આત્માનું શારીરિક બંધારણ ખૂબ
સુંદર અને તેનું મન - મનોબળ મજબૂત હોય છે.
'પોતે શૂન્ય છે' એમ સ્વીકારતાં ગર્વ ઓસરી જાય છે.
'નમો'એ 'પોતે શૂન્ય છે' સદા સ્વીકાર કરવું છે.

પંચ પરમેષ્ઠિ પાંચ વિષયોમાંથી વિરક્ત છે અને
ચાર કષાયોના વિજેતા છે.

મન જો એક પ્રશસ્ત વિષયમાં સ્થિર બને,
તો તે અચિન્ત્ય શક્તિયુક્ત બને છે.

મહામંત્રમાં સર્વ પાપનો નાશ કરવાની શક્તિ
છૂપાયેલી છે, માત્ર મનની એકાગ્રતા તેમાં સાધવી જોઈએ.
જેમ સૂર્યના કિરણોને બિલોરી કાચમાં એકત્ર કરવાથી
તેનામાં બાળવાની શક્તિ આવે છે,
તેમ મનની સઘળી શક્તિને મહામંત્રમાં કેન્દ્રિત કરાય,
તો પાપમાત્ર ભસ્મીભૂત થઈ જાય છે. મહામંત્રનો
આરાધક દુઃખમાં દીન કે સુખમાં લીન બનતો નથી.

ધર્મનું ફળ શાંતિવાળું સુખ છે.
શાસ્ત્રમાં ધર્મથી સુખનાં જે દૃષ્ટાંતો અપાય છે, તે
એકાદ બે ભવમાં મોક્ષે જનારા છે, તેના અપાય છે.
સુખ એ પુણ્યનું ફળ - દુઃખ એ પાપનું પરિણામ છે.

નવકાર પોતે પુણ્ય ઉપાર્જન કરવાની અને
પાપક્ષય કરવાની અચિન્ત્ય શક્તિ ધરાવે છે.

પોતાના દુઃખ કરતાં બીજાનાં દુઃખ વધારે ખટકે
અને પોતાના સુખ કરતાં બીજાને સુખ વધુ ઇચ્છે,
ત્યારે સમજવું કે નવકારની સાધના
સાચી રીતે થઈ રહી છે અને પોતાને લાગુ પડી છે.

નવકાર ધર્મમય છે,
તેના પ્રત્યેક અક્ષરમાં ધર્મ ભરેલો છે.
જેમ શેરડી ગમે ત્યાંથી ચાખો, ત્યાં મીઠાશ રહેલી છે.

## અરિહંતોને સિંહની ઉપમા કેમ?

અરિહંતોમાં અસાધારણ - વિશિષ્ટ ગુણો જેવા કે:
કર્મરૂપી શત્રુઓ પ્રત્યે શૌર્યવાળા, ધ્યાનમાં નિશ્ચલ,
કર્મોનો ઉચ્છેદ કરવામાં ક્રૂરતાવાળા, તપકર્મમાં વીર,
પરિષહો પ્રત્યે અવજ્ઞા, ઉપસર્ગો પ્રત્યે નિર્ભય, ઇંદ્રિય
વર્ગથી નિશ્ચિંત, સંયમમાં અવિશ્રાંત હોવાથી સિંહ જેવા છે.

## આચાર્ય પદને નિત્ય નમસ્કાર શાથી ?

આ દુષમકાળે બુદ્ધિરૂપી સ્નેહ અને આગમરૂપી જ્યોત વડે દીપતાં આચાર્યરૂપી દીવાઓ દ્વારા આપણો અજ્ઞાન-અંધકાર દૂર થાય છે. સૂર્ય સમ ઉદ્યોતકર, કલ્પવૃક્ષ સમાન વાંછિત આપનાર, ચિન્તામણિ રત્ન સમ દેનાર, આચાર્ય રૂપી જંગમ તીર્થને કરવામાં આવતો નમસ્કાર

હજારો ભવોથી મુકાવે છે અને

જન્મ - જરા - મરણના અસહ્ય દુઃખોથી છોડાવે છે.

### સ્વાધ્યાયમાં અનુરક્ત આચાર્ય - ઉપાધ્યાય - સાધુ

(૧) આચાર્ય ભગવંતો પંચાચારમાં સુસ્થિત જ્ઞાની ભગવંતો છે.

(૨) ઉપાધ્યાય ભગવંતો દ્વાદશાંગ શ્રુતના પઠન-પાઠનમાં ઉદ્યુક્ત શ્રુતધરો સ્વાધ્યાય - ધ્યાનમાં આસક્ત રહે છે.

(૩) સાધુ ભગવંતો પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિથી યુક્ત

પાંચ મહાવ્રતોને ધારણ કરનારા અને

તપ નિયમ દર્શનગુણ વડે મોક્ષને સાધનારા રહે છે.

ચત્તારિ સયસહસ્સા બાયાલીસં ભવે સહસ્સાઇં |

તિન્નિ સયા અડસટ્ઠા નેયા છઉમત્થ ઝાણાઇં ||૧||

અર્થ: છદ્મસ્થના ધ્યાનના ચાર લાખ બેંતાલીસ હજાર ત્રણસો અડસઠ (૪,૪૨,૩૬૮) ભેદો છે.

# મુનિજીવનનો સાર : રત્નત્રયની ઉજ્જ્વળ આરાધના.

મુનિજીવનનું કર્તવ્ય છે કે
વિનય, વૈયાવચ્ચ, તપ, સંયમ, સ્વાધ્યાયમાં લીન રહેવું.
'નાણી તિહિં ગુત્તો |' અહીં ત્રિવિધ ગુપ્ત તે જ્ઞાની,
'અગુત્તો અન્નાણી |' ત્રિવિધ ગુપ્ત નહિ, તે અજ્ઞાની છે.
અંતરમાં અંતર - પરમેશ્વરનું દર્શન જે કરી શકે,
તે જ ખરો જ્ઞાની છે.
લોચ લીધા છતાં લોકલાજ ન લીધી, તે સાચી સાધના છે.
બે પ્રકારે આત્મજ્ઞાન : ત્રિકાલવ્યાપી તથા ત્રિલોકવ્યાપી.
એ બંને પ્રકારે આત્મજ્ઞાન જેને થયું છે,
તે સંપૂર્ણ અહિંસક, સંયમી અને તપસ્વી હોય છે.
અહિંસા વડે કાયગુપ્તિ, સંયમ વડે વચનગુપ્તિ અને
તપ વડે મનોગુપ્તિ સધાય છે.

## એકમાં અનેક અને અનેકમાં એક શું ?

જેણે જેણે પણ દોષરહિતનું શરણું લીધું, તેને તેને
દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના થઈ જ ગઈ
અથવા દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના કરનારે
દુષ્કૃતથી મુક્ત - સુકૃતથી યુક્તનું બહુમાન કર્યું જ કર્યું.
એ રીતે એકમાં અનેક અને અનેકમાં એક રહેલાં છે.

'નમો અરિહંતાણં |' એ મંત્ર વડે ત્રણે યોગ અને
બે પ્રકારના ઉપયોગની શુદ્ધિ થાય છે.
પ્રથમ યોગશુદ્ધિ વડે ઉપયોગની શુદ્ધિ સરળ બને છે,
તેથી પ્રથમ 'નમો' પદ અને પછી 'અરિહંતાણં' પદ છે.
'નમો' પદ વડે યોગની શુદ્ધિ થાય છે અને
'અરિહંતાણં' પદ વડે સામાન્ય અને
વિશેષ બન્ને પ્રકારના ઉપયોગની શુદ્ધિ થાય છે.
યોગોપયોગૌ જીવેષુ |
દીર્ઘકાળ, નિરંતર અને સત્કારપૂર્વકનો અભ્યાસ
આત્માના સંસ્કારને દૃઢ કરે છે.
વૃત્તિનિરોધનો ઉપાય શું ? ધર્મચતુષ્ટય.
વિદ્યા - શ્રદ્ધાસહિત બ્રહ્મચર્ય અને તપનો અભ્યાસ.
તેને જ જૈન શબ્દોમાં દર્શન (શ્રદ્ધા), વિદ્યા (જ્ઞાન),
બ્રહ્મચર્ય (ચારિત્ર) - તપ, એમ 'ધર્મચતુષ્ટય' કહી શકાય.
સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખં |
રાગ એ પરાધીનતાનો માર્ગ છે અને
વૈરાગ્ય એ સ્વાધીનતાનો માર્ગ છે.
વૈરાગ્ય એટલે... જ્ઞાનની ઉત્કૃષ્ટ સીમા અને
અભ્યાસ એટલે... ઈશ્વરવિષયક શ્રદ્ધાની ઉત્કૃષ્ટ સીમા.

Imp

## અપરવૈરાગ્ય તથા પરવૈરાગ્ય

પ્રથમ 'અપરવૈરાગ્ય' દોષદર્શનથી થનારો વૈરાગ્ય છે,
જ્યારે શ્રેષ્ઠ વસ્તુના ગુણદર્શન દ્વારા દોષવાળી વસ્તુમાં
અપ્રવૃત્તિરૂપ એ 'પરવૈરાગ્ય' છે. પર અર્થાત્ શ્રેષ્ઠ.
પ્રથમ અનિત્યતાદિ ભાવનાઓથી જન્ય છે,
જ્યારે મૈત્ર્યાદિ ભાવનાઓથી ઉત્પન્ન થનારો છે.
અપરવૈરાગ્યમાં જડ વસ્તુઓથી વિરક્તિ તથા
પરવૈરાગ્યમાં ચેતન વસ્તુ તરફ ભક્તિ જન્મે છે.
જડાસક્તિ સંક્લેશને પેદા કરે છે,
ચૈતન્યની ભક્તિ ચિત્તપ્રસાદને જન્માવે છે.

## વશીકાર સંજ્ઞાવૈરાગ્ય

ચિત્તને સમસ્ત વિષય - વાસનાથી હટાવી પોતાને
વશ કરી ઈશ્વરમાં લય કરવું, તે વૈરાગ્યનો વિષય છે.
'વશીકાર સંજ્ઞાવૈરાગ્ય' એટલે... દિવ્ય અને અદિવ્ય-
બંને વિષયોના સેવનમાં દોષને જોનારું ચિત્ત
વિવેકજ્ઞાનરૂપ બળના પ્રભાવે ઉદાસીન વૃત્તિને સેવે તે.
દિવ્ય વિષયો એટલે...સ્વર્ગનાં સુખો અને
અદિવ્ય વિષયો એટલે...
આ લોકના ધન - સંપત્તિ - ખાન - પાન આદિ છે.

સત્ય તે છે કે હું અષ્ટકર્મથી જુદો છું.
અનંતકાળથી અસહાયપણે સંસારની ૪ ગતિમાં ભટકું છું.
કર્મકૃત ભાવોથી જીવ ઉચ્ચ કે નીચ ગતિમાં જાય છે,
તે તેની શોભા નહિ પણ વિડંબના છે.
જ્યાં સુધી હું મારું શુદ્ધ સ્વરૂપ મેળવું નહીં,
ત્યાં સુધી પરવસ્તુઓના સંબંધથી પ્રાપ્ત થયેલ
સ્વરૂપનો ગર્વ કરવો, એ અધમતાની નિશાની છે.
પારકાના ધનથી પોતાને ધનવાન માનનાર અને
પારકાની સ્ત્રીથી પોતાને પરણેતર માનનાર જેમ
દુષ્ટ છે - પાપી છે - અધમ છે - નીચ છે, તેમ
પરપુદ્ગલ દ્રવ્યના સંબંધથી પોતાને રૂપવાન, કુળવાન,
બુદ્ધિમાન, જાતિમાન ઇત્યાદિ માનવા અસત્ય છે અને
તેનો આગ્રહ રાખવો, તે અસત્યનો આગ્રહ છે.
જેને સત્યનો આગ્રહ રાખવો હોય, તેણે પરવસ્તુને
પર તરીકે તથા સ્વવસ્તુને સ્વ તરીકે સ્વીકારવી રહી.
સ્વવસ્તુ પોતાના જ્ઞાનાદિ ગુણો છે, બાકી બધું પર છે,
તેથી પરના સંબંધથી સ્વને સુખી અથવા દુઃખી માનીને
રાગ - દ્વેષયુક્ત થવું, તે અસત્યાગ્રહ છે અને તેમાં
નિર્લેપ રહેવા કોશિશ કરવી, તે સત્યનો આગ્રહ છે.

બહિર્ભાવથી શૂન્ય અને અંતર્ભાવથી પૂર્ણ રહેવું,
એજ એક સત્ય વસ્તુ છે.

અહીં કાળ ટકી રહેનાર હોય, તે જ સત્ય છે.
વાસનાભાવથી રહિત બનેલો આત્મા સ્વરૂપથી પૂર્ણ છે.

'નમઃ ।' પદ શૂન્યની સત્યતા જણાવનારો છે.

જે શૂન્ય બને, તે જ પૂર્ણ બને. શૂન્ય અને પૂર્ણ-
તે એક જ વસ્તુને જણાવનારી બે બાજુઓ છે.
જે સ્વસ્વરૂપથી પૂર્ણ છે, તે પરસ્વરૂપથી શૂન્ય છે.

આ સત્યને સમજાવનાર શૂન્ય શબ્દ છે અને
'શૂન્ય તે જ પૂર્ણ બની શકે છે'
એ સત્યને સમજાવનાર શ્રી નમસ્કાર મહામંત્ર છે.
એ રીતે 'નમઃ ।' પદ પૂર્ણતા અને શૂન્યતાનું વાચક છે.

કર્મક્ષય માટે જે ક્રિયા થાય, તે સિદ્ધ સમર્પણા અને
જે આજ્ઞાપાલનાર્થે થાય, તે અરિહંત સમર્પણા છે.
જિનાજ્ઞાનો સ્વીકાર કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય
અને સમ્યગ્દર્શન એ મોક્ષનો પાયો છે. એ વિનાની
દાનાદિ ક્રિયાઓ મોક્ષફળ આપી શકે નહિ. આજ્ઞાના
બહુમાનપૂર્વક થતી પ્રત્યેક ક્રિયા પરિપૂર્ણ ફળને
આપનારી થાય છે, કેમકે તેમાં જે ક્રિયા કરતો હોય,

તે વખતે તે શિષ્યની બાહ્ય બધી
મોક્ષસાધક ક્રિયા ઉપરનું બહુમાન અખંડ રહેલ છે.
કોઈપણ ક્રિયા વખતે આજ્ઞાપાલન સિવાય
બીજી કોઈ જ આશંસા ન હોવી, તે નિરાશંસભાવ છે.
આજ્ઞાપાલનનો અધ્યવસાય
એ નિરાશંસભાવને મેળવી આપે છે.
આજ્ઞા કર્મક્ષય માટે કે ભવનો છેદ કરવા માટે છે
અથવા સ્વરૂપની પ્રાપ્તિ માટે છે, તેથી
તેમાં બીજી કોઈ આશંસાનો પ્રવેશ થઈ શકતો નથી.
જે કોઈ ક્રિયા રાગાદિ દોષોના નાશ માટે થાય,
તે બધી આજ્ઞાપાલનના અધ્યવસાયવાળી છે,
કારણકે વીતરાગની આજ્ઞા વીતરાગ બનવા માટે છે,
જેનું તેમાં પાલન થાય છે. નમસ્કારનો ભાવ સાચો
ત્યારે બને છે કે જ્યારે જેને નમવામાં આવે છે.
તેના મેરુ જેવા ગુણોની આગળ નમનાર પોતાને એક
તણખલું માનીને નમતો હોય છે. મેરુ અને તૃણ વચ્ચે
જેટલું અંતર છે, તેટલું જ અંતર નમનીય અને નમન
કરનાર વચ્ચે રહેલું છે, એવા સ્પષ્ટ પ્રતિભાસપૂર્વક
જે નમસ્કાર થાય, તે સાચો ભાવનમસ્કાર છે.

અમનીય માનસરોવર જેવા નિર્મળ છે,
નમસ્કાર કરનારો પોતાને નગરખાળ કરતાં પણ
વધારે ગંદો, છીછરો અને મલિન માને છે.
તપથી શરીર દુબળું થાય છે પણ આત્મશક્તિ વધે છે.
ઇંદ્રિયો જુદી છે પણ મન એક જ છે. સત્યહીન બનેલું
મન બધી ઇંદ્રિયોના વિષયોમાં પણ ખેંચાઈ જાય છે.
ઇચ્છા એ શત્રુ છે અને આશા એ મિત્ર છે.
ઇચ્છા એ અપ્રકૃતિની સૂચક છે અને
આશા એ પ્રકૃતિની પ્રતિનિધિ છે.

'જૈન ધર્મ' કોને કહેવાય?

સ્યાદ્વાદો વર્ત્તતે ઽસ્મિન્ પક્ષપાત ન વિદ્યતે ।
નાઽસ્ત્યન્યેપીડનં કિંચિત્ જૈનો ધર્મઃ સ ઉચ્યતે ॥૧॥

અર્થાત્: જેમાં સ્યાદ્વાદ છે, પક્ષપાત નથી તથા જરાપણ
બીજાને પીડા અપાતી નથી, તે 'જૈન ધર્મ' કહેવાય છે.

o

He who gives up his life (carnal)
for my sake will find it (spiritual).
What would it profit a man to
gain the whole world...
and lose his own soul?

જપ - વીર્ય - પરાક્રમ - અનુષ્ઠાનમાં શું ફેર?

જપ[1] = વાક્શક્તિ, વીર્ય[2] = અત્યંતરશક્તિ,

પરાક્રમ[3] = વાગંતરશક્તિનો સદુપયોગ,

અનુષ્ઠાન[4] = સમ્યક્ પ્રયત્ન.

મંત્રની ત્રણ અવસ્થાઓ

મંત્રની પ્રથમ વિકલ્પરૂપતા, પછી સંજલ્પરૂપતા અને અંતે વિમર્શરૂપતા અવસ્થા આવે છે.

વિમર્શને પરામર્શ અથવા નિર્વિકલ્પ જ્ઞાન પણ કહે છે.

સંજલ્પ = મંત્રનું માનસિક રટણ, તે અંતરવાણીરૂપ છે અને અવિકલ્પદશા સુધી લઈ જાય છે.

સંજલ્પથી ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે.

અભેદપ્રણિધાન સમયે સંજલ્પ સ્વયમેવ શાંત થાય છે અને ભાવ્યમાન વસ્તુનો સાક્ષાત્કાર થાય છે, તેને ભાવ્યમાન વસ્તુનું અવિકલ્પ જ્ઞાન કહેવાય છે.

બ્રહ્મનો પ્રાંતભાગ દ્વાદશાંત - બ્રહ્મરંધ્ર છે.

મંત્રોચ્ચારણ તે મંત્રશૂલ છે અને ગ્રન્થિવિદારણનું વિભાવન તે જ્ઞાનશૂલ.

ગ્રન્થિઓને ભેદવામાં તે બંને શૂલ સમાન છે.

'મંત્રચૈતન્ય' એટલે બ્રહ્મમય નાદશક્તિનો આવિર્ભાવ.

'નમો' પદનો અર્થ છે કે:

પોતાની ભાવનાનો અને ભાવની ભૂલનો સ્વીકાર.

પ્રત્યેક વૃત્તિ શરીરમાં રાસાયણિક ફેરફાર કરે છે.

શબ્દશક્તિને સાચવવાનું કામ મૌન કરે છે.

અનાહતનાદનું શ્રવણ તત્ત્વરુચિ પ્રગટાવે છે, જેનું ધ્યાન તત્ત્વબોધ પ્રગટાવે છે તથા તે વડે પ્રકટતી સમતા તે તત્ત્વપરિણતિ છે, તેથી દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રયી ગુણોની પ્રાપ્તિનો હેતુ અનાહત નાદ બને છે.

ધારણા તુ ક્વચિદ્ દેશે ધ્યેયે ચિત્તસ્ય સ્થિરબન્ધનમ્ ।
ધ્યાનં તુ વિષયે તસ્મિન્ એકપ્રત્યયસંતતિઃ ॥ (પરિશિષ્ટ-૪)

ભાવપૂજા કઈ રીતે કરી શકાય છે?

ભાવપૂજાને સમતારૂપ સ્વચ્છ ગંગાજળ વડે પ્રભુને સ્નાન કરાવી, ભક્તિરૂપી કેસર વડે અર્ચન કરી શુદ્ધ ભાવરૂપ પુષ્પો ચઢાવવા દ્વારા કરી શકાય છે.

અરિહંતનાં આલંબનથી આત્મા સ્વરૂપાવલંબી અર્થાત્ આત્માવલંબી બની શકે છે.

નામસ્મરણ અને મૂર્તિદર્શન દ્વારા સાધનાનાં મંગલ પ્રારંભથી પ્રભુ પ્રત્યે પ્રીતિ-ભક્તિ જાગે છે અને તે પ્રીતિ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનામાં પરિણમે છે.

પ્રભુ પ્રત્યે પ્રીતિ - ભક્તિ એ યોગનું બીજ છે.
એ પ્રીતિ - ભક્તિ ઉત્તરોત્તર દૃષ્ટિઓમાં વધતી જાય છે.
પ્રીતિ - ભક્તિ વડે ધ્યાનશક્તિ વધે છે,
તે વડે ગ્રન્થિભેદ થઈ સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રકટે છે.
પ્રથમ પ્રીતિ - ભક્તિ, પછી વચન અને છેલ્લે
અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે.
પ્રથમ અધ્યાત્મ - ભાવનાયોગ, પછી ધ્યાનયોગ અને
છેલ્લે સમતા - વૃત્તિસંક્ષયયોગ પ્રકટે છે.
પ્રથમ સમ્યક્ત્વ, પછી દેશવિરતિ - સર્વવિરતિ અને
ત્યારબાદ અપ્રમત્તાદિ ગુણસ્થાનકોની પ્રાપ્તિ થાય છે.
પ્રથમ ઇચ્છાયોગ, પછી શાસ્ત્રયોગ, છેલ્લે સામર્થ્યયોગ
- એમ 3 ક્રમના અનાલંબનો 3 વસ્તુઓને સૂચવે છે.
અનાલંબન એ ધ્યાનથી પ્રગટેલી આત્મશક્તિ હોવાથી
કાર્યરૂપ અને ઉત્તરોત્તર વિશુદ્ધિનું કારણ પણ છે.
સમાધિધ્યાન વિશિષ્ટરૂપ છે અથવા
તદેવાર્થમાત્ર અર્થાત્ અવભાસરૂપ છે.
સંકલ્પવિકલ્પરહિત, ચિત્તતરંગ વિનાનું, સમભાવસ્થિત
સહજ અવસ્થાને પ્રાપ્ત થયેલું ચિત્ત તે અનાલંબન છે,
તેને 'સમાધિ' પણ કહે છે.

ધ્યેય સાથે ધ્યાતાનો અભેદ - તે જ
સમરસી ભાવ, એકીકરણ અને સમાધિ ઇત્યાદિ છે.
તેના પર્યાય નામો અનેક છે:
રાજયોગ, સમાધિ, ઉન્મની, મનોન્મની, અમરત્વ, લય,
તત્ત્વ, પરંપદ, શૂન્યાશૂન્ય, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ,
નિરંજન, તુર્યા અને જીવન્મુક્તિ પણ ઇત્યાદિ છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે:

તત્ર સમાધાનં સમાધિ:, પરમાર્થતો આત્મનો હિતં
સુખં સ્વાસ્થ્યં વા | વિનયાદ્ સમાધિ: વિનય સમાધિ: |
અર્થાત્: શ્રુતાભ્યાસથી થાય તે શ્રુતસમાધિ એટલે કે
વિનય અને શ્રુત વડે આત્માનું હિત, સુખ કે સ્વાસ્થ્ય,
તે 'વિનયશ્રુત' સમાધિ છે.
શ્રુત એ દ્વાદશાંગનું જ્ઞાન મેળવવા માટે,
જ્ઞાનમાં એકાગ્ર બનવા માટે અને
શુદ્ધ ધર્મમાં સ્થિર રહી બીજાને સ્થિર કરવા માટે છે.
એ રીતે તપ-આચાર વડે ય સમાધિ પ્રાપ્ત થઈ શકે.
અનાહતનું પ્રથમ આલંબન વિનયસમાધિ માટે,
બીજું શ્રુતસમાધિ માટે અને
ત્રીજું તપ અને આચારસમાધિ માટે છે.

પ્રથમ વલયમાં અર્હં સાથે અનાહતનું સ્થાપન
એ દર્શનસમાધિનું સૂચક છે અર્થાત્
અર્હંના ધ્યાન વડે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય અને પ્રાપ્ત
દર્શન નિર્મળ બને છે, તેથી દર્શનસમાધિ સિદ્ધ થાય છે.
બીજા વલયમાં સ્વરાદિ અષ્ટવર્ગ સાથે
અનાહતનું સ્થાપન જ્ઞાનસમાધિને સૂચવે છે.
ત્રીજા વલયમાં લબ્ધિધારી મહર્ષિઓ સાથે
અનાહતનું સ્થાપન તપ અને ચારિત્રસમાધિને સૂચવે છે.
સત્યં શિવં સુંદરં = દર્શન - જ્ઞાન - ચારિત્ર.
સત્ય = પોતાના આત્માને ઓળખવો.
શિવ = પોતાના આત્મા માટે પુરુષાર્થ કરવો.
સુંદર = પોતાના આત્માને પ્રાપ્ત કરવો.
ધર્મનાં ચાર અંગ : દાન - શીલ - તપ અને ભાવ.
(૧) નાશવંત એવા ધનની મૂર્છા ઉતારવાના હેતુથી
અહંકારરહિતપણે થતું દાન, એ પ્રથમ ધર્મ છે.
(૨) હિંસા, ચોરી, અસત્ય આદિ વ્યસનોથી મુક્ત એવું
સદાચારી જીવન, તે શીલ એ દ્વિતીય ધર્મ છે.
(3) મનને વશ - અંકુશ કરી વર્તમાન પ્રત્યે
સજાગ રાખવાનો અભ્યાસ, તે તપ એ ત્રીજો ધર્મ છે.

તપના ૧૨ પ્રકારમાં ધ્યાન - સમાધિ મુખ્ય છે,
દાન અને શીલપૂર્વક થતો તપનો અભ્યાસ શુદ્ધ છે.
પ્રશમ = પ્રિય - અપ્રિય વસ્તુવિષયક રાગ-દ્વેષ મુક્ત
બની વ્યક્તિ - વસ્તુ - પરિસ્થિતિવિષયક મધ્યસ્થ મતિ.
તેમાં પણ ચિત્તની સમતાનો અભ્યાસ મુખ્ય હોવાથી
તે ચોથો ભાવધર્મ છે. તે મધ્યસ્થ પરિણતિરૂપ હોવાથી
પ્રત્યેક વ્યક્તિ - વસ્તુ - સ્થિતિને યથાર્થપણે જુએ છે.

## દાન - શીલ - તપ - ભાવધર્મનો મહિમા

સમતા એ ભાવધર્મ છે,
ધ્યાન - સમાધિ એ તપધર્મ છે અને
એ બંનેનું મૂળ દાન અને શીલ તેના પરિકર્મણા રૂપ છે.
દાનપૂર્વક શીલ, શીલપૂર્વક તપ અને તપપૂર્વક ભાવ-
એ શુદ્ધ ધર્મસ્વરૂપ બની જીવની ઉર્ધ્વગતિ કરે છે.
બૌદ્ધ ધર્મમાં તેને શીલ, સમાધિ અને પ્રશમ કહેવાય છે.

સમતા = માધ્યસ્થ્ય પરિણતિ.
રાગ-દ્વેષના વિષયમાં રાગદ્વેષ ન કરવા પણ
સાક્ષીભાવે મધ્યસ્થ રહેવું - તત્ત્વ ચિંતવવું,
તે ભાવગુણની આરાધના છે.
સમતાવિશુદ્ધિનું કારણ ભાવ છે, વિશિષ્ટ પ્રશમ છે.

પરમાત્માની પૂજાનું અનંત ફળ ચિત્તપ્રસન્નતા અને બીજું ફળ સમાધિલાભ છે. ચિત્ત પ્રસન્ન થવાથી કષાયો શમે તથા ચિત્ત પ્રશાંત થઈ સમાધિભાવને અનુભવે છે. તેમાં બહિરાત્મભાવનો ત્યાગ થઈ અંતરાત્મભાવમાં સ્થિર થઈ પરમાત્મભાવની જે ભાવના થાય છે,

તે ભાવના આત્મસમર્પણરૂપ છે.

પાંચે ઈંદ્રિયોને વશ કરી આપણા મનને પરમાત્માના ગુણચિન્તનમાં જોડવાથી આપણી બુદ્ધિ સ્થિર થાય છે. ધ્યાનથી પ્રસન્નતા અને પ્રસન્નતાથી સ્થૈર્ય અનુભવાય. ચિત્તપ્રસાદથી ભાવઆરોગ્ય, તેથી બોધિ-સમાધિ મળે છે. સામાયિક એ સમતાનો લાભ પણ સમાધિસ્વરૂપ છે. ચાર પ્રકારના સામાયિક એટલે ચાર પ્રકારની સમાધિ. અનાહત એ ધર્મધ્યાનરૂપ છે, કેમકે તેના વડે આત્મા સમ્યગ્દર્શનાદિઆત્મક સ્વસ્વરૂપમાં સ્થિર બને છે,

માટે તે ભાવસમાધિ પણ છે.

<u>ભાવસમાધિ એટલે...</u>

આત્મસ્વભાવમાં સ્થિર થવું અને અન્યને સ્થિર કરવા.

<u>દ્રવ્યસમાધિ એટલે...</u>

ગરીબ દીન-દુઃખીને જોઈ અનુકંપા ઉત્પન્ન થવી.

अचतुर्वदनो ब्रह्मा, द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुः भगवान् बादरायणः ॥ સ્મૃતિઃ

ભગવાન બાદરાયણ ચાર મુખ વિનાના બ્રહ્મા, બે ભુજાવાળા કૃષ્ણ અને ત્રીજા નેત્ર વિનાના શંકર છે.

બદરિકાશ્રમમાં આવેલ બદરીવનમાં રહીને બ્રહ્મસૂત્રની રચના કરી, તેથી તેમનું નામ 'બાદરાયણ' પડ્યું. વિસ્તારીને સમજાવવાથી સર્વજ્ઞ ઋષિ 'વ્યાસ' કહેવાયા.

શુકદેવજી વ્યાસના પુત્ર હતા.

ગુરુપૂર્ણિમાને 'વ્યાસ પૂર્ણિમા' પણ કહેવાય છે, તે દિવસ એટલે અષાઢ સુદી ૧૫.

વસિષ્ઠનું 'યોગવાસિષ્ઠ' વૈરાગ્ય દ્વારા આત્મસાક્ષાત્કારનો માર્ગ દર્શાવનાર ગ્રન્થ છે.

## સમતા કઈ રીતે સધાય?

'સમયા ધમ્મમુદાહરે મુણી ।' સમતાનો ભાવ તે સામાયિક.

ભગવાને ધર્મ સમતામાં કહ્યો છે.

વીતરાગતા, અપ્રમાદ, મુક્તાવસ્થા આદિ સમતાના જ કાર્ય અને પર્યાય છે.

સમતા સર્વ ધર્મ - કર્મનું સાધ્ય છે.

રાગ - દ્વેષના નિરસનથી સમતા સધાય છે.

રાગ-દ્વેષથી કર્મપરમાણુઓ ખેંચાઈ આવે છે અને
તે કર્મ સર્વ ઉપદ્રવોનું કારણ બને છે.

રાગ-દ્વેષ એ વિષમતા છે, વિષમતા એ દુઃખનું મૂળ છે.
વિષમતા ટળવાથી ચૈતન્ય સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે
અથવા સ્વસ્વરૂપમાં સ્થિત થવાથી વિષમતા ટળે છે.
સ્વસ્વરૂપ = આનંદ - શક્તિ - જ્ઞાનનો અખૂટ સ્રોત.
સામાયિકનો ઉદ્દેશ = સ્વસ્વરૂપની ઉપલબ્ધિ - અનુભૂતિ.

સામાયિક સૂત્ર એ સંકલ્પ સૂત્ર છે,
તેમાં શબ્દોની રચના મંત્રાત્મક છે.

મંત્રની કૂંચી શબ્દની સાથે ભાવનામાં રહેલી છે.
ભાવનાયુક્ત શબ્દપ્રયોગ એ સમ્યક્પ્રયોગ છે,
તેમાં સૌ પ્રથમ ભગવાનની સ્મૃતિ અને
એમની સાક્ષીએ પ્રતિજ્ઞા કરાય છે કે:
'હું સાવદ્ય - પાપકારી પ્રવૃત્તિઓનું પ્રત્યાખ્યાન કરું છું.'

ભગવાનના સંબોધનથી વ્યક્તિનું પ્રકાશશરીર
એક પવિત્ર ધારામાં પ્રવાહિત થવા લાગે છે, જેથી
ભગવાન અને વ્યક્તિનો એકાત્મક સંબંધ સધાય છે.

<u>વિશ્વનો એક સામાન્ય નિયમ છે કે:</u>
લઘુશક્તિને વિરાટશક્તિ સદા પોતાની તરફ ખેંચે છે.

જ્યારે કોઈ એક વ્યક્તિ
સંકલ્પપૂર્વક ભગવાન પ્રતિ અભિમુખ બને છે, ત્યારે
તે ભગવાનની પવિત્રતા તરફ આકૃષ્ટ થવા લાગે છે.
ધ્યાનના સમયે એક વિદ્યુતધારા શરીરથી બને છે
અને તે ઝેરી વસ્તુ નિકટ અથવા દૂર થઈ શકે છે.
ભગવાનની સ્મૃતિ અને ધ્યાનના સમયે આપણી
પ્રાણધારા તે વિરાટની સાથે એકાત્મક બની જાય છે,
એથી આપણે પ્રભુતાની તરફ પ્રયાણ કરીએ છીએ.

'સાવજ્જંજોગં।'માં

યોગ શબ્દ મન, વચન અને શરીરની પ્રવૃત્તિનો સૂચક છે.
યોગના જ્યારે સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે
મન, વચન અને શરીર સ્વયમેવ સ્થિર બની જાય છે.
ગ્રન્થિ વિમોચનની એક સ્વસ્થ પ્રક્રિયા એટલે પ્રતિક્રમણ.
પ્રતિક્રમણ માટે દુષ્કૃતને દુષ્કૃત તરીકે સમજવું જરૂરી છે,
જે ભાવથી શક્ય બને. તે ભાવ જ્યારે શ્રદ્ધારૂપ બને,
ત્યારે અપકૃત્યની નિંદા થાય છે અને
સત્કર્મ આચરણમાં આવે, ત્યારે તે ગર્હારૂપ બને છે.
નિન્દા-ગર્હાના બળ વડે ફરી તે કર્મથી આત્મા બંધાતો
નથી, પછી વૈષમ્યમય આત્માનો વ્યુત્સર્ગ કરાય છે.

એ રીતે સમતામાં પ્રવેશ કરવાપૂર્વક
આનંદનો અનુભવ જ્યારે પ્રકૃતિને પ્રાપ્ત થાય છે,
ત્યારે ધર્મપૂર્ણતા બને છે, એ જ છે સિદ્ધિ યા મુક્તિ.

## નામજપનો અભૂતપૂર્વ મહિમા

'કલિયુગમાં ઈ નામ જહાજ'
એ શબ્દ સમાજનો આદર્શ છે.

શબ્દના અર્થમાં તન્મય બનવાનું નામ 'જાપ' છે.
ધ્યેય અને ભાવનાં સંગમને શબ્દમાં નિહિત કરી
તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન તે જપ. જપ એ
સાધકને સિદ્ધ કરવા અને આત્મ માને સમર્થ સાધન છે.
ધ્યેયમૂર્તિ અને ધ્યેયને સ્પષ્ટ કરવા તથા ચિત્તની ઉચ્ચ
અવસ્થામાં લઈ જવા માટે જપ એક ઉત્તમ માર્ગ છે,
પદસ્થ ધ્યાનની તે પૂર્વભૂમિકા છે.

નામનો મહિમા મોટો છે.

નામની સુધારસ પીવાથી સર્વ દુઃખ ટળે છે,
પાપમાત્ર દૂર થાય છે, અમર પદની પ્રાપ્તિ થાય છે.
સર્વ વસ્તુનો સાર નામસુધામાં સમાઈ જાય છે.
જેણે આ સુધારસ પીવાનો લ્હાવો માણ્યો છે, એને
પછી બીજી કોઈ વાતની ઇચ્છા કે આશા રહેતી નથી.

નામરસ જેણે જેણે પીધો છે,
તે પ્રત્યેક મનનશીલ મહામાનવોની પદવીને પામે છે.
નામરસ એકવાર પીધા પછી એનો અમલ જતો નથી.
મનનશીલને તે સદા ય આનંદરસમાં મગ્ન રાખે છે.
ભાંગને અનર્ગલ ધારે પાવો, તો પણ
તે છૂટે તેમ નથી, એ એની અદ્‌ભુત વિશિષ્ટતા છે.

## ભક્તિનો અપૂર્વ મહિમા

ભક્તિ ભોગ માટે નહિ પણ સ્વરૂપની પ્રાપ્તિ માટે છે.
ભક્તિનું મૂળ ભગવાન છે. જેને પરમાત્મપ્રીતિ છે,
તેણે પરમાત્મા પાસે આત્માની જ માગણી કરવાની.
પરમાત્માના ઉપકારનું સતત ચિંતન એજ ખરી ભક્તિ.
ભાવ કોઈ જીવની આશા રાખવામાં દુઃખ છે, પરન્તુ
પરમાત્માની આશા રાખવામાં પરમ સુખ છે.
આત્મસંતોષીને પરમાત્મા આત્મસ્વરૂપે ઘણું દાન કરે છે.
ભોગમાં સંતોષ રાખો અને ભક્તિમાં લોભ રાખો.

## નામસ્મરણથી નવા કર્મો ભરતો.

પરમાત્માનું નામ અને કર્મ અત્યન્તવાન છે,
પરમાત્માના સતત ચિન્તન અને
કીર્તનથી પરમાત્માનો યોગ થાય છે.

સંયમથી ભક્તિમાં સ્થિરતા આવે છે.
ભક્તિ કરી અને ભક્તિમાં જો આનંદ ન મળે,
તો તમારી ભક્તિમાં જ ઉણપ માનજો, કસ્તુરી
અત્તરની દુકાનમાં બેસો અને સુગંધ ન આવે,
તો નાકમાં જ કાંઈ ઉણપ હોવી જોઈએ.
ભક્તિમાં તન અને ધન ગૌણ છે, મન જ મુખ્ય છે.
ભક્તિ એ વૈરાગ્ય વિના પૂર્ણ થઈ શકતી જ નથી.
જેના જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય -
એ ત્રણે ય વસ્તુઓ પરિપૂર્ણ હોય,
એવા વક્તાની વાણીમાંથી રસાસ્વાદ પ્રાપ્ત થાય છે.
જે પ્રભુની સેવા કરે છે, તે જગતની સેવા કરે છે.
સતત ભક્તિ કરે, તેનો દેહ પણ સચ્ચિદાનંદ બને છે.
ભક્તિ અતિશય વધે છે, ત્યારે દેહ પણ દિવ્ય બને છે.
સ્વપ્નમાં પરમાત્માનાં દર્શન કરે, તે ધર્મ છે,
પરન્તુ દુર્જનમાં પરમાત્માને જુએ, તે મહાધાર્મિકતા છે.
ભક્તિ વધે, ત્યારે અભિમાન મરે તથા દીનતા આવે છે,
કિન્તુ અભિમાન વધે તો માનજો કે ભક્તિમાં ભૂલ છે.
કામથી કર્મ-ક્રોધથી જ્ઞાન અને લોભથી ભક્તિ હણાય છે.
પ્રભુ સન્મુખ દીવો કરવાથી અંતરનું અંધારું દૂર થાય છે.

ઈશ્વરથી વિભક્ત ન થવા દે, તેનું નામ 'ભક્તિ'.

માનવોને મળવાની ઈચ્છા તે વાસના અને
પ્રભુને મળવાની ઈચ્છા તે ભક્તિ.

જેમ યંત્રના સંગાથે પાણી ઉપર આવે છે, તેમ મંત્રના સંગાથે મન પરમાત્મા સુધી પહોંચી શકે છે.

સર્વમાં સદ્ભાવ રાખશો, તો સર્વ તરફથી તે મળશે.
સર્વમાં સદ્ભાવ રાખવો, તે તપ છે.

તપ કરે તેનું પતન નહિ. બાળકને ખોટું આવડતું નહિ, માટે તેમાં પરમાત્માનો અંશ છે. આંખથી દર્શન, જીભથી રટણ અને તનથી ધ્યાન ધરે, તો સિદ્ધિ શીઘ્ર થાય છે. દાનથી ધન - સ્નાનથી તન - ધ્યાનથી મન શુદ્ધ થાય છે. જપ વિના જીવન સુધરતું નહિ, કેમકે પાપ કરવાની આદત અનેક જન્મોથી છે. અંતઃકરણપૂર્વક જાપ કરવાથી જ એ આદત છૂટે. પ્રાયશ્ચિતથી પાપ સાથે પાપવાસના પણ જાય છે. પ્રભુ સંપત્તિ નહિ પણ સમય માંગે છે. જગતને રાજી કરવા કરતાં જગદીશને રાજી કરે, તો જગત આપોઆપ જ રાજી થશે. જગત સાથેનો સંબંધ કાચો છે, જગદીશ સાથેનો સંબંધ સાચો છે. ભક્તિમાર્ગમાં તર્કને સ્થાન નહિ પણ શ્રદ્ધાને સ્થાન છે.

અનેકમાં એકનો અનુભવ કરે, એનું નામ છે 'ભક્તિ'.
ભક્તિ વગર ન ચાલે તો પ્રભુદર્શન વગર કેમ ચાલે?

શરીરની શક્તિ માટે ભોજન જરૂરી છે, તો આત્માની શક્તિ - ઉન્નતિ માટે, દિવ્યતાની પ્રાપ્તિ માટે રોજ ઈશ્વરદર્શન અને ઈશ્વરની ભક્તિ જરૂરી છે.

અભાનપણે પણ ઈશ્વરના નામનું રટણ કરનારના પાપનો નાશ થાય, તો જેઓ ખરા અંતરના ભાવથી પ્રભુનામનું રટણ કરે, તો કેટલો મોટો લાભ થાય!

દુઃખની જેમ સુખ પણ પ્રારબ્ધથી મળે છે, એટલે સુખ મેળવવા નહિ પણ પરમાત્મા મેળવવા પ્રયત્ન કરો.

સદ્ગુરુ સંપત્તિ કે સંતતિ નહિ પણ સદ્દૃષ્ટિ આપે છે.
પરમાત્માનું નામ જ સાચો સદ્ગુરુ છે. સાચા સંત ન મળે, ત્યાં સુધી ભગવાનના નામને જ ગુરુ માનજો.

પરમાત્માના નામ સિવાય બધું જ નાશવંત છે.

પ્રેમ પરસ્પર છે, તમે પરમાત્મા સાથે પ્રેમ કરો અને પરમાત્મા પણ તમારી સાથે પ્રેમ કરશે.

જે ભગવાનને માથે રાખી વ્યવહાર કરે છે, તેને માટે મોક્ષના દ્વાર પણ ખુલ્લા થાય છે.

આરતી = પ્રભુદર્શન - મિલન માટે હૃદય આર્દ્ર બને તે.

## નવધા ભક્તિથી શું સધાય?

| | | | |
|---|---|---|---|
| દાસ્ય = લઘુતા | | અર્ચન = સેવન | |
| સખ્ય = સમતા | | ચિન્તવન = સ્મરણ | |
| આત્મનિવેદન = એકતા | | કીર્તન = શ્રવણ | |
| પાદસેવન = ધ્યાન | | વંદન = પૂજન. | |

આ સર્વ પગથિયે સમજણ તો આવશ્યક જ છે.
કામ - ક્રોધ - લોભ - મોહ - મત્સર આદિ શત્રુઓનો
નાશ કરવા હરિનું - અરિહંતનું નામ જપો, જેથી પાર થશો.
તીર્થંકરોની ભક્તિ આત્મપ્રસન્નતા માટે છે.
આત્મપ્રસન્નતાથી જે ફળ મળે છે,
તેમાં મુખ્ય નિમિત્ત પ્રભુની સેવા - ભક્તિ છે, તેથી
પૂજાના ફળની પ્રાપ્તિમાં પરમાત્મા નિમિત્તકર્તા બને છે.
સૂર્યનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે અને
દર્પણમાં પડેલું પ્રતિબિંબ દિવાલ ઉપર પડે છે.
સૂર્યના નિમિત્તથી જ પ્રકાશ પડતો હોવાથી
તેમાં પ્રબળ હેતુ તો સૂર્ય બને છે,
તેમ પ્રભુનું પ્રતિબિંબ ભક્તના મનમાં પડે છે અને
પ્રતિબિંબ પડે અભાવ - અભક્તિ દૂર થાય છે,
તેથી આત્મજ્ઞાન થવામાં પ્રબળ હેતુ પરમાત્મા છે.

મહાવીરની ટચલી આંગળીમાં પણ ઈશ્વરી અંશ છે, એ
જે જોઈ શકે, તેની પ્રાર્થના-ભક્તિ બળવાન કેમ ન બને?
એમાં નૂતન ચેતનાનો દિવ્ય સંચાર કેમ ન થાય?
દરેક પુરુષ અને દરેક સ્ત્રી દેવ અને દેવી હોય છે,
પરન્તુ પોતાના અજ્ઞાન નબળાઈથી અમુક
તેઓ અંચળો ઓઢી રાખ્યો છે. દરેક કિસ્સામાં કોઈ
વિરલ વ્યક્તિ આ અંચળાની પેલે પાર જોઈ શકે છે.
પોતાનામાં રહેલી દિવ્યતાનાં દર્શન ન કરી શકે,
એ મહાવીર ખરેખર એકાકી છે - અટૂલો છે.
ભજનની પંક્તિનો મર્મ પામવો, એ ભગવાનને જ
પામવા જેવો અલૌકિક અને અશબ્દ અનુભવ છે.
'પ્રાર્થનાત્ એવ ઇષ્ટસિદ્ધિઃ।'
પ્રાર્થિત વસ્તુની અપેક્ષા - અભિલાષા - તમન્ના હોય,
ત્યારે જ સાચી પ્રાર્થના થાય છે.
જેની ઇચ્છા કે આશંસા ન હોય, તેની પ્રાર્થના એ
દ્રવ્યપ્રાર્થના છે. પરાર્થકરણગુણની ઇચ્છા - આશંસા હોય,
તો તેની પ્રાર્થના સાચા દિલની ગણાય.
એ આશંસા સાથે જેમની પાસે પ્રાર્થના થાય,
તેમનામાં અચિન્ત્ય સામર્થ્ય હોવું જોઈએ.

અરિહંતના દર્શન, પૂજન, સ્મરણ, ધ્યાન, આજ્ઞાપાલનાદિ
કરે છે, તેમાં તેમનો અચિન્ત્ય પ્રભાવ કાર્ય કરે છે.

ભક્તની ભક્તિ કરતાં

ભગવાનની શક્તિ અચિન્ત્ય છે, માટે ભક્તિ કરે છે.
જેમ મંત્રાક્ષરોમાં અચિન્ત્યશક્તિ છે, તેમ તે તે મંત્રના
વાચ્ય પરમાત્મા આદિમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે.
પ્રભુના અચિન્ત્ય પ્રભાવને સ્વીકારવો, તે શુદ્ધિનો
શુભ ભાવ છે અને તેથી અંતરાયાદિ કર્મ તૂટે છે.
પરની સેવાનો લાભ મેળવવાની વૃત્તિ તે પરાર્થવૃત્તિ છે.
સર્વમાં સમદૃષ્ટિ રાખવાથી અસાધારણ શાંતિ મળે છે.

આંખને જોવાની, કાનને સાંભળવાની,
પગને ચાલવાની શક્તિ કોણે આપી છે?

આપણી અંદર રહેલ ચેતન, તે જ ભગવાન છે.
એનું સ્મરણ કરવાથી બેડો પાર થાય છે.
વંદનથી પ્રભુ બંધનમાં આવે છે.
નામસ્મરણથી વાસના દૂર ભાગે છે, પાપ હઠી જાય છે.
જ્યાં નામ છે, ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે.
જ્ઞાનમાર્ગમાં દૃષ્ટાપણું છે, જ્યારે
ભક્તિમાર્ગમાં દૃષ્ટા અને દૃશ્ય ઉભય છે.

સં. 2030, શ્રાવણ સુદી ૯, શનિવાર

પ્રભુ સાથેના સંબંધનું સાધન રાધા સહિત આરાધના છે.

શ્રી એ શક્તિનું સ્વરૂપ છે.

નામ પ્રકટ છે, સ્વરૂપ અપ્રકટ છે.

સ્વરૂપનું દર્શન આંખથી નહિ પણ બુદ્ધિથી થાય છે.

આ જગતમાં રહેવા છતાં

જગતનો સંબંધ છોડાવવા માટે પ્રભુનામનું સ્મરણ છે.

મંદિરમાં પ્રભુદર્શન એ સાધારણ ભક્તિ છે,

સર્વમાં પરમાત્મદર્શન એ અસાધારણ ભક્તિ છે.

આ નાશવંત શરીર પાસેથી શ્રી જિનેશ્વર ભગવંતોની આજ્ઞા મુજબનું જેટલું કામ લેવાય, તેટલું લઈ લેવું હિતકર છે, સમજદાર આત્માનું ખરૂં કર્તવ્ય છે.

## સત્સંગ ક્યાં શોધવા જવો?

કોઈ મહાન વિભૂતિ મળી આવે, તો આપણને મળવાનો તેને કદાચ સમય ન પણ હોય, જ્યારે અંતરાત્માનો સત્સંગ તમે ધારો ત્યારે અને ઇચ્છો એટલો સમય કરી શકો છો. અંતરાત્મા સદા જાગ્રત બેઠેલો હોય છે, તમારી રાહ જોતો હોય છે. અંતરાત્માની આડે આવેલો પટ ખોલવાની જરૂર છે, અંદર શ્યામસુંદર હાજરાહજુર છે.

અંતરાત્માનો અમૃતકુંડ એવો છે કે એમાં
ડૂબકી લગાવનાર જીવન્મુક્ત બનીને પરમ આનંદમય
બની જાય છે. સર્વોત્તમ તીર્થ અંદર જ રહેલું છે, માત્ર
અંતરમાં ડૂબકી લગાવવાની કલા શીખવાની જરૂર છે.

મનને આત્માના આનંદસાગરમાં ડૂબાડી,
આનંદમય બનાવવાની કલા યોગાભ્યાસથી પ્રાપ્ત થાય છે.
આનંદકંદ સમ અંતરાત્મા સૌના હૃદયકમળમાં વસે છે.
મનવચન અંતર્મુખ થાય, તો એનો સંપર્ક શક્ય બને.

કબીર કહે છે:

'ઘૂંઘટ કે પટ ખોલ, તોહે પિયા મિલેંગે.'

તમારા ચિન્તનનો મુખ્ય વિષય 'આત્મદર્શન' રાખો.

સંત થયા વગર કદી સંત મળતાં નથી.
સંત ન થઈએ, ત્યાં સુધી કોઈ સંતનો સમાગમ થાય,
તો પણ તેના ઉપર સદ્ભાવ થશે નહિ,
તેની વાતમાં શ્રદ્ધા જન્મશે નહિ.

દોષદૃષ્ટિ સંતમાં પણ દોષને જ શોધશે.
દોષ જોવાની આદત હોય તો સ્વદોષ જોતાં શીખજો,
તેનાથી દૈન્ય આવે છે, જે વિકાસનું કારણ બને છે.
સંત થવું હોય તો દૃષ્ટિ ગુણગ્રાહી બનાવજો.

જીવન ભોગ માટે નહિ પણ ભજન માટે છે.
કામ ઉપર વિજય મેળવે, તે કાળ ઉપર પણ મેળવે છે.
સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ આવ્યા પછી જ બ્રહ્મજ્ઞાન થાય છે.
સાચા સંતો મળવા દુર્લભ છે, મળે તો તેમની સેવા મળવી દુર્લભ છે, સેવા મળે તો કૃપા દુર્લભ છે.

સંતો કૃપા કરે, ત્યારે સંપત્તિના નહિ પણ
સન્મતિ અને સદ્બુદ્ધિના આશીર્વાદ આપે છે,
વિકારવાસનાનો નાશ કરાવી ભક્તિભાવનો રંગ લગાડે છે.
સંતોનો વિયોગ અને દુર્જનોનો સંયોગ દુઃખદાયક છે.
માતા-પિતાએ તન આપ્યું છે, માટે તનથી માતાપિતાની અને મન પ્રભુએ આપ્યું છે, માટે મનથી પ્રભુની સેવા કરવી.
માતા-પિતા ધન માગે છે તથા પરમાત્મા મન માગે છે,
કેમકે તેમને ધન કે તનની જરૂર નથી.
જીવનમાં ધન કરતાં ધર્મની વિશેષ જરૂર છે.
મનને સાચવે તે સંન્યાસી, તનને સાચવે તે સંસારી જાણે.
માતા - પિતા અને ગુરુને પ્રત્યક્ષ દેવ સમાન ગણી તેઓની સેવા કરવી, એ પુત્રો અને શિષ્યોનો ધર્મ છે.
ઓછી મહેનતે વધુ મેળવવાનો પ્રયત્ન પણ ચોરી છે.
માતા - પિતાની સેવા ન કરે, તે પણ ચોર છે.

મનને શાંત રાખે, તે સંત છે.

ઉઘાડી આંખે જે દેખાય છે, તે ખોટું છે પણ
સમાધિમાં સંતો જે જુએ છે, તે સાચું છે.

જગતમાં સત્‌શિષ્ય અતિ દુર્લભ છે.

સર્વમાં પરમાત્માના દર્શન કરાવે, તે સદ્‌ગુરુ.

વિચાર, વાણી અને વર્તનના સ્વાતંત્ર્યના યુગમાં
આજનો માનવી એકલો - અટૂલો પડી ગયો છે,
Synthesisની ભાવના જ ગુમાવી દીધી છે.

યોગ એ જીવનને સ્થૂલમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ કરાવી
આપણા આત્માનું અનુસંધાન
પરમાત્મા સાથે કરાવવાનો વિનમ્ર પ્રયોગ છે.

પ્રસન્નશાંતિથી કાર્ય કરનાર સત્ત્વગુણી,
કુશળ પ્રવૃત્તિમાં મશગૂલ રહેનાર રજોગુણી અને
શારીરિક શ્રમ વડે જીવનાર તમોગુણી છે.

અન્ન બગડે, ત્યારે મન બગડે, પાણી બગડે, ત્યારે
વાણી બગડે તથા વિચાર બગડે, ત્યારે વર્તન બગડે છે.

જેમ પાપીના સ્પર્શથી પાપ પ્રવેશે છે,
તેમ ધર્મીના સ્પર્શથી જીવનમાં ધર્મ પ્રવેશે છે.

પાપને પ્રગટ કરવાથી પાપ નાશ પામે છે.

## અજ્ઞાન ધ્યાન એટલે...

ધ્યાન સમયે ઈશ્વર સિવાય કોઈમાં મન ન જોડાય તે.

બ્રહ્મચિંતન કરતાં કરતાં જીવ બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે.

સંસારનું સર્વ સુખ સર્વને સરખું છે.

મનુષ્યને મિષ્ટાન્નમાં જે સુખ છે, તે જ સુખ પશુને ઘાસ ખાવામાં અને ભૂંડને વિષ્ટાભક્ષણમાં મળે છે.

ગાદી - તકિયામાં જે સુખ શ્રીમંતને મળે છે, તે જ સુખ ગધેડાને ઉકરડામાં આળોટતાં મળે છે.

ઊંચ-નીચ સર્વને ખાવા-સુવા-મૈથુનનું સુખ સરખું છે.

ભૂખ લાગી, ત્યારે ભાજી પણ મીઠી લાગે છે.

મીઠાશ મીઠાઈમાં નહિ પણ પ્રેમમાં - રુચિમાં છે.

ઇચ્છાશુદ્ધિ વિના ક્રિયાશુદ્ધિ થતી નથી.

તપ કરતાં ય ધર્મ શ્રેષ્ઠ છે. દેહનું જાળવવું, તે મંદિર જાળવવા જેવું છે, કેમકે દેહ એ પ્રભુનું મંદિર છે.

સુખ - દુઃખ એ મનના ધર્મ છે, આત્માના નહિ.

એક જ ચાવીથી તાળું બંધ થાય અને એ જ ચાવીથી ઊઘડે છે, તેમ મન જ બંધ તથા મોક્ષનું કારણ બને છે.

મન જો વિષયમાં જોડાય, તો બંધ માટે થાય છે અને જો નિર્વિષયી બને, તો મોક્ષ માટે થાય છે.

કાશ્મીર વધારે સુંદર છે કે કાશ્મીરને બનાવનારો?

વીતરાગનું દર્શન અને સાધુપુરુષોનું વંદન -

એ જ સાચા સુખની ચાવી છે.

આત્માને માટે જે પ્રિય લાગે, તે શ્રેય છે.

સંસારનાં બધાં સુખો પ્રેય છે, માત્ર પરમાત્મા શ્રેય છે.

અશાંતિનું મૂળ બહાર શોધે, તે બહિરાત્મા છે,

પરન્તુ અંદર શોધે, તે મહાત્મા છે.

ધર્મવૃત્તિ ધીરતા અને વીરતા આપે છે, ઉદારતા અને ગંભીરતા આપે છે, સમતા અને સહૃદયતા આપે છે, મૈત્રી અને નમ્રતા આપે છે, સુખ અને શાંતિ આપે છે.

વધારે પૈસાવાળાને કોઈ હૃદયથી યાદ કરતું નથી, પરન્તુ જેઓ વધારે દાન કરે છે, તેને જગત યાદ કરે છે.

સંયમ એ પણ ષટ્જીવનિકાયને અભયદાન છે, તેથી સર્વશ્રેષ્ઠ દાન છે, તેથી દેવો પણ સંયમીઓને નમે છે.

અવિરતિ કરતાં વિરતિનું બળ અધિક છે.

ક્ષણભરની વિરતિ અવિરતિના સૌ પાપોને ધોઈ નાંખે છે.

વિરતિ રૂપાળી કન્યા છે.

કિંમતી વસ્તુ રતિભાર તરીકે વેચાય છે, તેથી નાના પણ ત્યાગના નિયમની કિંમત ઘણી મોટી છે.

ભગવાનના નામની સાથે ધ્યાનથી, શ્રદ્ધાથી, આગ્રહથી
પ્રાર્થના થાય છે, ત્યારે તેની જુદી જ અસર થાય છે:

'હે પ્રભુ! મારી મેળે હું સફળ ન થઈ શકું, તેમ
તારો સાથ મળે તો હું નિષ્ફળ પણ ન જ બની શકું.
એમ મારા ભરોસે હાર છે, તેમ તારા ભરોસે વિજય છે.
જેટલો મારા હાથે હાર નિશ્ચિત છે,
તેટલો તારા હાથે વિજય નિશ્ચિત છે.
મારી વાસના કરતાં તારી કૃપા બળવાન છે.
મારા વિચારો કરતાં તારી પ્રેરણા બળવાન છે.
જે વિજય થશે, તે તારો જ હશે.
તારા નામની આબરૂ રાખજે, તારા ભક્તની લાજ રાખજે.'

પ્રભુ અને સદ્ગુરુની કૃપાથી જ
સ્વરૂપભૂત આનંદનો પ્રકાશ પ્રાપ્ત થઈ શકે.

બધી જ વસ્તુ શક્તિને આધીન છે.
પ્રથમ શક્તિનો વિકાસ અને પછી વિશ્વાસ.
બધી શક્તિઓમાં શ્રેષ્ઠ શક્તિ ઇચ્છાશક્તિ છે.
ઇચ્છાશક્તિ પ્રાપ્ત થયા પછી જ જ્ઞાનશક્તિ અને
ક્રિયાશક્તિ પોતાનું કાર્ય કરે છે. ઇચ્છાથી જ સર્વ
જ્ઞાન અને ઇચ્છાથી જ સર્વ ક્રિયાઓ થાય છે.

ઇચ્છાશક્તિ પ્રાપ્ત થાય, ત્યારે પ્રાકૃતિક
ઉપાદાન લઈને જ્ઞાન તથા ક્રિયાશક્તિ કામ કરી શકે છે.

ઇચ્છા અને ઇચ્છાશક્તિ વચ્ચે ભેદ છે.
અજ્ઞાન અવસ્થામાં જે ઇચ્છા હોય છે, એ જ ઇચ્છા
જ્ઞાનપૂર્ણ અવસ્થામાં ઇચ્છાશક્તિનું રૂપ ધારણ કરે છે.

શુદ્ધ (બુદ્ધ) સ્થિતિમાં ઇચ્છાશક્તિ પુષ્ટ થઈ,
અભાવ જતાં યોગી અંતર્મુખ બનીને ઇચ્છાશક્તિને ય
પ્રભુ ચરણમાં સમર્પણ કરી દે છે, એની સાથે જ
આહ્લાદિની કે પરમાનંદ શક્તિનો આવિર્ભાવ થાય છે.
ઇચ્છાની નિવૃત્તિ થવાની સાથે જ આનંદનો ઉદય
થાય છે અને વ્યક્તિ ચૈતન્યરાજ્યમાં પ્રવેશ કરે છે.

ઇચ્છાશક્તિ શ્રેષ્ઠ છે, પરન્તુ
પ્રથમ એનો વિકાસ થવો જરૂરી છે અને
એ પછી એની નિવૃત્તિ થવી પણ આવશ્યક છે.
ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા - એ ત્રણે શક્તિઓનો
સુંદર મેળાપ તે સર્વશ્રેષ્ઠ છે. - કવિરાજ ગોપીનાથ

ચિત્તશુદ્ધિનું અપર નામ છે સત્ત્વવિશુદ્ધિ.
તેનો પ્રધાન ઉપાય છે શુભ ભાવ.
ભાવ અને ભક્તિથી યુક્ત ચિત્ત એ જ વિશુદ્ધિ છે.

ભિનાભિન અને જવાબીમાં પડે તે અંતર ધ્યાન છે.

ભક્તિનો અર્થ કેવળ દાસતા નહિ, કિન્તુ આરાધ્ય દેવ સાથે કિંચિત્ એકતા યા અભેદતાની અનુભૂતિ છે.

પરમાત્મચેતનાનો પ્રકાશ શુદ્ધ ચિત્તમાં પ્રતિબિંબિત થાય છે. ચિત્તમાં રહેલાં અસંખ્ય દોષમાં મુખ્ય બે છે: રાગ-દ્વેષ. રાગ વૈરાગ્યથી અને દ્વેષ મૈત્રીથી જાય છે.

સાધનાનું ધ્યેય વીતરાગભાવને જાગ્રત કરવો તે છે.

શબ્દમાં અર્થવ્યાપકતા અને અર્થમાં શબ્દબોધતા પર્યાય છે.

શબ્દ અને અર્થનો ભેદાભેદ સંબંધ છે.

'અગ્નિ' શબ્દના ઉચ્ચારણથી દાહ થતો નથી, તેથી સ્વભાવકૃત અભેદ નહિ પણ ભેદ છે અને 'અગ્નિ' શબ્દથી અગ્નિ પદાર્થનું ભાન થાય છે પણ જલાદિનું નહિ, તેથી તેમાં સાંકેતકૃત અભેદ પણ છે.

પ્રણવિસ્તાર એટલે ઈશ્વરમાર્ગ. ઉપેક્ષા એટલે અવગણના.

કરુણા એટલે દયા, અનુકંપા, સહાનુભૂતિ.

માતાની જેમ મૈત્રી - પ્રેમ - સ્નેહ - હેત કરવું જોઈએ. સામાની વેદનાનો અનુભવ જ પોતાનો અનુભવ બનાવવો. જીવોની જોડે તાદાત્મ્ય સાધી પોતે તે જ બની જાય, તે અનુકંપા છે. અનુ = પશ્ચાત્, કંપ = સ્પંદિત થવું.

## નામનિક્ષેપ એટલે...

સંજ્ઞાસૂચક શબ્દની પાછળ જે વિશેષણ વપરાય તે.

## સ્થાપનાનિક્ષેપ એટલે...

જે અર્થ સદ્રૂપ નથી, તેને તદ્રૂપ માની લેવું તે.

## દ્રવ્યનિક્ષેપ એટલે...

જેમાં વર્તમાન પર્યાય નથી એવા અતીત, ભાવિ અથવા અનુપયુક્ત અવસ્થાને વર્તમાન પર્યાયથી ઓળખાવનારું છે.

## ભાવનિક્ષેપ એટલે...

વાચક દ્વારા સંકેતિત ક્રિયામાં પ્રવૃત્ત વ્યક્તિ.

દ્રવ્ય - ભાવનિક્ષેપમાં શબ્દ વ્યવહારના નિમિત્તે જ્ઞાન અને ક્રિયા બંને ઓળખાય છે.

(૧) જ્ઞાન = આગમથી દ્રવ્ય - ભાવ (જાણવાવાળા).
(૨) ક્રિયા = નોઆગમથી દ્રવ્ય - ભાવ (કરવાવાળા).

જ્ઞાનની બે દશા : દત્તચિત્તતા અને એનો અભાવ. અર્થાત્ એક ઉપયોગવાળો, બીજો અનુપયોગવાળો.

જાણવાવાળાની બે દશા : જ્ઞશરીર, ભવ્યશરીર.

તદ્વ્યતિરિક્ત એને કહેવાય કે જ્યારે વસ્તુની ઉપકારક સામગ્રીમાં વસ્તુવાચી શબ્દનો વ્યવહાર કરાય છે.

નય અને નિક્ષેપ વચ્ચે વિષય - વિષયીનો સંબંધ છે.

નામાદિ ત્રણે નિક્ષેપ એ દ્રવ્યનયના વિષય છે અને
ભાવનિક્ષેપ એ પર્યાયનયનો વિષય છે.

દ્રવ્ય = અન્વય. ભાવમાં અન્વય હોતો નથી.

ભાવનો સંબંધ કેવળ વર્તમાન પર્યાયની સાથે હોય છે.

નિક્ષેપ એ ભાષા અને ભાવની સંગતિ છે.

**સત્યને કઈ રીતે જાણી શકાય ?**

સાપેક્ષિક ભાષા - પ્રયોગ - અર્થની સ્થિતિને અનુરૂપ
શબ્દરચના આ પ્રયોગ એજ સત્યનું મહાન તત્ત્વ છે.
નિક્ષેપદૃષ્ટિની અપેક્ષા વડે જ સત્યને જાણી શકાય.

નિક્ષેપ = વસ્તુવિન્યાસના દરેક પ્રકાર
અથવા પ્રસ્તુત અર્થનો બોધ કરાવનાર શબ્દરચના.

નિક્ષેપ પદ્ધતિ એટલે...
અર્થનું શબ્દમાં આરોપણ કરવું તે.

દ્રવ્યનિક્ષેપ = શરીરાદિ.

ભાવનિક્ષેપ = તે તે પદના ગુણોથી સંપન્ન એનો આત્મા.

**નિક્ષેપનું ફળ શું ?**

અપ્રસ્તુત અર્થને દૂર કરી
પ્રસ્તુત અર્થનો બોધ કરાવવો, તે નિક્ષેપનું ફળ છે,
જેથી સંશય - વિપર્યય દૂર થાય છે.

નિક્ષેપ એટલે...

શબ્દનો અર્થમાં અને અર્થનો શબ્દમાં આરોપ કરવો.
શબ્દમાં ભાવને ઉત્પન્ન કરવાની જે શક્તિ છે,
તેનું સાદૃશ્ય શક્તિ સ્થાપનામાં છે.

નામ અને સ્થાપના કરતાં દ્રવ્ય અંતરંગ હેતુ છે, કેમકે
વસ્તુની સાથે તે કથંચિત્ તાદાત્મ્ય સંબંધ ધરાવે છે.
ભાવને ઇચ્છનારે નામાદિને પણ ઇચ્છવાં જોઇએ, કેમકે
નામ એ વાચ્ય-વાચક સંબંધથી, સ્થાપના એ સ્થાપ્ય-
સ્થાપક સંબંધથી તથા દ્રવ્ય એ કાર્ય-કારણ સંબંધથી
ભાવનિક્ષેપની સાથે સંબંધિત છે.

પ્રથમના ત્રણ નયો ત્રણ પ્રકારના કારણોને,
ઋજુસૂત્ર નય બે પ્રકારનાં કારણોને અને
શબ્દાદિ 3 નયો એક ક્ષયોપશમને જ કારણ માને છે.
પ્રથમના ચાર નયો ચારે પ્રકારના નિક્ષેપને ઇચ્છે છે.
નમસ્કાર એ જીવનો ગુણ હોવાથી જીવસ્વરૂપ છે.
નમસ્કારનો સ્વામી પ્રથમના ત્રણ નય મુજબ નમસ્કાર્ય છે.
ઋજુ સૂત્રના મતે નમસ્કાર કરનારો સ્વામી છે.
નમસ્કાર શબ્દ, જ્ઞાન અને ક્રિયારૂપ છે, તે ત્રણેના
સ્વામી તેને કરનાર છે, કેમકે કરનારને આધીન છે,

કરનારના ગુણ રૂપ છે, ગુણ કરનારને મળે છે,
ક્ષયોપશમ કરનારમાં થાય તથા કરનારના પરિણામરૂપ છે,
તેથી તેનું સ્વામિત્વ કરનારનું છે.
શબ્દાદિ નયોના મતે તો તદુપયોગવાન પૂજ્યનો નમસ્કાર છે.
ઉપયોગરૂપ જ્ઞાન એ જ નમસ્કાર છે, તેથી
તે મતે શબ્દ અને ક્રિયા પણ નમસ્કારરૂપ નથી.
નમસ્કારનું સાધન નમસ્કારાવરણીય કર્મ છે.
નમસ્કારનો લાભ થાય, ત્યારે એની સાથે
મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વનો લાભ થાય છે.
અધિકરણ સ્વામિત્વની જેમ સમજી લેવું.
શબ્દાદિ જ્ઞાનનયો નમસ્કાર એ
શરીરની અંદર નહિ પણ જીવની અંદર જ માને છે.
ઉપયોગની અપેક્ષાએ નમસ્કારની સ્થિતિ
જઘન્ય યા ઉત્કૃષ્ટ - માત્ર અંતર્મુહૂર્ત જ છે અને
લબ્ધિની અપેક્ષાએ એ સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત
તથા ઉત્કૃષ્ટથી સાધિક ૬૬ સાગરોપમ છે.

નમસ્કારના પાંચ પ્રકાર કે ભેદ

પ્રથમ સત્પદ પ્રરૂપણામાં ગતિ - ઇંદ્રિયાદિ માર્ગણાઓમાં
કેવી રીતે વિદ્યમાન છે, તેનો વિચાર છે.

આઠે ગતિમાં પૂર્વ પ્રતિપન્ન અવશ્ય હોય છે.

પ્રતિપદ્યમાનની ભજના છે.

એ રીતે ઇંદ્રિયાદિ માર્ગણાઓમાં વિચારી લેવું.

સંખ્યા પ્રતિપદ્યમાન જઘન્યથી

એક - બે - ત્રણ અને ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના
અસંખ્યેય ભાગના પ્રદેશરાશિ પ્રમાણ.

સંખ્યા પૂર્વ પ્રતિપન્ન જઘન્યથી

સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્ય વિભાગના રાશિપ્રમાણ
અને ઉત્કૃષ્ટથી વિશેષાધિક ક્ષેત્રપ્રરૂપણામાં
ઊંચે અનુત્તરમાં જતાં સાત રાજ અને નીચે છઠ્ઠી
નરકમાં જતાં પાંચ રાજપ્રમાણ - સ્પર્શના કોઈક અધિક.
પરમાણુક્ષેત્ર ૧ આકાશપ્રદેશ, સ્પર્શના ૭ આકાશપ્રદેશ.

કાળપ્રરૂપણા = એક જીવની અપેક્ષાએ
જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલ પરાવર્ત.
કાળપ્રરૂપણા = અનેક જીવોની અપેક્ષાએ સર્વ કાળ.
અંતર = એક જીવની અપેક્ષાએ જઘન્યથી અંતર્મુહૂર્ત
અને ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલ પરાવર્ત. નાના જીવની
અપેક્ષાએ અંતર નથી. ભાવપ્રરૂપણામાં ક્ષયોપશમ,
ક્ષાયિક તથા ઔપશમિક ભાવે હોય, અન્ય ભાવે નહિ.

ભાવપ્રરૂપણામાં પામેલાં કરતાં નહિ પામેલાં અનંતગુણા હોય.
અલ્પ - બહુત્વમાં ઉપશમવાળા અલ્પ,
ક્ષયોપશમવાળા અધિક તથા ક્ષાયિકવાળા સર્વથી અધિક.
સંસારીની અપેક્ષાએ ક્ષાયિક કરતાં ક્ષયોપશમવાળા અધિક.
છ પ્રકારે પણ પ્રરૂપણા થાય : સંહિતાસહિત, પદ, પદાર્થ,
પદવિગ્રહ, શંકા (ચાલના) અને પ્રત્યવસ્થાન (સમાધાન).

દુષ્કૃતના ચાર પ્રકાર

નિષિદ્ધનું કરવું, વિહિતનું ન કરવું, અશ્રદ્ધા કરવી
અને વિપરીત પ્રરૂપણા કરવી, તે અનુક્રમે
માનસિક, વાચિક અને કાયિક - એમ ત્રણ પ્રકારે છે.
મંગલ કરવાથી કાર્યની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ થાય છે.
બધાં દોષોનું મૂળ કષાયો અને રાગ - દ્વેષ છે.
કષાયથી સંસાર છે, કષાયમુક્તિથી મોક્ષ છે.
અશ્વ | ગૌ | ઈત્યાદિ નામિક પદો છે.
એવં | ખલુ | ઈત્યાદિ નૈપાતિક પદો છે.
અનુ | પરિ | ઈત્યાદિ ઔપસર્ગિક પદો છે.
'ગચ્છતિ |' 'ધાવતિ |' ઈત્યાદિ આખ્યાતિક પદો છે
અને સંયત | નિયત | આદિ મિશ્ર પદો છે.
પદની આદિ અને અંતમાં પડે, તે 'નિપાત' કહેવાય.

આત્મજ્ઞાનનાં લક્ષણો એટલે...

શુદ્ધ વિચાર, સંકલ્પ અને ભાવ.

શુદ્ધ આચાર એ કર્તવ્ય છે - ક્રમિકતા છે.
કોઈનું પૂજન અથવા વિનય કરવો,
તે શુદ્ધ વિચારવાન વ્યક્તિનું જ કાર્ય છે.
જે જ્ઞાનમાં આત્માનું ધ્યેય ન હોય,
આસ્રવને છોડવાની, સંવરને આદરવાની બુદ્ધિ ન હોય,
મિથ્યાત્વ મોહનીયને - ચારિત્રમોહનીયને દૂર કરવાની
બુદ્ધિ ન હોય, તે જ્ઞાન ચોરની ચતુરાઈ જેવું ગણાય.
ચતુરાઈ અને ચકોરાઈની સાથે માણસાઈ હોવી જોઈએ.
જે જ્ઞાનથી માનાદિ કષાય વધે, તે સમ્યગ્જ્ઞાન નથી.
જ્ઞાન વિના શ્રદ્ધા થવાની નથી તો પણ
આરાધના - ક્રિયામાં તે જ જ્ઞાન આવે,
કે જે જ્ઞાન પવિત્ર માન્યતાવાળું હોય, એમ કે:
'આસ્રવ હેય અને સંવર ઉપાદેય - આદરણીય'.
ધર્મના માર્ગ વિરુદ્ધનાં જેટલાં દુનિયાદારીનાં જ્ઞાન છે,
તે નવપદની અપેક્ષાએ અજ્ઞાન જ છે.
એમ જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન છે, તેમ
સંસારને વધારનારું જ્ઞાન પણ અજ્ઞાન જ છે.

તત્ત્વ (૭) છે, પદાર્થ (૯) છે.

પદાર્થ કરેવાથી તત્ત્વપણું જતું નથી.

જાણવાનું ફળ અનર્થથી બચવું - ઇષ્ટને મેળવવું, તે ન રહે, ત્યાં જ્ઞાન પણ અજ્ઞાન છે, દેખતો ય આંધળો છે.

જાણવું તે જાણવામાત્રથી ફળરૂપ નથી,

કિન્તુ વર્તનથી ફળરૂપ છે.

ધર્મને સમજાવનારૂં જ્ઞાન, તે જ 'જ્ઞાન' છે.

આચારમાં મૂકવા માટે જ્ઞાન ભણવાનું છે. જ્ઞાન જ્ઞાન તરીકે સાધ્ય નથી પણ ક્રિયાનાં સાધન તરીકે સાધ્ય છે.

આંખ બધાને જુએ પણ પોતાને નહિ, તે દોષ છે છતાં તેમાં ગુણ પણ છે કે બહારના ઘણાં કચરાને જોતાં પોતાનામાં પડેલાં એક કણાંને પણ તે સહન ન કરે, તેથી તે કણાંને દૂર કરીને જ જંપે.

આત્મારૂપ કાળ અને કુટુંબકબીલો તે કૂતરી.

કાળની કૂતરીની ચિંતા પણ કાળની નહિ?

આત્મા અંગે કશી વિચારણા જ નહિ? શુભ ક્રિયાના આદરની સાથે અશુભ ક્રિયાના ત્યાગની પ્રથમ જરૂર છે,

એ સિદ્ધાંત છે કે:

કરે તે ભોગવે એમ નહિ પણ વિચારે તે બચે.

ઉત્પત્તિની અપેક્ષાએ અશુભનો ત્યાગ મુખ્ય અને
પ્રધાનતાની અપેક્ષાએ શુભનો આદર મુખ્ય છે.

ચિતિશક્તિ અક્રિય જ્ઞાનાત્મા,
નિજરૂપમાં પ્રતિષ્ઠિત અક્રિય ચિત્તના સંપર્કથી રહિત
ત્રિગુણાતીત અવસ્થામાં વર્તમાન થઈ જાય છે,
પ્રાકૃતિક બંધન છૂટી જાય છે અને
અનંત પરમાત્માના આશ્રયમાં અવ્યાહતગતિએ વિચરે છે.

મોક્ષમાં કેવળ જ્ઞાનશક્તિ રહે છે, તેથી તે
'કૈવલ્ય' પદ કહેવાય છે. તે વખતે કેવળ સ્વસ્વરૂપ જ
શેષ તરીકે રહે છે. વ્યુત્થાનમાં વૃત્તિઓ સાથે અભેદ છે,
ધ્યાનમાં સ્વરૂપ સાથે અભેદ છે.

વ્યુત્થાનકાળમાં જીવ ચિત્તવૃત્તિની સમ વૃત્તિવાળો બને છે.
વિષયાસક્ત ચિત્ત ક્લેશસહિત છે, વિરક્ત ચિત્ત ક્લેશ
વગરનું અને પરમેશ્વરની ઉપાસનામાં રક્ત હોય છે.

'સત્કાર'નો અર્થ છે કે:

દર્શન = શ્રદ્ધાસહિત, જ્ઞાન = વિદ્યા,
ચારિત્ર = બ્રહ્મચર્ય તથા તપ = તિતિક્ષા,
બાહ્યાંતર તપ સહિત યુક્તાહાર - વિહાર.
બ્રહ્મચર્ય = મન, ઇંદ્રિયોને બાહ્યવિષયોથી નિરુદ્ધ કરવા.

દાનાદિની પ્રવૃત્તિ એ પ્રવૃત્તિરૂપ ધર્મ છે.
જ્ઞાનાદિની સાધના એ પરિણતિરૂપ ધર્મ છે.
જ્ઞાનધ્યાનાદિની આરાધના એ નિવૃત્તિરૂપી ધર્મ છે.

જે જે ક્રિયાથી લક્ષ્યની વિશુદ્ધિ તથા પરિણામની શુદ્ધિ થાય, તે તે ક્રિયા પ્રવૃત્તિરૂપ અને એના ફળરૂપે જે પરિણામની વિશુદ્ધિ થાય, તે પરિણતિરૂપી ધર્મ છે.

ધર્મની પરિણતિ પ્રવૃત્તિને સુધારે છે અને પ્રવૃત્તિની શુદ્ધિ પરિણામને સુધારે છે. આમ પરિણતિ અને પ્રવૃત્તિ મળીને ધર્મ બને તથા એ ધર્મ દુર્ગતિમાં પડતાં જીવને ધારણ કરીને સદ્ગતિમાં સ્થાપે છે.

°

Love those who hate you. Do good unto those who persecute you. The Law of moses: 'an eye for an eye, and a tooth for a tooth.'

Love & hate are the opposite poles of human emotion. Kingdom of Heaven - The Brahmic splendor - The ultimate.

There is one life expressing itself in many forms.

## સમાધિના વિવિધ પ્રકાર

સ્વને સ્થૂળ અને સૂક્ષ્મ જડથી ભિન્ન સમજી
સંતોષ થવો, તે સાનન્દ સમાધિ છે.
સાસ્મિત સમાધિ એટલે... સ્વસ્વરૂપને જ ચિંતવવું તે.
સંપ્રજ્ઞાત - સંપ્રજ્ઞાન - સમ્યક્ બોધ થવામાં
વસ્તુ આલંબનરૂપ છે અને જેમાં પોતાના સિવાય
કોઈ આલંબન નથી, તે અસંપ્રજ્ઞાત સમાધિ છે.

## ઉપાયપ્રત્યય અને ભવપ્રત્યય

ભવપ્રત્યય વિદેહ અને પ્રકૃતિલય જીવોને હોય છે,
ઉપાયપ્રત્યય મુમુક્ષુ જીવોને હોય છે.

## પાંચ ઉપાય કયા કયા છે?

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા.
ચિત્તનો ઉલ્લાસ તે શ્રદ્ધા છે.
શ્રદ્ધા માતાની જેમ યોગીની રક્ષા કરે છે.
શ્રદ્ધામાંથી બળ - વીર્ય ઉત્પન્ન થાય છે,
બળ - વીર્યમાંથી સ્મૃતિશક્તિ જન્મે છે,
તેમાંથી નિર્બીજ સમાધિ સ્થિર થાય છે અને
તેમાંથી પ્રજ્ઞા - વિવેક પ્રકટે છે,
તેથી વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે.

## યોગવૃક્ષનો પરિવાર

યમ અને નિયમ એ યોગવૃક્ષના બીજ ગણાય છે,
આસન તથા પ્રાણાયામ એ યોગવૃક્ષના અંકુર છે,
પ્રત્યાહાર એ યોગવૃક્ષના પુષ્પ ગણાય છે અને
ધારણા - ધ્યાન વગેરે યોગવૃક્ષના ફળ ગણાય છે.

**યોગાંગાનુષ્ઠાનથી અશુદ્ધિનો વિયોગ અને
વિવેકજ્યોતિનો લાભ થાય છે.**

યમ - નિયમના પાલનથી ચિત્તની નિર્મળતા થાય છે.
તે બહિરંગ કારણ છે, પ્રાણાયામાદિક અંતરંગ સાધન છે.

**યોગમાં શ્રદ્ધા થવાથી ચિત્ત પ્રસન્ન થાય છે.**

**પ્રસન્ન ચિત્તમાં વિસ્મય, પુલક, પ્રમોદ ઉત્પન્ન થાય છે.**

**શ્રદ્ધા = યોગીનો અભિલાષ, તેને 'સંવેગ' પણ કહે છે.**

શ્રદ્ધાથી ઉત્સાહ - ધૃતિ - ધારણા - ધ્યાન - અવધાન -
જ્ઞાન - અભ્યાસ વગેરે ઉત્પન્ન થાય છે અને
વૈરાગ્યથી સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ બને છે.
પ્રથમ ભેદનો વિચાર તે વિતર્ક અને પછી અભેદનો
વિચાર તે વિચાર છે, એમ પણ સમન્વય થઈ શકે.

સ્થૂલ સૃષ્ટિનો વિચાર તે વિતર્ક છે,
સૂક્ષ્મ જગતનો વિચાર તે વિચાર છે.

અવિદ્યાદિ પાંચ ક્લેશો મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યય છે.
બધા ક્લેશોનું મૂળ ઇંદ્રિયો છે,
વિષયો તરફની આસક્તિ છે તથા જે વૈરાગ્યથી ટળે છે.
શરીરાદિ સ્થૂળ પદાર્થો અને લોક - લોકાન્તમાં રહેલાં
પ્રતિપળ વિધ્વંસી સૂક્ષ્મ પદાર્થોમાં નિત્યબુદ્ધિ તથા
આત્માદિ નિત્ય પદાર્થોમાં અનિત્યબુદ્ધિ -
એ અવિદ્યાનો પ્રથમ ભાગ છે.
ઈશ્વર, જીવ, જગતનું કારણ, ક્રિયા - ક્રિયાવાન્,
ગુણ - ગુણી, ધર્મ - ધર્મી વગેરે સર્વ નિત્ય પદાર્થો છે.
મળ - મૂત્રાદિ અશુચિના સમુદાયરૂપ શરીરમાં શુચિપણાંની
બુદ્ધિ અને સ્પર્શેન્દ્રિયના ભોગમાં અત્યંત પ્રીતિ પણ
અપવિત્રમાં પવિત્રપણાંની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

## અવિદ્યાના વિવિધ પ્રકાર

જળશૌચમાં શૌચપણાંની બુદ્ધિ તથા ઈશ્વરોપાસના, પ્રેમ,
સત્સંગ, ધર્માચરણ, સત્યભાષણ, સંયમ, પરોપકારાદિ
શુદ્ધ વ્યવહાર તથા પદાર્થોમાં અપવિત્રપણાંની બુદ્ધિ,
વિષયભોગાદિ દુઃખમાં સુખબુદ્ધિ અને શમ, સંતોષાદિ
સુખમાં દુઃખબુદ્ધિ, અનાત્મામાં આત્મબુદ્ધિ અને
આત્મામાં અનાત્મબુદ્ધિ, એ સર્વ અવિદ્યાના પ્રકાર છે.

પુદ્ગલમાં અપુદ્ગલબુદ્ધિ અને અપુદ્ગલમાં પુદ્ગલબુદ્ધિ તથા
લોકોનું સાધન શરીર છે, આત્માનું સાધન મન છે,
તેમાં પોતાપણાંની બુદ્ધિ કરવી, તે પણ અવિદ્યા છે.
શરીર અને મનથી આત્માને અલગ ન માનવો,
તે પણ અવિદ્યા છે.
અવિદ્યા એ વિદ્યાનો અભાવ નહિ પણ વિપરીત વિદ્યા છે.
શરીરની સાથ ઇંદ્રિય અને બુદ્ધિ પણ
આત્માને અભિન્ન માનવો, તે અવિદ્યા છે.
સંયોગને અંતે વિયોગ અને વિયોગને અંતે સંયોગ,
ક્ષય પછી વૃદ્ધિ અને વૃદ્ધિ પછી ક્ષય,
આમ બધી વસ્તુ અનવસ્થિત છે, કારણકે દ્રવ્ય પ્રકૃતિ
નિત્ય છે અને કાર્ય દ્રવ્ય સંયોગ - વિયોગ અનિત્ય છે.
પ્રકૃતિ ઉપાદાન છે તથા પરમેશ્વર નિમિત્ત કારણ છે,
એ બંને કારણ નિત્ય છે.
અભિનિવેશ = 'હું મરું નહિ, જીવતો રહું' એવી તીવ્ર ઇચ્છા.
એથી પૂર્વ જન્મનો અનુભવ સિદ્ધ થાય છે.
ઇચ્છા એ અનુભૂતિનું ફળ છે.
પૂર્વ મરણોના દુઃખાનુભવના ફળરૂપે તે છે.
વસ્તુનો ત્યાગ કે ગ્રહણ એ યથાર્થ જ્ઞાનનું ફળ છે.

સ્થૂલવૃત્તિ અલ્પપ્રબલવાળી છે, સૂક્ષ્મવૃત્તિઓ વધુ પ્રબલ છે.
જેમ વસ્ત્રનો સ્થૂલ મળ જલદી ધોવાય છે અને
સૂક્ષ્મ મળ અધિક યત્ન અને ઉપાયથી જાય છે, તેમ
સ્થૂલવૃત્તિઓ થોડાં પ્રતિપક્ષથી જાય છે,
સૂક્ષ્મવૃત્તિઓ દૂર કરવા મહાપ્રતિપક્ષ જોઈએ.

દૈવત્વની પ્રાપ્તિ એટલે...

દૈવી સ્વભાવ અથવા દિવ્ય જીવનની પ્રાપ્તિ.
સમ્યગ્દર્શન અને યથાર્થ જ્ઞાન સર્વ દુઃખોના છેદનું કારણ
હોવાથી વિવેકી - વિચારશીલ યોગી તેનું શરણ શોધે છે.

ચિકિત્સાશાસ્ત્રના ચાર વિભાગ

રોગ, રોગહેતુ, આરોગ્ય અને આરોગ્યહેતુ ઔષધ.

યોગશાસ્ત્ર પણ ચાર વિભાગવાળું છે:

સંસાર, સંસારહેતુ, મોક્ષ, મોક્ષોપાય.
હેય = દુઃખરૂપ સંસાર, હેયહેતુ = પ્રકૃતિ - પુરુષસંયોગ,
હાન = સંયોગનો અત્યન્તાભાવ, ઉપાય = સમ્યગ્દર્શન.
તસ્ય સપ્તધા પ્રાન્તભૂમૌ પ્રજ્ઞા । પા. યોગદર્શન - ૨/૨૭
અર્થ: તેમની (ઉત્પન્ન વિવેકખ્યાતિવાળા પુરુષની)
પ્રજ્ઞા (જ્ઞાતજ્ઞેયના વિવેકવાળી) પ્રાંતભૂમિમાં
(સકલસાલંબન સમાધિભૂમિ સુધી) સાત પ્રકારની હોય છે.

સાત નિવૃત્તિમાં પહેલી ચાર 'કાર્યનિવૃત્તિ' છે અને
પછીની બાકી ત્રણ 'ચિત્તનિવૃત્તિ' છે.

ચાર પ્રકારની કાર્યનિવૃત્તિ

જ્ઞાતવ્ય, હાતવ્ય, પ્રાપ્તવ્ય અને કર્તવ્ય ન રહેવાથી
જિજ્ઞાસાનિવૃત્તિ, જિહાસાનિવૃત્તિ,
પ્રેપ્સાનિવૃત્તિ અને ચોથી તે ચિકીર્ષાનિવૃત્તિ છે.

ત્રણ પ્રકારની ચિત્તનિવૃત્તિ

શોકનિવૃત્તિ, ભયનિવૃત્તિ અને ત્રીજી વિકલ્પનિવૃત્તિ છે.

વિપક્ષ ભાવન એટલે...

વ્રતભંગથી અનંત અલાભ અને દુઃખની પ્રાપ્તિ
તથા વ્રતપાલનથી અનંત લાભ અને સુખની પ્રાપ્તિ.
બ્રહ્મચર્ય રૂપ તપથી રાજા રાજ્યનું રક્ષણ કરે છે અને
બ્રહ્મચર્યના બળથી આચાર્યમાં ધર્મશાસ્ત્રાદિને
ભણવા - ભણાવવાનું બળ પ્રાપ્ત થાય છે.
બ્રહ્મચર્યથી શરીરબળ અને બુદ્ધિબળ - બંને વધે છે.

શૌચાત્સ્વાંગ - જુગુપ્સા - પરૈરસંસર્ગઃ । - ૨/૪૦

બાહ્યશૌચની સિદ્ધિથી દેહાધ્યાસની નિવૃત્તિ અને
એકાંત સેવનની વૃત્તિ ઉત્પન્ન થાય છે.
આંતરશૌચની સિદ્ધિના ફળ રૂપે

અંતઃકરણની શુદ્ધિ, મનની પ્રસન્નતા, એકાગ્રતા,
ઇંદ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

તપ = શરીર અને મનને તપાવીને શુદ્ધ કરે તે.

શાસ્ત્રસ્વાધ્યાયથી ઈશ્વરાદિ વિષયક નિર્ણયાત્મક થવું
તથા મન-વચન-કાયા વડે ઈશ્વરાર્પણ બુદ્ધિથી વર્તવું.
સ્વાધ્યાયથી દિવ્ય ગુણવાન પુરુષોનો સંસર્ગ થાય છે.
ઈશ્વરપ્રણિધાનથી સમાધિસિદ્ધિ થાય છે.

तपः - स्वाध्याय - ईश्वरप्रणिधानानि क्रियायोगः |
समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च |
स्वाध्यायः प्रणवादिपवित्राणां जपो मोक्षशास्त्रा-
ध्ययनं वा | ईश्वरप्रणिधानं सर्व क्रियाणां
परमगुरावर्पणं तत्फलसन्न्यासो वा | (परिशिष्ट-५)

આસન = શરીર અને આત્મા સ્થિર-સુખપૂર્વક રહે તે.
શરીરની સ્થિરતા પ્રયત્નના અભાવથી અને
આત્માની સ્થિરતા અનંતની સમાપત્તિથી થાય છે.
અનંત આકાશ અથવા અનંતબ્રહ્મ - પરબ્રહ્મમાં
ચિત્ત જોડવાથી ચિત્તની ચંચળતા ક્ષય પામે છે.

સંતોષ = ધર્મધ્યાનમાં મસ્ત રહેવું, દુઃખમાં શોકાતુર ન થવું.
દુઃખનું મૂળ તૃષ્ણા અને સુખનું મૂળ સંતોષ.
સંતોષથી સર્વશ્રેષ્ઠ સુખ મળે છે.

સાચું જ્ઞાન તે છે કે જે થયા પછી
સત્યમાં જ પ્રીતિ થાય પણ અસત્યમાં કદી નહિ.

રાગ-દ્વેષ અને સુખ-દુઃખરહિતપણે
શબ્દાદિનું જ્ઞાન થવું, તે ઇંદ્રિયજય છે.

પ્રાણાયામથી પ્રકાશજ્ઞાનના આવરણ ક્ષીણ થાય છે,
ધારણાઓ માટે મનની યોગ્યતા થાય છે અને
પ્રત્યાહારથી ઇંદ્રિયોની અત્યંત વશતા થાય છે.

શબ્દાદિ વિષયોમાં ઇંદ્રિયોનું ન જોડાવું તે નહિ, પરન્તુ
વિષયોમાં આસક્તિનું ન થવું, તે પણ ઇંદ્રિયજય છે.

વિષય વિષય નથી પણ વિષયાસક્તિ તે વિષય છે.
તે વિષરૂપ છે અને આત્માને બંધનમાં જકડનારી છે.

સુખાનુભવ નહિ પણ શુભભાવાનુભવ અધિક
મહત્ત્વનો છે અને તે પ્રભુના આલંબને સાધ્ય છે.

દુનિયાનાં દુઃખ એ દુઃખ નથી, પરંતુ
આપણા મનને દુઃખ લાગે, એ દુઃખ છે. બાહ્ય સુખ-
દુઃખ કરતાં આંતર શુભાશુભ ભાવનું મહત્ત્વ અધિક છે.
બહારમાં સુખ હોય અને અંતરમાં પદ-વિષયાસક્તિ
-માન વગેરે કલુષિતતા હોય, તો જીવન બરબાદ છે.
તેનાથી ઊલટું લોકોને અઢળક પાપ કમાવાનું થાય છે.

અંતરમાં કલુષિતતા હોય, તો એક સદ્ગતિના ભવમાંથી
અનેક દુર્ગતિના ભવો સર્જાવાનું થાય છે.

બાહ્ય બાજુ બહારમાં દુઃખનો અનુભવ છે પણ અંતરમાં
મૈત્રી, વૈરાગ્ય, ક્ષમા, નમ્રતા, નિર્લોભતાદિ શુભ ભાવોનો
અનુભવ ચાલી રહ્યો હોય, તો બાહ્ય દુઃખના અનુભવથી
પાપ વેચીને અઢળક પુણ્ય ખરીદાય છે,
તો પછી બાહ્ય દુઃખને શા માટે રોવાનું?

આપનાર મેળવે છે, જ્યારે લેનાર ગુમાવે છે.
આપવાથી પુણ્ય મળે છે, લેવાથી પુણ્ય જાય છે.

પ્રભુએ બાહ્ય સુખ-દુઃખોને પોતાના જીવનમાં મહત્ત્વનાં
ગણ્યાં નથી, કિન્તુ અંતરના ભાવને જ મહત્ત્વનાં લેખ્યાં છે.
લોકોત્તર શુભ ભાવોનો પ્રવાહ અખંડ વહેતો રાખ્યો છે.

પ્રભુના આલંબને અંતરના શુભ ભાવો
જાગતા રાખવાનો પ્રયત્ન - એ જ કરવાનું છે.

'સુખાનુભવ કરતાં શુભ ભાવાનુભવ જ મહત્ત્વનો ગણ્યું,
પ્રભુના આલંબને એ શક્ય અને સરલ છે.'
એનો એ જ અર્થ છે કે
પ્રભુના આશ્રયે ઠાંસોઠાંસ સુખ જ છે,
તપના કષ્ટ વખતે આત્મસ્વરૂપ શુદ્ધ થઈ રહ્યું છે.

V.V. Imp.

ધન ન હોય તો અલ્પ પરિગ્રહતાનો આનંદ,
સ્વજન - સંબંધી ન હોય, તો પ્રભુ મળ્યાનો આનંદ,
શરીરના કષ્ટ વખતે સંયમનો અને માનાપમાન વખતે
ક્ષમા - સમતાની સમૃદ્ધિ કમાવાનો આનંદ રહે છે.
રોગમાં ભગવત્સ્મરણનો આનંદ,
બાહ્યસંપત્તિના અભાવમાં ગુણસંપત્તિ મળ્યાનો આનંદ.
પ્રભુના દૃષ્ટાંતથી - પ્રભુના આલંબને જ બધા
આધ્યાત્મિક આનંદનો અનુભવ મેળવી શકાય છે.

तृणादपि सुनीचेन, तरोरिव सहिष्णुना ।
अमानिना मानदेन कीर्तनीयो सदा हरिः ॥ (પરિશિષ્ટ-૬)

જ્યારે આપણે ધૂળ જેટલાં નમ્ર બનીએ છીએ, ત્યારે
જ અંદરના આત્માની ભવ્યતાનાં દર્શન કરી શકીએ છીએ.

હું તમારી ચરણરજનો પાઠ ભજવીશ.

સાચો સત્યાગ્રહ એટલે નિરંતર અંતઃશોધ સહિત
વિનમ્રભાવથી દુઃખ સહન કરવું, તે જ છે.
બહારની વસ્તુઓના મદ - માનથી મુક્ત થવું, તે જ
સાચું નમન અને તે જ સત્યનો સાચો આગ્રહ ગણાય.

ચતુર્વ્યૂહ એટલે...
દુઃખ, દુઃખનું કારણ, દુઃખનું દમન અને દુઃખનું શમન.

જેણે આગમનો આદર કર્યો, તેણે
તીર્થંકર - ગણધર - ગુરુ - ધર્મ સર્વનું બહુમાન કર્યું છે.

આસક્તિ છોડી અને ઈશ્વર ભજનમાં લાગી જાઓ,
તો શાંતિ પોતાનો સુકુમાર હાથ લંબાવીને
તમારી સમીપમાં જ ઊભી છે.

અનુભવે હું એક વાત શીખ્યો છું કે:
મારું સુખ મારી ઈચ્છાઓને નિયંત્રિત કરવામાં રહેલું છે,
સર્વ ઈચ્છાઓને સંતોષવામાં નહિ.

धर्मः शुभास्रवे संवरे चाऽन्तर्भवति । અર્થાત્:
ધર્મ શુભાસ્રવ અને સંવરમાં રહેલો છે.

आस्रवः कषायविषयदुष्टयोगप्रमादाविरति -
मिथ्यात्वार्त्तरौद्र लक्षणाः । क्षमा - मार्दवार्जव - संतोष - संयम
- गुप्तित्रयाऽप्रमादविरति - सम्यक्त्व
शुभध्यानलक्षणः संवर उपादेयः । (પરિશિષ્ટ-૭)

'સંઘ' કોને કહેવાય?

निम्मलनाणपहाणो दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराणपुज्जो, वुच्चइ एयारिसो संघो ॥१॥

ततः परं परार्थकरणमिति ॥ अविच्छेदेन
भूयसां मोहान्धकारापनयनं हृद्यैर्वचनभानुभिः ।
- धर्मबिन्दु (પરિશિષ્ટ-૮)

## ૧૦ વિચારકણિકાઓ

(1) માનવતા = સ્વપ્રકૃતિનું ભાન હોવું તે.
પશુતા = સ્વપ્રકૃતિનું ભાન ન હોવું તે.
દિવ્યતા = પ્રકૃતિનું ભાન હોવું તે અને
પરમહતા = પ્રકૃતિનું જ્ઞાન સાથે અનુભવન હોવું તે.

(2) સત્કર્મ = કર્મબંધનથી મુક્ત કરાવનારું કર્મ.

(3) જ્ઞાન તે પિતા, ક્રિયા તે માતા, અનુભૂતિ તે પુત્ર.

(4) શક્તિનો દુર્વ્યય તે સર્વશક્તિમાનની અવજ્ઞા છે અને જ્ઞાનનો દુરૂપયોગ તે સર્વજ્ઞનો દ્રોહ છે.

(5) જે એમ માનીને જીવશે કે : 'આજની રાત મારી અંતિમ રાત છે' તે જ્ઞાન સાથે જીવવાલાયક જીવશે.

(6) ક્ષુદ્ર દુઃખો કરતાં ઉદાત્ત દુઃખોમાં કોઈ અપૂર્વ કીર્તિનો આનંદ રહેલો છે.

(7) મનુષ્યનું સાચું સૌંદર્ય આરસામાં નહિ, પરન્તુ તેના આચાર - વિચાર તથા રોજબરોજની રહેણી - કરણીમાં પ્રતિબિંબિત થાય છે.

(8) જ્ઞાનના દિલની કોમળતાને જે રક્ષે, તે સાચો કોમળ છે.

(9) પ્રભુની ભક્તિ કરશો, તો વિકારો ઓછા થશે.

(10) અન્યાય સહેનાર નહિ, કરનાર દુર્ગતિમાં પડે છે.

સમજ કે સમાજ એટલે સમૂહ.

કેવળ તનનું મિલન તે સમજ અને
જ્યાં મનનું મિલન, ત્યાં સમાજ.

સંસ્કૃતમાં પશુઓના સમૂહને 'સમજ' શબ્દથી અને
મનુષ્યોના સમૂહને 'સમાજ' શબ્દથી ઓળખાવાય છે.
દીર્ઘમાત્રા દીર્ઘ વિચારશક્તિની સૂચક છે.
વિચારશૂન્ય જીવનની ક્રિયા એ ભક્ષણ છે, જ્યારે
વિચારપૂર્વક જીવનની ક્રિયા - તે જ ભાષણ છે.

જ્યાં સહયોગની ભાવના છે, ત્યાં માનવતા છે.
જ્યાં કેવળ વૈયક્તિક સ્વાર્થવાદ છે, ત્યાં પશુતા છે.

હું = મારામાં સહુ, સહુ = સર્વમાં હું.
મેં - આમ, એકમાં હું, અનેકમાં સહુ.
પશુનો સમજ (સમૂહ) હોય, મનુષ્યનો સમાજ હોય.
શ્વાનનું ભક્ષણ હોય, નરનું ભાષણ.

સમષ્ટિ આત્મતાની ગરજ મળે,
તો તે આત્માની ઓળખ કરાવી આપે પછી
સાક્ષાત્કાર થતાં નિર્ભયપણે જગતમાં વિચરી શકે છે.
આત્મતાની ગરજ મળે, ત્યારે જ સમજાય છે કે:
આત્મા ઘેટું - બકરું નહિ પણ સિંહ છે.

તે આકૃતિથી મનુષ્ય પણ પ્રકૃતિથી પશુ જ છે કે
જેનો દેખાવ બહારથી બદલી છે,
સ્વભાવ ગાઢ બદલી છે અને બુદ્ધિ લેશ જેવી છે.
જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ છે,
ત્યાં સુધી મનુષ્ય પણ ગુણથી પશુ જ છે.
આત્મબુદ્ધિ જાગૃત થયાં પછી તે જ મનુષ્ય
દેવ સમ દિવ્યગુણ અને દિવ્યશક્તિવાળો બને છે.

ધર્મના મૂળ ૬ પ્રમાણ

જિનાજ્ઞાનુસારિતા - શાસ્ત્રાનુસારિતા - સૂત્રાનુસારિતા,
તપ - સંયમ અને વિરાગ છે.

કેવા વ્યક્તિ અવિનાશી છે?

સત્ય, શીલ અને સદાચારના ગુણો જે વ્યક્તિમાં હોય,
તેનો નાશ બ્રહ્માંડની કોઈપણ શક્તિ કરી શકતી નથી.

સૌથી વધુ કિંમતી શું?

કુળ કરતાં શીલ, રૂપ કરતાં ગુણ, અધ્યયન કરતાં
પ્રતિભા અને ભાષણ કરતાં આચરણ વધુ કિંમતી છે.

દુક્ખં હયં જસ્સ ન હોઇ મોહો।

અર્થાત્: જેને મોહ ન હોય, તેનું દુઃખ ચાલ્યું ગયું છે.
દૃશ્ય બદલાવા છતાં દ્રષ્ટા સદા એ નો એજ રહે છે.

ભક્તિ કરવા માટે દિલ શુદ્ધ - ઉદાર - ઉમદા જોઈએ.

એ માટે એવી ભાવના કરવી જરૂરી છે કે:

'સર્વનાં પાપ, દુઃખ અને કર્મ દૂર થાઓ.'

મુદિતા = આનંદની ભાવના.

આત્માનો સ્વભાવ જ આનંદ છે.

મનની નિઃસ્પૃહવૃત્તિમાંથી આનંદ જાગે છે,

સર્વની સાધના અનુસંધાનમાંથી તે પ્રગટે છે,

અન્યનો ઉત્કર્ષ દેખી હર્ષ પ્રગટે, આનંદ અનુભવાય.

સાક્ષાત્કાર = Revelation.

આપણી હવે પૂર્ણ પરમાત્માનો સાક્ષાત્કાર કેવી રીતે થાય?

ઉત્તર = આત્મા વડે.

આત્મા એટલે અમૃતનો સેતુ, જીવનું ચૈતન્યસ્વરૂપ,

સદ્ગુરુણીનું આસન અને શક્તિઓને રહેવાનું ઘર.

સદ્ગુરુણીના ચિંતન વડે આત્મા પરમાત્મપણાંને પામે.

ધ્યાનમાં ન લેવા લાયક શું?

અનિષ્ટતત્ત્વ, બીજાનાં દૂષણો, જીવનની ઉધાર બાજુ.

અન્યનાં દૂષણોનો વિચાર કરવાથી ઘૃણા - દ્વેષ જાગે,

સદ્ભાવના નષ્ટ થાય અને વૈરવૃત્તિ ઉત્પન્ન થાય.

માટે સર્વ દૂષણોની ઉપેક્ષા કરવી.

## મન - વચન - કાયાથી ધર્મ

નવકાર સ્મરણ, અરિહંતનું ધ્યાન, પાપથી વિરતિ,
દયાભાવ, મૈત્રીભાવ તથા સુકૃતની અનુમોદના,
ઉપરાંત પાપોની નિંદા વગેરે કરવામાં બહુ થઈ શકે.
મનથી સારા વિચારો, સારી ભાવના, વૈરાગ્ય - ક્ષમાદિ.
વચનથી પ્રભુ સ્તોત્ર - સ્તવનો,
ભગવાનના ગુણોની પ્રશંસા, હિતોપદેશ, શાસ્ત્રસ્વાધ્યાયાદિ.
કાયાથી દયા, દાન, શીલ, તપ, ત્યાગ કરીને
સંયમ - સુકૃત્ય વધારવાં તથા પાપ ઘટાડવાં.

પરમેષ્ઠિ ઉપરના સદ્ભાવથી શું થાય ?

જીવરાશિ પર સદ્ભાવ અને તેથી અધ્યવસાયની શુદ્ધિ.

આર્યમાનવનો અવતાર શા માટે ઇપ્સિત ?

રૂપકુશીલ, સ્પર્શકુશીલ, રસકુશીલ, શબ્દકુશીલ -
પાંચે ઇંદ્રિયોના એ બધા કુશીલતામાં
આત્મા - પરમાત્માનો વિચાર જ દુર્લભ બની જાય છે.
કુશીલ સમાન ભય નહિ, શીલ સમાન નિર્ભય નહિ.
તિર્યંચ - અનાર્ય મનુષ્યોના ભવોમાં આત્મા અનંતવાર
ઇંદ્રિયકુશીલતા, યથેચ્છસેવન કરે છે. આત્મા - પરમાત્માનો
વિચાર એક ફક્ત આર્યમાનવના અવતારમાં જ મળે છે.

સંસારને સમજો અને આત્માને ઓળખો.

આપણી પંડિતાઈ અને શાસ્ત્રવાંચનથી
જે કાંઈ લખવા - કહેવા જેવું છે, તે તો એ છે કે જેને
વાંચી - સાંભળીને મનુષ્યના કષાયો પાતળાં - ઓછાં થાય,
તે પાપભીરુ, પરોપકારી અને સદાચારી બને.

આર્ત - રૌદ્રધ્યાન તજીને આદરવાલાયક
ધર્મધ્યાન અને શુક્લધ્યાનનાં કારણ કયા?

મૈત્ર્યાદિ ભાવો એ ધર્મધ્યાનનાં કારણ છે અને
ક્ષાન્ત્યાદિ ધર્મો એ શુક્લધ્યાનનાં કારણ છે.
ધર્મ એટલે અહિંસાદિનું પાલન. શુક્લ એટલે દર્શનાદિ
આત્મગુણો તથા તેને ધારણ કરનાર આત્માનું આરાધન.
હિંસાદિ પાપોનું સેવન એ ધર્મધ્યાનનું વિરોધી છે,
ક્રોધાદિ કષાયોનું સેવન એ શુક્લધ્યાનનું વિરોધી છે.
જેમ સૂર્યના અભાવે અંધકાર થાય છે અને
તે દૂર કરવા ક્રોડો દીવાઓ જગતમાં કરવા પડે છે,
તેમ આત્મજ્ઞાનના અભાવે અનેક દોષ - દુર્ગુણો જન્મે,
તે દૂર કરવા જીવ પ્રયત્ન કરે છે પણ જો આત્મજ્ઞાનનો
સૂર્ય ઉગે, તો તે જ ક્ષણે બધા દોષો - દુર્ગુણોનો
ત્યાગ સુગમતાથી થઈ શકે છે.

સમ્યગ્જ્ઞાન એટલે જે જ્ઞાનથી

હિંસા, વિષયવાસના અને ક્રોધાદિ દોષો દૂર થાય તે.

જે જ્ઞાનથી હિંસા, વિષય, ક્રોધાદિ વધે, તે મિથ્યાજ્ઞાન છે.

સર્વ શાસ્ત્ર ભણવાનો સાર છે કે:

આત્માના સત્ય સ્વરૂપને સમજીને તે પ્રગટ કરવું.

આત્મદર્શન એટલે શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ.

સમકીત એટલે સાચી સમજણ અને

મિથ્યાત્વ એટલે ખોટી સમજણ.

તત્ત્વની અતિશય રુચિ સમકીતનું ચિહ્ન અને

તત્ત્વની અરુચિ તે મિથ્યાત્વનું ચિહ્ન.

મોક્ષના બે ઉપાય કયા ?

મોક્ષ એટલે નાનાં - મોટાં સર્વ દુઃખોથી છૂટકારો.

તેના બે ઉપાય : એક સાચું જ્ઞાન, બીજું સચ્ચારિત્ર.

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે, દુઃખરહિત થવાય છે.

'મારું સત્ય સ્વરૂપ શું છે?' અને 'મારું કર્તવ્ય શું છે?'

તે વારંવાર વિચારવાથી જ્ઞાન અને ચારિત્ર પ્રગટે છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિનું કારણ આત્મભાવના છે.

આત્મભાવના એટલે આત્માનો વારંવાર વિચાર.

## સાચું સાધુપણું સમાયેલું છે...

સત્ય વચન, સત્ય વિચાર અને સત્ય આચરણમાં.
સર્વના હિત માટેની સજાગતા અને
પ્રાણીમાત્ર માટેની સદ્ભાવના જેના મન-હૃદયમાં સદા
ય જાગતી રહેતી હોય, એજ સાચો સાધુ બની શકે.
જેનામાં આવા સદ્ગુણ નથી હોતાં, તે માનવી માટે
સાધુભાવ જાગૃત થવો, બહુ મુશ્કેલ હોય છે.
માનસદર્શન તથા માનસપ્રક્ષાલનથી ખુબજ આધ્યાત્મ થાય છે.

### થોડી વ્યાખ્યાઓ

સંવેગ = મોક્ષની પ્રીતિ, નિર્વેદ = સંસારની અરૂચિ.
મિથ્યાત્વમોહનીય = ખોટામાં આનંદ,
મિશ્રમોહનીય = સત્ય-અસત્ય બંનેમાં આનંદ
અને સમકીતમોહનીય = સત્યમાં કાંઈ દોષ અથવા
અતિચાર થવાનો સંભવ - મલીનતા.
આકુળતા એટલે પરવસ્તુની અભિલાષા એજ દુઃખ
અને નિરાકુળતા એટલે નિર્વાંછકપણું અર્થાત્
પરવસ્તુની ઇચ્છાનો ત્યાગ, સમભાવ.
સકલ શાસ્ત્રના સારભૂત આત્મસ્વરૂપનું જ્ઞાન છે
તથા તે મૌન, ધ્યાન, સમાધિ દ્વારા પ્રાપ્ત થાય છે.

શ્રવણથી સામાન્ય બોધ થાય છે,
મનનથી તે દૃઢ થાય છે, સંશયરહિત થાય છે તથા
નિદિધ્યાસનથી અંદરના આવરણો નાશ પામે છે,
મિથ્યાત્વની ગાંઠ ભેદાય છે અને
આત્મદર્શન યાને શુદ્ધ સમકીત પમાય છે.
નિદિધ્યાસન એટલે વારંવાર તે જ વિષયનું ચિંતન.
તેને ભાવના (ભવનાશિની) પણ કહેવાય છે.
આરંભ - જીવહિંસા, પરિગ્રહ - ધનધાન્યાદિ
દુર્ગતિના દાતાર છે, કલહ અને કર્મબંધનાં કારણ છે,
ચાર ગતિમાં ભટકાવનાર છે.
તે સર્વના ત્યાગની ભાવના, સમિતિ - ગુપ્તિરૂપ
મહાવ્રતોના પાલનરૂપ સંયમના સ્વીકારની ભાવના
અને અંત સમયે ત્રિકરણ યોગે આલોચના સહિત
ખામણાં કરવાપૂર્વક ચાર આહારના ત્યાગની ભાવના-
એ ત્રણ મનોરથ કરવાનાં હોય છે.
પરવસ્તુમાં પ્રીતિ ન કરવી, કારણકે
તે જ જન્મ - મરણ અને મિથ્યાત્વનું કારણ છે,
માટે તે સર્વથા - સર્વદા ત્યાજ્ય છે.
શરીરમોહથી શરીરધારી થઈ સદા જન્મ - મરણ થાય છે.

પંડિતમરણ એટલે ?

'હું પુદ્ગલથી સર્વથા ભિન્ન, જ્ઞાન-દર્શનથી અભિન્ન છું.
આત્મા શરીરાદિથી ભિન્ન તથા જ્ઞાનાદિથી અભિન્ન,
અજર - અમર - અવિનાશી, અનંત જ્ઞાનાદિ
અને સુખાદિથી પૂર્ણ, શુદ્ધ - બુદ્ધ - સિદ્ધસ્વરૂપ છે' એવું
ચિન્તવન કરતાં કરતાં દેહનો ત્યાગ, તે પંડિતમરણ.
મૃત્યુ એ આ જગત ઉપરના જીવનનો અંત છે,
કિન્તુ પ્રભુ સાથેના જીવનનો પ્રારંભ છે.

રાગ - દ્વેષ અને મોહનો પ્રતિકાર શેનાથી ?

રાગનો પ્રતિકાર જ્ઞાન છે, દ્વેષનો પ્રતિકાર દર્શન છે
અને મોહનો પ્રતિકાર ચારિત્ર છે.
રાગાનુબંધ સ્વદોષોને - દ્વેષાનુબંધ પરગુણોને ન જોઈ
શકે, મોહાનુબંધ ગુણદોષનો વિભાગ કરી શકતો નથી.
રાગ જ્યારે પોતાના દોષ દેખાય છે,
દ્વેષ જ્યારે બીજાના ગુણ દેખાય છે તથા
મોહ જ્યારે શરણભૂત આત્માનું સ્વરૂપ સમજાય છે.
સકલ દોષરહિત અને સર્વ ગુણસંપન્નની આજ્ઞા જ
સ્વીકારવા યોગ્ય છે. દોષ જ્યારે ગુણ પ્રગટે છે અને
આત્માનું આરાધન કરવાથી જ દોષ જાય છે.

સ્વમતિ કલ્પનાનો મોહ એ સર્વથી પ્રબળ મોહ છે,
તે મોહ આજ્ઞાપાલનના અધ્યવસાય વિરુદ્ધ
બળ કોઈ રીતે જવો શક્ય નથી. મતિમોહ ટળે, તો
જ યોગ્યની આજ્ઞાને શરણે રહેવાનું બળ પેદા થાય છે.
રાગ સૌથી અધિક સ્વજાત ઉપર હોવાથી
પોતાનામાં રહેલા અનંતાનંત દોષ નજરે પડતાં નથી.
સ્વજાત પ્રત્યેનો રાગ એ
પર પ્રત્યે દ્વેષનો કે અરુચિનો આવિર્ભાવ કરે છે.
એ દ્વેષ વડે પરગુણદર્શન થતું નથી.
અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ અને અનંત પરમેષ્ઠિ
અનંતાનંત ગુણોથી ભરેલાં વિશ્વમાં સર્વદા વિદ્યમાન છે,
તે બધા જ ગુણોનું દર્શન ન થવા દેનાર કોઈપણ
વસ્તુ હોય, તો તે સ્વજાત ઉપરનો ઉત્કટ રાગ
અને પરમાત્મ પ્રત્યેનો અત્યંત દ્વેષ છે.
તેની પાછળ બળ મતિમોહનું છે.
મતિમોહ શરણયોગ્ય સદા પંચ પરમેષ્ઠિનું
શરણ સ્વીકારવાની બુદ્ધિ પેદા થવા દેતો નથી.
યોગ્યનું શરણ લેવાથી જ યોગ્યતા વિકસે, સ્વદોષદર્શન
અને પરગુણને ગ્રહણ કરવાનું સામર્થ્ય આવે છે.

જેમ ઈશ્વરમાં સર્વનો અંત તે સમ્યગ્ સિદ્ધાંત છે.

ભગવાન ધનને નહિ પણ મનને ચાહે છે.

'ભક્તિ'નો અર્થ ભગવાનથી અવિભક્ત.

જ્ઞાન પ્રભુની પ્રાપ્તિ કરાવે છે,

ભક્તિ ભેદનો વિનાશ કરે છે.

સાત્ત્વિકતાનું નામ માંગલિકતા છે.

સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ નહિ અને

ચિત્તશુદ્ધિ વિના જ્ઞાનસિદ્ધિ નહિ.

પાપ કરવામાં ઢીલાશ–પુણ્ય કરવામાં સત્વરતા જોઈએ.

નિષ્પાપ જીવનને શાંતિ વરે છે.

આત્મશાંતિ માટે ઈશ્વર સાથે સંબંધ આવશ્યક છે.

આપ્તોક્તિ = આપ્તજનના શબ્દો.

આપ્તજન = યથાર્થ અનુભવ કરીને તે પ્રમાણે કહેનાર.

ધર્મ આરાધન એજ મારું છે, તે સિવાય બધું પારકું છે.

અન્ન, વસ્ત્ર અને ઔષધદાનમાં પણ શ્રેષ્ઠ વિદ્યાદાન છે.

જેમ કાદવમાં રહેવા છતાં પણ કમળ અલિપ્ત રહે છે

અને કાદવમાંથી પણ સુગંધ ખેંચે છે,

તેમ સંસારરૂપી કીચડમાં હિંસાદિ પાપથી બચવું અને

દાન, ધર્માદિ સારા તત્ત્વોનો લાભ લેવો.

સમાપત્તિ: = તદાકારાપત્તિ: ।

પૃથ્વી આદિ પાંચ ભૂતથી તેના અણુ સૂક્ષ્મ છે,
અણુથી પણ સૂક્ષ્મ ગન્ધાદિ તન્માત્રા છે,
તેનાથી પણ સૂક્ષ્મ અહંકાર છે,
અહંકારથી પણ સૂક્ષ્મ મહત્તત્ત્વ - લિંગમાત્ર છે.
મહત્તત્ત્વ - લિંગમાત્રથી પણ સૂક્ષ્મ અલિંગ - પ્રકૃતિ છે.
એનાથી કોઈ સૂક્ષ્મ પદાર્થ નથી.
પુરુષ અલિંગથી પણ સૂક્ષ્મ છે, પરન્તુ
જેમ લિંગમાત્રથી અલિંગ અન્વયી કારણરૂપે સૂક્ષ્મ છે,
તેમ પુરુષ અલિંગના અન્વયી કારણરૂપ સૂક્ષ્મ નથી,
કિન્તુ સ્વતંત્ર - સૂક્ષ્મતમ છે.

સબીજ = બાહ્ય વસ્તુઓના આધારવાળી સ્થૂલ વસ્તુમાં
સવિતર્ક - સવિચાર અને સૂક્ષ્મ વસ્તુમાં નિર્વિતર્ક -
નિર્વિચાર સમાધિ છે. સવિતર્કમાં શબ્દ - અર્થ - જ્ઞાનનો
વિકલ્પ છે, સવિચારમાં દેશ - કાળ - નિમિત્તનો વિચાર છે.

એકમાં પરિચ્છેદસહિત દ્રવ્યનો વિચાર છે,
બીજામાં પરિચ્છેદરહિત દ્રવ્યનો વિચાર છે.

प्रज्ञाप्रासादमारुह्य, अशोच्यः शोचतो जनान् ।
भूमिष्ठानिव शैलस्थः, सर्वान् प्राज्ञोऽनुपश्यति ॥१॥

(પરિશિષ્ટ-૯)

સવિતર્કમાં શબ્દ, અર્થ અને જ્ઞાનનો વિકલ્પ છે,
સવિચારમાં દેશ, કાળ અને નિમિત્તનો વિચાર છે.
સવિતર્ક - સવિચાર એ સ્થૂળ વસ્તુવિષયક છે,
નિર્વિતર્ક - નિર્વિચાર એ સૂક્ષ્મ વસ્તુવિષયક છે.
સ્થૂળ એટલે પર્યાયસહિત દ્રવ્ય, objective.
સૂક્ષ્મ એટલે પર્યાયરહિત દ્રવ્ય, Subjective.
ઋતમ્ભરા = અર્થાનુસાર સત્યને જ ગ્રહણ કરવાવાળી
પ્રજ્ઞા, જેમાં મિથ્યાપણાંની ગન્ધ પણ હોતી નથી.
સૂક્ષ્મ, વ્યવહિત અને દૂરદેશ - દૂરકાળમાં રહેલાં પદાર્થોનું
જ્ઞાન શબ્દ - અનુમાનાદિ લૌકિક પ્રમાણોથી નહિ,
પરંતુ સમાધિગત બુદ્ધિ દ્વારા જેનું જ્ઞાન થઈ શકે છે,
તેથી તે અલૌકિક પ્રમાણ છે.
વિવેકજ્યોતિ પર્યન્ત ચિત્તનો વ્યાપાર છે,
પછી આત્મા સ્વરૂપમાત્ર સ્થિતિવાળો બને છે તથા
શુદ્ધ - બુદ્ધ - મુક્ત થાય છે.
આત્મસ્થિતિ એ મુક્તિનો જ પર્યાયવાચી શબ્દ છે.
પ્રાણાયામ એટલે પ્રાણનું વિધારણા. બાહ્યવિધારણા તે
બાહ્યકુંભક અને અંતઃવિધારણા તે અભ્યન્તર કુંભક છે,
એથી ચિત્ત સ્થિરતાને પામે છે.

## ત્રિગુણાત્મક ચિત્ત

ઇન્દ્રિયોનું એકત્રીકરણ તે મનોવિજ્ઞાનનો વિષય અને વૃત્તિઓનું અંતર્વિલીનીકરણ તે આત્મવિજ્ઞાનનો વિષય છે.

ચિત્તં હિ પ્રખ્યા-પ્રવૃત્તિ-સ્થિતિશીલત્વાત્ ત્રિગુણમ્।

અર્થાત્: વિષયનો વિચાર, વિષયની સાથે સંબંધ અને વિષયમાં સ્થિતિ - એ ત્રણ સ્વભાવવાળું ચિત્ત હોવાથી 'ત્રિગુણાત્મક' કહેવાય છે. એ રીતે મન એ સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણનો આધાર અથવા અધિષ્ઠાન છે. સત્ત્વસ્વરૂપ ચિત્ત રજોગુણથી મળે, ત્યારે ઐશ્વર્યાદિને ચાહે છે, તમોગુણ સાથે મળે, ત્યારે અધર્મ-અજ્ઞાન-અવૈરાગ્ય (વિષયાનુરક્તિ) અને અનૈશ્વર્ય(દરિદ્રતા)નું ચિન્તન કરે છે, તમોગુણના આવરણરહિત અને રજોગુણયુક્ત સત્ત્વસ્વરૂપ ચિત્ત ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ઐશ્વર્યનું ચિન્તન કરે છે. રજોગુણના સંપર્કથી પણ રહિત થયેલું તે સ્વરૂપમાં પ્રતિષ્ઠ બને છે.

સત્ત્વ અને પુરુષ - ચિત્તતત્ત્વ અને ચૈતન્યશક્તિની ભિન્નતાના વિવેકજ્ઞાનથી યુક્ત ધર્મમેઘ ધ્યાન દ્વારા વિશુદ્ધ આત્મધર્મ - અમૃતત્ત્વના મેઘનું સિંચન કરવાવાળી ધર્મમેઘ સમાધિને પ્રાપ્ત થાય છે.

આ સ્થિતિને પરસંખ્યાન અથવા
ઉત્કૃષ્ટ જ્ઞાન અથવા પુરુષદર્શનનું સાધન કરે છે.
નિર્બીજ સંયમ - ચિત્તસ્મરહિત અસંપ્રજ્ઞાત સમાધિ છે.
ધ્યેય, જે ઈશ્વર, તે ઈશ્વરથી અતિરિક્ત અન્ય
કોઈ વિષયનું ભાન ન રહે, તે 'અસંપ્રજ્ઞાત' છે.
ક્ષિપ્ત = વાયુમાં દીપકની જેમ ચંચળ,
વિક્ષિપ્ત = વિષયની પ્રાપ્તિ માટે જે ચિત્ત ચંચળ હતું,
તે વિષયને પામીને ભોગવવા માટે સ્થિરતા પ્રાપ્ત કરે,
તે મૂઢ - કામ - ક્રોધાદિને વશવર્તી બની
કર્તવ્યનું વિસ્મરણ થાય તે.
એકાગ્ર = નિર્વાત દીપક નિશ્ચળ - નિસ્તરંગ મહોદધિના
જળની જેમ એક વિષયમાં સ્થિર, નિરુદ્ધ - નિશ્ચિન્ત.
'ઉવસમસારં ખુ સામણ્ણં |'
શ્રામણ્યજીવનનો સાર ઉપશમ - સમતા - શાંતિ છે.
સમતા = સમભાવની પ્રાપ્તિ, જીવો પ્રત્યે આત્મસમભાવ,
તે અહિંસા છે અને બીજું સાધન સંયમ અને તપ છે.
સંયમથી ઇંદ્રિયસંયમ અને તપથી મનઃસંયમ સધાય છે.
સંયમ અને તપના અનુષ્ઠાનથી
જીવો પ્રત્યે આત્મસમભાવરૂપી સમતા સિદ્ધ થાય છે.

## અહિંસા અને સ્યાદ્વાદ

માનસિક અહિંસાના પાલન માટે સત્યના નાના-મોટા
એક એક અંશને જાણવા અને સ્વીકારવાની જરૂર છે
તેથી તે નયવાદ અથવા સ્યાદ્વાદ વડે શક્ય બને છે.

સમભાવ માટે અહિંસા અને
અહિંસા માટે સ્યાદ્વાદની ઉપયોગિતા છે અને તે
બંને વડે સાધનાનું અંતિમ ધ્યેય સિદ્ધ કરી શકાય છે.
અહિંસાની સાધના વડે જગતના જીવમાત્ર સાથે મૈત્રી
સધાય છે અને સ્યાદ્વાદની ભાવના વડે સર્વદર્શનોના
સત્ય સાથે મૈત્રીની ભાવના સિદ્ધ કરી શકાય છે.
તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદ અને આચરણમાં અહિંસા વડે
જૈનદર્શનનો પ્રભાવ સર્વદર્શનો અને
જીવમાત્ર ઉપર પડ્યો છે, પડે છે અને પડશે.
શ્રી જૈનશાસન જયવંત છે, એનું કારણ તે જીવમાત્ર
સાથે મૈત્રી અને સત્યમાત્ર સાથે મૈત્રી સાધે છે.
અહિંસા એ સર્વ મંગલોનું માંગલિક છે અને
સ્યાદ્વાદ એ સર્વ કલ્યાણોનું કારણ છે.
એ બેનું જ્યાં સમ્યક્ પાલન છે, ત્યાં
સર્વ ધર્મોમાં અગ્રેસરપણું આપોઆપ સિદ્ધ થાય છે.

સમકીત એટલે તત્ત્વની રુચિ, સત્યનો પક્ષપાત, સ્યાદ્વાદની
પરિણતિ, ન્યાયબુદ્ધિ, કરુણાવૃત્તિ, અતત્ત્વની અરુચિ,
જીવો પ્રત્યેની મૈત્રી, વિષયો પ્રત્યે વૈરાગ્ય અને શાશ્વત
પદની ઝંખના, અવ્યાબાધ સુખનો અનુરાગ, આત્મદર્શન,
આત્મજ્ઞાન અને આત્મરમણતાની અભિલાષા.

સમ્યક્ત્વપૂર્વક અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ નિયમો અને
ધ્યાનાદિ ક્રિયાઓનું અનુષ્ઠાન તે મોક્ષમાર્ગ છે.

દશવિધ યતિધર્મ એ તત્ત્વ છે, તેની રુચિ, બોધ અને
પરિણતિ એ અમૃત છે - સત્ય છે, માટે મોક્ષમાર્ગ છે.
તે માર્ગ સર્વનું હિત, સુખ અને શ્રેય કરે છે.

## કેવો શ્રમ વૃથા ગણાય?

બે પ્રકારના માણસો વૃથા શ્રમ ઉઠાવતાં રહે છે:
એક તો પૈસા ભેગા કરી તેનો ઉપયોગ નહિ કરનારો
ધનિક અને જાણે અન્યને શાણી સલાહ આપનાર,
પણ પોતે તે પ્રમાણે નહિ કરનારો એવો જ્ઞાની.

દુનિયા ધનના વિષયમાં અતિ કૃપણ અને
જ્ઞાનના વિષયમાં અતિ ઉદાર છે.

સંસારનું સૌથી મોટું અનિષ્ટ દુ:ખ નથી, સ્વાર્થ છે.
પરમાર્થમાં કષ્ટ વેઠવું પડે તો ય તેનો અંતે આનંદ છે.

દુઃખનું મૂળ કષાય અને રાગ-દ્વેષ છે અને
તે સ્વાર્થવૃત્તિમાંથી ઉદ્ભવે છે.
પરમાર્થવૃત્તિ જ તેનો પ્રતિકાર છે.

સત્તા એટલે કેવળ રાજકીય જ નહિ, પરંતુ
બીજા ઉપર પ્રભુત્વ - આધિપત્ય મેળવવાની ભાવના.
બધા જીવોમાં આવું પ્રભુત્વ મેળવવાની ભાવના અને
પ્રયત્ન રહેલ છે. ત્યાગ, નમ્રતા અને પ્રામાણિકતાને પણ
બીજા પર સત્તા મેળવવાનાં સૂક્ષ્મ સાધનો બનાવી શકાય છે.

જેમ વૃક્ષને પર્ણ, પુષ્પને ફળ, આકાશને વિશાળતા,
ચંદ્રને શીતળતા, સૂર્યને તેજસ્વિતા, સમુદ્રને ગંભીરતા,
પર્વતને સ્થિરતા અને ઝરણાંને વહેવું સ્વાભાવિક છે,
તેમ માણસને 'શકવું' - 'કંઈક બનવું' એ વિશેષતા છે.
પર્ણવત્ હળવું થવું, પુષ્પવત્ સુવાસિત થવું,
આકાશવત્ વિશાળ થવું, એ શક્યતા મનુષ્યમાં રહેલી છે.

મનુષ્યમાં નવું નવું મેળવી શકવાની,
અધિક અધિક પામવાની શક્તિ પ્રાપ્ત થયેલી છે.
મનુષ્ય આત્મનિર્ભર છે.
મનુષ્યેતર સૃષ્ટિ આત્મનિર્ભર નહિ પણ પરાશ્રિત છે.
બંને વચ્ચે એ જ મોટું અંતર છે.

## સુખ - દુઃખ - સ્વર્ગ - નરક

લોભ સમાન દુઃખ નહિ, સંતોષ સમાન સુખ નહિ.
બુરા વિચાર તે જ નરક, શુભ વિચાર તે જ સ્વર્ગ.
વિચાર = પરમ સ્નાન, સત્સંગ = પરમ લાભ,
સમભાવ = પરમ સુખ, સંતોષ = પરમ ધન.

આત્મહિતનાં સાધનો એટલે...

સત્સંગ, સદ્ગ્રંથ, ધ્યાન, મૌન, સમાધિ ઈત્યાદિ.
દાન - પુણ્યાદિ તે પરોપકાર નહિ પણ સ્વોપકાર છે,
તેમાં આપવું નહિ પણ પોતાનું જ લેવું છે.
પશુયોનિમાં બુદ્ધિ નહિ, તેથી
ઉન્નતિ કે અવનતિ પરિમિત છે, જ્યારે
મનુષ્યયોનિમાં બુદ્ધિ હોવાથી બંને અપરિમિત છે,
તેથી બુદ્ધિનો સદુપયોગ કરી ઉન્નતિના પંથે રહેવું.
શરીરના હિત કરતાં આત્મહિત અનંતગણું જરૂરી છે,
તેથી તે માટેનો પ્રમાદ અથવા બેદરકારી
એ જુગાર અને આગમાં સર્વસ્વનો નાશ થાય,
તેવા નુકસાન કરતાં પણ અનંતગણું નુકસાન છે.
તે જ માબાપ ખરા - તીર્થસ્વરૂપ છે, કે જે લક્ષ્મીના
વારસાની જોડે આશીષ અને સદાચારનો વારસો આપે.

મનુષ્યમાત્ર સર્વજ્ઞ ન થાય,
ત્યાં સુધી વિદ્યાર્થી જ ગણાય.
વિનયથી વિદ્યા અને વિદ્યાનું ફળ સચ્ચારિત્ર.
મનથી વિનય એટલે પૂજ્યો પ્રત્યે બહુમાન,
વચનથી ગુણસ્તુતિ અને કાયાથી નમન - સેવન.
શારીરિક કેળવણી માટે વ્યાયામ અને સ્વાશ્રયી જીવન,
માનસિક કેળવણી માટે હિતાહિતનું જ્ઞાન.
જ્ઞાન મેળવવા માટે વાંચન, મનન, સત્સંગ.
આત્મિક કેળવણી માટે આત્મા અજર, અમર અને
જ્ઞાનાદિ ગુણોનો ભંડાર માની દયા, ક્ષમા, સંતોષ,
સત્ય, સંયમ, અહિંસાદિ ગુણો કેળવવા માટે પ્રયત્ન.
તેમ કરવાથી મનુષ્યજન્મ દેવોને પણ પૂજનીય બને છે.
બધા <u>ગુણોનો પાયો એક બ્રહ્મચર્ય</u> છે.
બધી ઇંદ્રિયોની ઇચ્છા રોકી આત્મધ્યાનમાં સ્થિર થવું,
તે નૈશ્ચિક બ્રહ્મચર્ય પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે છે.
જીવનનું અંતિમ કર્તવ્ય બધી પ્રવૃત્તિ છોડીને
ઉત્કૃષ્ટ આત્મધ્યાનમાં વિચરવું તે છે. પ્રભુપ્રતિમા પ્રભુમાં
રહેલ યોગ, ધ્યાન અને બ્રહ્મચર્યનો બોધ આપે છે, તેથી
તે યોગમુદ્રા, ધ્યાનમુદ્રા અને બ્રહ્મચર્યમુદ્રા કહેવાય છે.

'બ્રહ્મ' એટલે આત્મા, 'ચર્ય' એટલે રમણ.
'બ્રહ્મચર્ય' એટલે આત્મરમણતા અને પરવસ્તુમાં રાચવા રૂપી વ્યભિચારનો ત્યાગ. બ્રહ્મચર્યના પાલનથી જે સુખ મળે છે, તે ત્રણે લોકના સુખથી વધારે છે.

વિષયની ઇચ્છામાત્રથી દુર્ગતિ મળે છે, તો વિષયનું સેવન કેટલું દુઃખ આપે, તે વિચારો.

દુઃખનું મૂળ વિષયેચ્છા અને સુખનું મૂળ સંયમ.

## બ્રહ્મચર્યની નવ વાડ

(૧) બિલાડીવાળા સ્થાનમાં જે રીતે ઉંદરને જોખમ છે, તેમ બ્રહ્મચારીને સ્ત્રી, પશુ અથવા નપુંસકના રહેવાવાળા સ્થાનમાં વસવું જોખમકારક છે.

(૨) વિષયવર્ધક કથા કે વાર્તા એ ચારણના વચનથી યોદ્ધાને વીરરસની જેમ શૃંગારરસ જગાડનાર છે.

(૩) ઘીના ઘડાને જેમ અગ્નિનું સાન્નિધ્ય, તેમ પુરુષે સ્ત્રીએ બેઠેલા આસનને બે ઘડી સુધી અને સ્ત્રીએ પુરુષે બેઠેલા આસનને ત્રણ પ્રહર સુધી બેસવું જોખમકારક છે.

(૪) સૂર્ય સામે કાચી આંખવાળો જુએ તો આંખોને નુકસાન થાય, તેમ સ્ત્રીના રૂપ, વસ્ત્રાભરણ, અંગોપાંગાદિ જોવાથી મન મલિન થાય અને વ્રતને જોખમ થાય છે.

દૃષ્ટિ કુશીલ એ પતનનું પ્રથમ પગલું છે. જોયા બાદ વાર્તાલાપ, પરિચયાદિ વધે અને વ્રત ચૂકી જવાય છે. જોવાનું જ બંધ થાય તો વ્રત સુરક્ષિત રહે છે. નાટક, સીનેમા, નાચ - ગાન, મેળા - લગ્ન વગેરેનું જોવું પણ વિકારવર્ધક છે.

(5) દંપતી સૂવે અને તેમના શબ્દ વગેરે સંભળાય, તો મેઘગર્જના વડે મયૂરની જેમ પ્રીતિ જાગે છે.

(6) પૂર્વે ભોગવેલ ભોગને યાદ કરવાથી જુનાં વેરવિરોધ કે વહાલાંના વિયોગાદિના સ્મરણની જેમ વાસના જાગે છે.

(7) સન્નિપાતવાળાને દૂધ - સાકર મરણનું કારણ થાય, તેમ બ્રહ્મચારીને ઘી - દૂધ વગેરે પૌષ્ટિક પદાર્થો અને તેલ, મરચું, ખટાશ વગેરે ઉત્તેજક પદાર્થો વર્જ્ય છે.

(8) 'શેરની હાંલ્લામાં સવા શેર ખીચડી'ની જેમ ભૂખ અને તરસથી વધુ આહાર - પાણી, આળસ અને રોગ વિકાર કરે. હાલ્લું ફૂટે અને ખીચડી ઢોળાઈ જાય!

(9) જ્યાં મીઠાશ હોય, ત્યાં માંખીઓ અને જ્યાં સુવાસ હોય, ત્યાં જેમ ભમરાઓ કનડે, તેમ શરીરનો શણગાર વિષયી જીવોને કનડે છે.

આ નવ વાડ ઉપરાંત દશમો દુર્ગ છે, તે વિષયજન્ય
શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શની અભિલાષાનો ત્યાગ છે.
આ દશને સમાધિના સ્થાન પણ કહ્યાં છે અથવા
બ્રહ્મચર્યની દશ સમાચારી પણ કહી છે, તેમાંના
એકનો પણ ભંગ નીચેની સાત જાતની હાનિ કરે છે:

(૧) શંકા - પોતાને અસ્થિરતા, લોકોને શંકા.

(૨) કાંક્ષા - વિષયેચ્છા જાગે.

(૩) વિતિગિચ્છા - શીલ પ્રત્યેનો પ્રેમ અને રૂચિ ઘટે.
તેનું અપૂર્વ ફળ ભૂલાય, ફળમાં સંદેહ થાય.

(૪) ભેદ - ભાવબ્રહ્મચર્ય નાશ પામે,
મન વિષયોના પ્રસંગોને શોધે, તેવા સંયોગોને શોધે.

(૫) ઉન્માદ - બુદ્ધિનાશ થાય, હિતાહિત ન વિચારી શકે.
ગાંડા માણસની જેમ સારી વસ્તુ ફેંકી ખરાબ ગ્રહણ કરે.
પરમ સુખનું કારણ એવું બ્રહ્મચર્ય વ્રત છોડી
અનંત દુઃખદાયી એવા ભોગમાં સુખ દેખાય.

(૬) રોગ - દીર્ઘકાળ પર્યંત દુઃખ આપે, તેવા ગંભીર-
ભયંકર રોગો થાય. આ જન્મમાં કદાચ ન પણ થાય,
તો જન્માંતરમાં તો અનંત રોગમય ભવો મળે.

(૭) ભ્રંશ - કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય.

એકેક વાડને તોડવાથી જો આટ આટ નુકસાન થાય,
તો અનેક વાડોને તોડનારની શી દશા થાય?
એ માટે નવ વાડ અને દશમા કિલ્લા દ્વારા
દૃઢતાપૂર્વક આત્મરક્ષા કરવી જરૂરી છે.
બ્રહ્મચર્યના પાલન વડે જેણે આત્મસ્વરૂપને ઓળખ્યું,
તે સંસારસમુદ્ર તરી ગયો, માત્ર ખાબોચિયાં જેટલું
તરવું બાકી છે, પછી અનંત - અવ્યાબાધ સુખ મળે.
ઝાઝું અને સારું ખાવું, તે રોગ ખાવા બરોબર છે.
ક્રોધથી બધાં કાર્યો સિદ્ધિ - બુદ્ધિ સ્વભાવનો વિનાશ.
શરીરની શોભા બાળને બતાવવી, તે પાપ છે.
મનુષ્યજન્મ ધર્મથી જ સફળ થાય અને
ધર્મપાલન કરવાને માટે મને
સર્વથી ઉત્તમ સંયોગો મળ્યાં છે, તેને હું સફળ કરીશ.
ધનને કમાવા માટે જેમ દુકાન, વેપાર,
લે - વેચ, નાણું અને દલાલી વગેરે સાધન છે,
તેમ ધર્મધન કમાવા માટે ધર્મની દુકાનમાં પણ
સત્ય, પ્રામાણિકતા, પુરુષાર્થનો વ્યાપાર, ધર્મમાલની દલાલી,
જ્ઞાન - દર્શન - ચારિત્ર લેવા તથા આપવાની ક્રિયા,
સત્યનું પાલન, પુણ્ય - પાપનો હિસાબ વગેરે સાધન છે.

## કોની કઈ ભાવના પ્રશંસાપાત્ર ?

(૧) અનિત્ય ભાવના : ભરત ચક્રવર્તી.

(૨) અશરણ ભાવના : અનાથી મુનિ.

(૩) સંસાર ભાવના : ધન્ના - શાલિભદ્રજી.

(૪) એકત્વ ભાવના : નમિ રાજર્ષિ.

(૫) અન્યત્વ ભાવના : મૃગાપુત્ર.

'ભેદજ્ઞાન સાબુ કરી, સમરસ નિર્મળ નીર,
ધોબી અંતર આતમા, ધોવે નિજ ગુણ ચીર.' ...(૧)

(૬) અશુચિ ભાવના : સનતકુમાર ચક્રવર્તી.

(૭) આસ્રવ ભાવના : સમુદ્રપાલ મુનિ.

અહીં યોગ = દ્રવ્યાસ્રવ, અને કષાય = ભાવાસ્રવ.

(૮) સંવર ભાવના : કેશી - ગૌતમ ગણધર.

મનને ધર્મધ્યાનમાં જોડ્યું,
વચન વડે સત્ય - પ્રિય - હિત અને અનવદ્ય બોલવું,
કાયાને અહિંસામય ધર્મમાં પ્રવર્તાવવા, કષાયને રોકવા.

(૯) નિર્જરા ભાવના : અર્જુનમાળી.

(અ) વિષય - કષાય ઘટાડવા તે ભાવઉણોદરી.

(બ) ઇચ્છાને અભિગ્રહો વડે રોકવા તે વૃત્તિસંક્ષેપ.

(ક) બધું કામ હાથે કરવું, પાદવિહાર, આસન, આતાપના, વાળનો લોચ તે કાયક્લેશ.

(d) પાંચે ઇંદ્રિયો પર કાબૂ, એકાંતસેવન તે સંલીનતા.
(e) પાપનો પશ્ચાતાપ અને માફી તે પ્રાયશ્ચિત્ત.
(f) વિનયમાં જ્ઞાનવિનય તે સંપૂર્ણ જ્ઞાન શીખવું.
દર્શનવિનય તે આત્માનુભૂતિ,
વ્યવહાર - નિશ્ચયથી વસ્તુ સમજીને સદ્દહવા.
ચારિત્રવિનય તે હિંસાદિ - કષાયાદિને તજવા.
તપવિનય તે ઇચ્છારોધ તપ.
લોકોપચારવિનય તે વડીલાદિ અને ગુરુભગવંતની સેવાદિ.
(g) વૈયાવચ્ચ તે સેવા - ભક્તિ આદિ દ્વારા
જ્ઞાન - દર્શન - ચારિત્રમાં સ્થિરીકરણ.
(h) સ્વાધ્યાય તે ઉપયોગપૂર્વક વાંચવું - વિચારવું.
(i) ધ્યાન તે એકાગ્ર ચિત્તે પ્રશસ્ત વિષયનું ચિન્તન.
(j) કાયોત્સર્ગ તે વચન અને કાયાની
પ્રવૃત્તિના ત્યાગપૂર્વક ધર્મધ્યાનમાં લીન રહેવું.
બાહ્યતપ એ અભ્યંતરતપને પ્રકટ કરવાના અને
દૃઢ કરવાના ઉપકારી સાધન છે.
(૧૦) લોકસ્વભાવ ભાવના : શિવરાજર્ષિ.
(૧૧) બોધિદુર્લભ ભાવના : ઋષભદેવના ૯૮ પુત્ર.
આત્મસ્વરૂપજ્ઞાન જ સારભૂત, આત્મજ્ઞાન અભાવે જ
જન્મ - મરણનાં દુઃખ છે.

વિષયેચ્છાવાળાને મોક્ષમાર્ગ કઠિન છે,
વિષયેચ્છાને તજનારને મોક્ષમાર્ગ મળવો સરળ છે.
જ્ઞાન - દર્શન - ચારિત્ર આત્માના ગુણ છે,
માટે તે પ્રાપ્ત કરવા સરળ છે.
તે આત્માના ગુણ રૂપે પોતાની વસ્તુ હોવાથી
નિશ્ચયથી કઠિન નથી, વ્યવહારથી કઠિન છે.

(૧૨) ધર્મ ભાવના : ધર્મરૂચિ અણગાર.

વસ્તુસ્વભાવ તે ધર્મ. અનંતજ્ઞાન આદિ આત્મધર્મ.
'જાચે સુરતરૂ દેત સુખ, ચિન્તે ચિન્તારત્ન;
બિન જાચે બિન ચિન્તવે, ધર્મ સકલ સુખ દેત'...(૧)
આત્માની રક્ષા વ્રત - નિયમથી, શોભા જ્ઞાન - ધ્યાનથી છે.
આત્માના પોષણ માટે જ્ઞાનરૂપી અમૃતનું ભોજન છે.
કાજલ સમાન શરીરની રક્ષા અને
રત્ન સમાન ચેતનની ઉપેક્ષા, એ આશ્ચર્ય છે.
બ્રહ્માંડ તથા માનવના તન - મન વચ્ચે અદ્ભુત સંબંધ છે.
સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રોનાં ભ્રમણની ગતિ આદિની અસર
માનવ - પ્રાણીઓ પર પડે છે. એ અસરોનાં કારણો
તથા ક્રિયાઓ શું છે? તેને જાણવાની અદમ્ય જિજ્ઞાસા
આજે પ્રખર વૈજ્ઞાનિકોમાં ઉત્પન્ન થઈ છે.

## મિથ્યાત્વના પાંચ પ્રકાર

(૧) એકાંતિક : આભિગ્રહિક = મારું જ સત્ય.
(૨) વૈનયિક : અનાભિગ્રહિક = બધાનું જ સત્ય.
(3) આભિનિવેશિક = બધાનું જ ખોટું, વિપરીત કે વિપર્યય મિથ્યાત્વ.
(૪) સાંશયિક (સંશય) = અનિશ્ચય.
(૫) અનાભોગિક (અજ્ઞાન) = અસમજ.

## જ્ઞાનના પાંચ દોષ

અજ્ઞાન, સંશય, વિપર્યય, એકાંત અને અપરિક્ષિત.
પહેલાં ચાર દોષ સંજ્ઞી પંચેન્દ્રિય વિશિષ્ટ બુદ્ધિવાળાને અને છેલ્લું મિથ્યાત્વ મન વિનાના સર્વ જીવોને તથા મનવાળા પણ ધર્મરુચિ વિનાના જીવોને હોય છે.
તે સત્યતત્ત્વના નિશ્ચયથી અને સ્વાનુભૂતિ સહિત આત્માનુભવ રૂપ સમકીત ગુણથી દૂર થાય છે.
સત્યસુખ, આત્મિકસુખ, મોક્ષસુખ - સર્વ પર્યાય છે.
શ્રદ્ધા, નિશ્ચય, નિષ્ઠા - એ સર્વ પણ એકાર્થક છે.
સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ પરસ્પર વિરોધ છે, તેથી સંસારના સર્વ પ્રપંચોનો ત્યાગ કરવાથી જ મોક્ષમાર્ગ સધાય છે.

સાધુના ત્રણ મનોરથ અને પવિત્ર - દૃઢ ઇચ્છા

(૧) અપૂર્વ તત્ત્વજ્ઞાન નિરંતર શીખીશ.

ક્યારે હું શ્રુતસાગરનો પારગામી થઈશ ?

(૨) અર્હંત આત્મભાવમાં વિચરીશ.

ક્યારે હું એકલમલ્લ વિહાર કરીશ ?

(3) ક્યારે હું પંડિત મરણે મરીશ?

અર્હંત આત્મભાવમાં વિચરવા જોઈતાં ૮ ગુણ

(૧) યથાર્થ તત્ત્વ નિશ્ચય (શ્રદ્ધાની દૃઢતા).

(૨) અજ્ઞાન, મિથ્યાત્વ અને મન - વચન - કાયાથી કષાયરહિત - સ્યાદ્વાદી - પૂર્ણ સત્યનો અર્થી.

(3) બુદ્ધિવંત - હિતાહિતનો યથાર્થ નિર્ણય કરી અહિતનો પરિહાર અને હિતને અંગીકાર કરવાની બુદ્ધિ.

(૪) બહુશ્રુતપણું.

(૫) દરેક સારું કાર્ય કરવા સમર્થ - શક્તિવંત.

(૬) શાંત સ્વભાવ - કષાયનો ઉપશમ.

(૭) ધીર પ્રકૃતિ જે દુઃખથી કદી ન ગભરાય.

(૮) વીર્યવંત = સદા પુરુષાર્થશીલ, પંડિતમરણ માટે ૧૮ પાપસ્થાનની આલોચના, 3 શલ્યનો ત્યાગ : માયા (કષાય), મિથ્યાત્વ (વિપરીત સમજ), નિદાન (વિષયાભિલાષ).

## પાત્ર - અલ્પપાત્ર - અપાત્ર - સુપાત્ર - ઉત્તમપાત્ર

પાત્ર = કોઈ મેળવવાની મધ્યમ યોગ્યતાવાળા જીવ.
અપાત્ર = કોઈ મેળવવાની યોગ્યતા પ્રગટ નહિ થઈ તે.
સુપાત્ર = કોઈ મેળવવાની ઉત્તમ યોગ્યતાવાળા જીવ.

પાત્રના બે ભેદ : વ્યવહાર - નિશ્ચયશુદ્ધિ.
વ્યવહારના બે ભેદ : દ્રવ્ય - ભાવશુદ્ધિ.
દ્રવ્યશુદ્ધિના ત્રણ ભેદ : અહિંસા - સંયમ - તપ.
ભાવશુદ્ધિના ચાર ભેદ : કષાય - નોકષાયનો ત્યાગ.
નિશ્ચય એટલે સત્સ્વરૂપ - રત્નત્રય - આત્માનુભવ,
નયપ્રમાણયુક્ત નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધા.
તત્ત્વના યથાર્થ જ્ઞાતા બની આત્મસ્વરૂપનો અનુભવ લેવો,
તે નિશ્ચયની શુદ્ધિ છે અને તે પાત્ર છે.
જેનામાં વ્યવહારશુદ્ધિ છે પણ નિશ્ચયશુદ્ધિ નહિ,
તે પુણ્યબંધ કરે છે અને તે અલ્પપાત્ર છે.
જેનામાં બાહ્ય - આંતર વ્યવહારશુદ્ધિ પણ નહિ અને
શુદ્ધાત્માનુભવરૂપ નિશ્ચયશુદ્ધિ પણ નહિ, તે અપાત્ર છે.
શ્રેષ્ઠ ઉત્તમ પાત્ર = વીતરાગ સર્વજ્ઞ ભગવંત.
મધ્યમ ઉત્તમ પાત્ર = અપ્રમત્ત મુનિ.
જઘન્ય ઉત્તમ પાત્ર = વ્યવહાર-નિશ્ચય રત્નત્રયધર મુનિ.

શ્રેષ્ઠ મધ્યમ પાત્ર = ત્રિકરણયોગે સર્વ સાવદ્ય ત્યાગી શ્રમણભૂત ૧૧મા પ્રતિમાધારી, શુદ્ધાત્માનુભવકારી શ્રાવક.

મધ્ય મધ્યમ પાત્ર = નવ વાડ શુદ્ધ ૭મા કે 'સર્વ સાવદ્યત્યાગ' નામની ૧૦મા પડિમાધારી સુશ્રાવક.

જઘન્ય મધ્યમ પાત્ર = ૧૨ વ્રત - છઠ્ઠી પ્રતિમાધારી, આત્માનુભવી.

શ્રેષ્ઠ લઘુ પાત્ર = ક્ષાયિક સમકીતી.

મધ્યમ લઘુ પાત્ર = ઉપશમ સમકીતી.

જઘન્ય લઘુ પાત્ર = ક્ષયોપશમ સમકીતી.

ત્રણે લઘુ પાત્ર ૭ પ્રકૃતિનો અભાવ કરી શુદ્ધાત્માનુભવ સહિત વ્યવહાર સમકીતના સર્વ ગુણસંપન્ન હોય.

ઉત્તમ અલ્પ પાત્ર = દ્રવ્ય - ભાવચારિત્ર શુદ્ધ, પરંતુ આત્માનુભૂતિ વિનાના મુનિ.

મધ્યમ અલ્પ પાત્ર = આત્માનુભવરહિત દ્રવ્યભાવશુદ્ધ શ્રાવક.

જઘન્ય અલ્પ પાત્ર = આત્માનુભવરહિત, વ્યવહારસમકીતી.

મુખ્ય અપાત્ર = આત્માનુભવ અને ચારિત્રહીન મુનિ.

મધ્યમ અપાત્ર = આત્માનુભવ, વ્રતપચ્ચક્ખાણહીન શ્રાવક.

જઘન્ય અપાત્ર = ભક્તિ, વૈરાગ્ય, અનુકંપા, શ્રદ્ધા, સમભાવ અને આત્માનુભવરહિત નામસમકીતી, નામજૈન અને સર્વ મિથ્યાદ્રષ્ટિ જીવો.

અપાત્રના સર્વ દોષો નાશ કરી,
સુપાત્રના ગુણો પ્રગટ કરવા માટે ઉદ્યમ કરવો.

જ્યાં શુદ્ધ આ સંસારમાં દશવિધ યતિધર્મને
ધારણ કરનાર પંચ પરમેષ્ઠિ - ભગવંતો વિદ્યમાન છે,
ત્યાં શુદ્ધ અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ અને કષાય તથા
તેનાથી જન્મતાં દુઃખ, શોક, સંતાપ અને હિંસાદિ બધાં,
પાપનો સમૂળ છેદ કરવાની શુભ સામગ્રી વિદ્યમાન છે.

તેમનું અસ્તિત્વ અને તેમનો સ્વભાવ જ
પાપીનાં પાપનો, દુઃખીનાં દુઃખનો, અજ્ઞાનીના અજ્ઞાનનો,
અવિરતિ, પ્રમાદ અને કષાયનો અંત લાવવા સમર્થ છે.
જેમનાં સ્મરણમાત્રથી સૂર્યથી અંધકારની જેમ પાપો
પલાયન થાય છે, ઉપરાંત તાપ-સંતાપો શમી જાય છે.

'પરદુઃખભંજન' એ તેમનું બિરૂદ છે.

દાનધાર અને ધર્મધાર આદિ વારસાથી ભરપૂર
તેમનું અસ્તિત્વ ઉત્સાહવર્ધક છે,
સ્વાર્થપરાયણતા વિલય કરી પરાર્થપરાયણતાને જન્માવે છે,
તથા તેઓ જેમ વારસાથી ભરપૂર છે, તેમ
પ્રેમરસથી, કરૂણારસથી, આનંદરસથી પણ પરિપૂર્ણ છે,
માટે આશા - ઉત્સાહને પ્રકટાવનારા છે.

V.V. Imp.

જે જીવે મારા જીવને નિગોદમાંથી બહાર કાઢ્યો,
તેને મારી કોડ કોડ વાર વંદના હોજો.

જેણે મને ધર્મમાં જોડ્યો, સુદેવ - સુગુરુ - સુધર્મની સાચી પ્રતીત કરાવી, તેને મારી કોડ કોડ વાર વંદના.

સમકીત સિવાય બીજો કોઈ મોટો લાભ છે?
એક પણ નહિ. જે સમકીત પામ્યો, તે સર્વસ્વ પામ્યો.

જેણે મને સર્વ કર્મને છેદ કરવાવાળું ચારિત્ર આપી
પંચ મહાવ્રતો આપીને સંસારમાંથી બહાર કાઢ્યો,
એવા મારા ગુરુ મહારાજને કોડ કોડ વાર વંદના હોજો.

ધન્ય છે જે દાન દે છે, શીયળ પાળે છે, તપ તપે છે, રૂડી ભાવના ભાવે છે, તે સૌને કોડ કોડ વાર વંદના હોજો.

શરીરાદિને પોતાના માની કષાયનો ડંખ રાખે,
તે અનંત સંસારનું કારણ અનંતાનુબંધી અને
અસત્યમાં સત્ય તથા પરમાં સ્વબુદ્ધિ ધારણ કરે,
તે મિથ્યાત્વમોહનીયનો નાશ થાઓ, એવી ભાવના.

'વખત સારો નહિ' એમ કહેવા કરતાં
'આપણું આચરણ સારું નહિ' એમ કહેવું વધુ શોભે છે.

દ્રવ્યસ્ય સિદ્ધૌ ચરણસ્ય સિદ્ધિઃ ।
ચરણસ્ય સિદ્ધૌ દ્રવ્યસ્ય સિદ્ધિઃ । અણગાર = અનિકેત.

મનુષ્યને સાત્વિક - ઉચ્ચતર શ્રેણિ ઉપર કે
સાધક સાધક ગુણસ્થાન ઉપર લઈ જવા માટે
સદ્વૃત્ત એ સોપાન છે અને સેવાભાવ - પરાર્થમાં
સ્વાર્થભાવ, એ સદ્વૃત્તનું એક આવશ્યક અંગ છે.
(1) દયા = કરુણાર્દ્રતા (2) દાન = ત્યાગના પરિણામ
(3) સંયમ = મન - વચન - કાયાની શુદ્ધ પ્રવૃત્તિ - દમ
(4) પરોપકાર = પરકાર્યમાં સ્વકાર્ય જેટલો પ્રેમાદર.

અષ્ટાંગહૃદય કર્તા વાગ્ભટ્ટ કહે છે:

आर्द्रसन्तानतात्यागः कायवाक्चेतसां दमः ।
स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तमिति सद्वृत्तम् ॥४६॥

અર્થાત્: દયા - દાન, ત્યાગ - તપ, પ્રેમ - પરોપકાર,
સદાચાર પ્રાણીમાત્ર પ્રત્યે સદા દયાની પરંપરા,
દાનવૃત્તિ, મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો સંયમ
અને પરકાર્યમાં સ્વકાર્ય જેટલો પ્રેમ તથા આદર,
આચરણમાં સદાચારનો સાર આવી જાય છે,
સમગ્ર સદ્વૃત્તનો સમાવેશ થઈ જાય છે.
ષડ્દ્રવ્ય અને પંચાસ્તિકાયનું જ્ઞાન હોય, તો અક્રમ-
ક્રિયાની સિદ્ધિ થાય અને અક્રમ-ક્રિયાની સિદ્ધિ હોય,
તો દ્રવ્યના સમ્યગ્દર્શનની સિદ્ધિ થાય.

પાપકર્મમાં નિદાન - નિયાણું સંભવે નહિ,
પુણ્યકર્મમાં નિદાન - નિયાણું સંભવે છે.

શ્રી વિપાકસૂત્રમાં ચિત્ર - સંભૂતિનો સંવાદ છે:
સંભૂતિમુનિ નિદાન કરવાથી ચૂલની રાણીના પુત્ર
બ્રહ્મદત્ત ચક્રવર્તી રૂપે થયા.

શુભાશુભ કર્મ તેનું ફળ આપે, પરન્તુ
શુભકર્મનું નિયાણું કરાય, તો તે કર્મ નિકાચિત થાય.
તેનું ફળ અવશ્ય ભોગવવું પડે. નિરાશંસભાવે અહિત
કર્તવ્યબુદ્ધિ કરાય, તો પરિણામે નિર્જરા થાય.

वैद्या वदन्ति कफ - पित्त - मरुद्विकारं,
ज्योतिर्विदो ग्रहगणादिनिमित्त - दोषं ।
भूतोपसर्गमथ मंत्रविदो वदन्ति
कर्मेति शुद्धमतयो यतयो वदन्ति ॥१॥ (પરિશિષ્ટ-૧૦)

સુખમાં અધિક સુખવાળાને જુઓ નહિ,
દુઃખમાં અધિક દુઃખી તરફ નજર કરો.

સુખ માત્ર સાચી સમજણમાં છે.

દુનિયામાં સાચું સુખ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં છે.

દુઃખ મેં સબ જન પ્રભુ ભજે, સુખ મેં ભજે ન કોય;
પણ સુખ મેં પ્રભુ કું ભજે, દુઃખ કહાં સે હોય ?

जन्मदुःखं जरादुःखं मृत्युदुःखं पुनः पुनः ।
संसारसागरे दुःखं तस्मात् जागृत जागृत ॥१॥ સૂક્તિઃ

વારંવાર જન્મદુઃખ - જરાદુઃખ - મૃત્યુદુઃખ છે,
સંસારસાગરમાં દુઃખ જ છે, તેથી જાગો જાગો.

ખોટી વસ્તુઓમાંથી ખસી જવું અને
સારી વસ્તુઓમાં દૃઢ થવું એજ સાધના છે.

અનાસક્તિ અને સાધના સાથે ધ્યાન પણ જરૂરી છે.

મનના સંકલ્પોમાંથી જન્મતી કામનાઓ તજી દેવી તે તપ, ઈંદ્રિયોને વશમાં રાખવી તે સંયમ અને ધારેધારે વિચાર - મગજને રોકીને આત્મામાં સ્થિર થવું, તે ધ્યાન છે.

જેમ જેમ આત્મનિરીક્ષણ વધતું જશે,
તેમ તેમ પ્રકાશ મળતો જશે.

પૂર્વજન્મનાં કે આ જન્મનાં પાપ ધોવાનો માર્ગ છે,
તે તપ, સંયમ અને ધ્યાન.

માનવજીવનનો ઉદ્દેશ અનિત્ય એવા સંસારના ભોગની ઇચ્છા છોડીને ભીતરમાં રહેલા શાશ્વત એવા ભગવાનમાં લીન થઈ જવું, તે છે. મનને ઠરવાનું કોઈ ઠેકાણું જોઈશે, એ કાંઈ ખાલી રહેશે નહિ. જેમ વાયુને પકડવો ઘણું દુષ્કર છે, એમ આપણા મનને પકડવું ઘણું કપરું છે, એ

માટે અભ્યાસની જરૂર છે. મનનો સંયમ સહેલો નથી.
એક દિવસમાં નહિ આવે, સતત યત્ન કરવો જોઈએ.
ઉત્સાહથી અને શ્રદ્ધાથી અવિરત ઉદ્યમ કરવો.
શરૂઆતમાં આ બધી મથામણમાં કષ્ટ લાગે છે, પરંતુ
અંતે આનંદના ફુવારા છૂટે છે, એ આનંદ અલૌકિક છે
એજ આપણી સંપત્તિ અને એજ આપણી મુક્તિ છે.
ઇચ્છા એ મનને ખેંચી જનારી (કૃષ્ટ) શક્તિ છે,
માટે ઇચ્છા ઉપર જ પ્રધાન અંકુશ મૂકવો.
ભગવાનની આશા વડે જ ઇચ્છા વશ થાય છે.
આશામાં ઈશ્વરીય ઇચ્છા છે, જ્યારે
ઇચ્છામાં માનવીય ઇચ્છા છે.
માનવીય ઇચ્છા અપૂર્ણ - અજ્ઞાનતામાંથી જન્મે છે.
પૂર્ણ પુરુષની આશાને પ્રધાન બનાવી
જીવન જીવવાની કળા સિદ્ધ કરવી જોઈએ.
ઇચ્છારોગને આશાઔષધ વડે નિર્મૂળ કરી શકાય છે.
રોગ પીડતો દેહને, નહિ જીવને ત્રાસ;
ઘર બળે અગ્નિ થકી, નહિ ઘરનું આકાશ... (૯)

Fire in heart and Ice in Brain. Two zeros make infinity in mathematics.

વિશ્વનું રહસ્ય આનંદ છે અને તે આપવામાં રહ્યું છે.
માટે આપતા જ રહો. આપતા રહેશો, તો મળતું રહેશે.
વૃક્ષ ઉદાર છે. તે ગણિત પણ જાણે છે. સાથે જ
ઘટાદાર વૃક્ષ છે. એનો સઘળો આનંદ 'આપવામાં' છે.
ફૂલ, પાંદડાં, ફળ, છાયા અને કોઈ કાપવા માટે આવે,
તો તેને અંગ પણ કાપીને આપી દે છે. તે સર્વદા
ત્યાગ કરે છે, તેથી લોકો પ્રેમથી વૃક્ષને રોપે છે અને
ઉછેરવા માટે પ્રયત્ન કરે છે.

કોઈક પણ ત્યાગ કરવા તૈયાર ન થાય,
તો વૃક્ષના આનંદનો અનુભવ શી રીતે મળશે?
એક બી વાવશો તો હજાર આવશે, પરન્તુ
શૂન્ય વાવશો તો એનાથી હજારગણું શૂન્ય જ રહેશે.

આ જિનશાસનના પર્વોની યોજના શા માટે?

અનાદિકાળથી જીવને કર્મના બંધનમાં જકડી રહેલાં
ક્રોધ, માન, માયા અને લોભ -
એ ચાર કષાયોને પાતળાં પાડી નાશ કરવા માટે
આ જિનશાસનના પર્વો યોજાયેલાં છે તથા
એ માટે જ આચારમાં અહિંસા અને
વિચારમાં અનેકાન્તની પ્રરૂપણા કરી છે.

એકેન્દ્રિય - પૃથ્વીકાયાદિ

બેઇંદ્રિય - અળસીયાં, પાણીનાં પોરાં આદિ

તેઇંદ્રિય - કીડી, મંકોડાદિ

ચઉરિંદિયા - માંખી, મચ્છર, ડાંસાદિ

પંચેન્દ્રિય - મનુષ્ય, તિર્યંચાદિ

ઈર્યા - ગમનાગમન અથવા સાધ્વાચાર

મૌન - ધ્યાનાદિ

ઉત્તરીકરણ - વિશેષ શુદ્ધિ, પ્રાયશ્ચિત્ત, વિશુદ્ધિ.

નિઃશલ્યતા + ભવરોગભૂત પાપોચ્છેદ અર્થે કાયોત્સર્ગીકરણ.

લોકને ઉદ્યોત કરનારા, પંચાસ્તિકાયને પ્રકાશિત કરનારા, તીર્થંકરોનો પ્રસાદ, પ્રસન્નતા, કૃપા, કરુણા અનિવાર્ય અને તે બધા જ શબ્દો અચિન્ત્ય પ્રભાવસંપન્ન છે.

## બોધિલાભ એટલે શું ?

બોધિલાભ - વીતરાગના પ્રવચનનો જૈનધર્મ.

તેનો લાભ સ્વલિંગ - દ્રવ્યલિંગ.

અપ્પાણં કારૂં = મારી પોતાની કાયાને અભ્યુત્થાન વંદન.

અભ્યુત્થિત = હાજર થયેલો છું.

અપત્તિયં = અપ્રીતિકર, પરપત્તિયં = અત્યંત અપ્રીતિકર.

બોલવામાં આલાપ અતિચાર - સંલાપ અનેકવાર.

'અંતરલાસા' એટલે વચમાં જોવું અને
'ઉવરિલાસા' એટલે વધારામાં જોવું.

'મિથ્યાદુષ્કૃત' એટલે હું સ્વીકારું છું કે : દુષ્કૃત એ નિંદ્ય - ગર્હ્ય - ત્યાજ્ય - અકરણીય છે. મેં જે કર્યું, તેને હું ન કરવા યોગ્ય સ્વીકારું છું, માટે ક્ષમા કરો.
પચ્ચક્ખામિ = હું પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરું છું. અપ્પાણં વોસિરામિ = સાવદ્યવ્યાપારવાળા આત્માનો ત્યાગ કરું છું.
સમાધિ = સમત્વનો લાભ તથા પૂજન - પુષ્પાદિથી,
સત્કાર - આભૂષણાદિથી, સન્માન - સ્તુતિ આદિથી.

ઇચ્છાયોગ - કૃતિવાળો પણ ઇચ્છાથી થતો.
સામર્થ્યયોગ - અપૂર્વ સામર્થ્યથી વીતરાગભાવની નિકટનો.
પ્રાર્થના - આશંસા - અભિલાષા એ ધર્મનું જીવન છે. ધર્મ જેમ કર્તવ્ય છે, તેમ તેની આશંસા તથા ઉત્કટ અભિલાષા પણ કર્તવ્ય છે અને તે ધર્મનું જીવન છે.

'અરિહંતાણં |' અષ્ટ પ્રાતિહાર્યોની પૂજાવાળા,
'ભગવંતાણં |' ઉત્કૃષ્ટ ઐશ્વર્યાદિવાળા, પરિષહોને સહવામાં ધીર અને કર્મ પ્રત્યે ક્રૂર માટે સિંહ જેવા,
'પુરિસુત્તમાણં |' અનાદિકાળથી જાત્યરત્નની જેમ ભવોમાં ઉત્તમ, અન્ય ભવી કાચમણિ જેવા.

તીર્થંકરના ભવો જાતિમાન શ્રેષ્ઠ રત્ન જેવા,
ભવ્યલોકમાં ઉત્તમ, ચરમાવર્તી ભવ્યોના યોગક્ષેમકારક,
પંચાસ્તિકાય લોકને હિતરૂપ,
યથાર્થ નિરૂપણ વડે સંજ્ઞી ભવ્યોને પ્રદીપરૂપ,
૧૪ પૂર્વીઓને પ્રદ્યોત - ઉત્કૃષ્ટ પ્રકાશ દેનાર.
(૧) <u>અભયદ</u> - ચિત્તસ્વાસ્થ્ય દેનાર.
(૨) <u>ચક્ષુદ</u> - ધર્મદૃષ્ટિ, ધર્મનું આકર્ષણ દેનાર.
(૩) <u>માર્ગદ</u> - ચિત્તની સરળતાને દેનાર.
(૪) <u>શરણદ</u> - તત્ત્વજિજ્ઞાસા દેનાર.
(૫) <u>બોધિદ</u> - તત્ત્વબોધ, દર્શન, શ્રુતજ્ઞાન દેનાર.
સંસાર એ સળગતાં ઘરના મધ્ય ભાગ જેવો છે,
એવું ધર્મમેઘ બને આગને બૂઝવે શાંત,
એ પ્રકારે ધર્મોપદેશદાતા.
અટવામાં લુંટારા માલ લુંટી લે, આંખે પાટા બાંધે અને
રખડતો મૂકી દે, તેને કોઈ દયાળુ પહેલાં અભય આપે,
પછી પાટા ખોલી ચક્ષુ આપે, પછી માર્ગે ચઢાવે,
રક્ષણ આપે અને લૂંટેલો માલ પાછો અપાવે,
તેમ અભય, ચક્ષુ, માર્ગ, શરણ અને બોધિને દેનારા.
માર્ગ એટલે સરળ ચિત્ત,

તેમાં શરણ એટલે તત્ત્વજિજ્ઞાસા અને
બોધિ એટલે તત્ત્વદર્શન કરાવનારા, માર્ગ પાછો લાવનારા.
ધર્મનાયક = સ્વયં ધર્મ સિદ્ધ કરીને પછી ઉપદેશે.
ધર્મસારથિ = જીવરૂપી અશ્વને ધર્મમાં દમન, પાલન
ઉપરાંત ધર્મનું પ્રવર્તન કરાવનારા, રાગ - દ્વેષ જીતનાર,
ભવસાગર તથા અજ્ઞાનના સમુદ્રને તરી ગયેલા.
શિવ = નિરૂપદ્રવ, અચલ = સ્થિર, અરૂજ = રોગરહિત.
આઇગરાણં = શ્રુતની આદિ કરનારા.
તીર્થ = પ્રથમ ગણધર, ચતુર્વિધ સંઘ.
સ્વયંસંબુદ્ધ = જાતે બોધ પામી - લોચ કરી ચારિત્ર લેતાં,
તપ - ધ્યાન વડે કર્મો પ્રત્યે ક્રૂર, મોક્ષ પ્રત્યે અસહિષ્ણુ,
પરિષહ - ઉપસર્ગોમાં ખેદરહિત,
કુવિકલ્પ રૂપી લક્ષ્મીદેવીના ભવનરૂપ કમળ જેવા,
ધર્મનો યોગ અને કષાયાદિ સંરક્ષણરૂપી નાયકત્વ દેખાડ્યા.
દમન = ઉન્માર્ગથી રોકવું, પાલન = શુભ ભાવનાથી
પાલન, પ્રવર્તન = ચાર પ્રકારે ધર્મમાર્ગ પ્રવર્તાવનારા:
(૧) ૪ ગતિનો અંત કરનાર ધર્મચક્રધારક - ધર્મચક્રવર્તી
(૨) ધર્મદાનાદિ (3) દર્શનાદિ (૪) સાશ્રવ - નિરાશ્રવ
અને યોગાત્મક - ચાર પ્રકારે ધર્મમાર્ગ પ્રવર્તાવનારા.

જિણાણં = રાગ - દ્વેષવિજેતા, વીતરાગ, સમ્યગ્દૃષ્ટિ,
આધ્યાત્મિક ગુણસ્થાન : (૧૦મું) જિન, (૧૨મું) તીર્ણ,
(૧૩મું) બુદ્ધ અને (૧૪મું) મુક્ત ગુણઠાણાને વરેલાં,
જિન = મોહરૂપી મગરને નિર્ગ્રન્થ ચારિત્રરૂપ મુષ્ટિપ્રહાર છે,
તીર્ણ = સંસારસાગર તરી કેવળજ્ઞાનરૂપી તટ સ્થિત
બુદ્ધ ઉપર આવી મોક્ષરૂપી ઇષ્ટનગરે મુક્ત પહોંચે છે.

ચિત્તનિરોધ અને પરમ ઇંદ્રિયજય પ્રત્યે
શ્વાસરૂંધન એ નિશ્ચિત ઉપાય નથી,
કાયોત્સર્ગની ક્રિયા એ નિશ્ચિત ઉપાય છે.

ચિત્તવૃત્તિ શ્વાસ પર નહિ, પાઠ ઉપર સ્થિર કરવાની છે.
સ્થાન - મૌન - ધ્યાનને છોડીને અન્ય ક્રિયા કરવાનો
નિષેધ છે. તેમાં શ્વાસ - પ્રશ્વાસાદિ ૧૨ આગાર છે.
સૂત્રનાં અર્થ ન જાણતો હોય, તો પણ સૂત્રના અક્ષરો
ઉપર મંત્રાક્ષરની જેમ તીવ્ર શ્રદ્ધા અને ઉપયોગ-ધ્યાન
રાખી પાપનો પશ્ચાત્તાપ કરે, તેને પણ લાભ થાય.
રસ વસ્તુઆધારિત નથી, વિવેક - સમજ આધારિત છે.
રસહીન ક્રિયા કરનારને તેટલો વખત પાપથી બચીને
ઉત્તમ ક્રિયાના સંસ્કાર પાડવાનો લાભ મળે છે, જે પછીથી
ઘણી ઉપયોગી નીવડે છે. રસ સમજણવાળા દિલમાં છે.

ઉપસર્ગહર પાર્શ્વ નામે પ્રભુ છે જેને,
ઉપસર્ગ હરનારું સામર્થ્ય છે જેમનું, તે પાર્શ્વ પ્રભુ
ઉપસર્ગ હરનારા અને આશા - તૃષ્ણાદિ મુક્ત થયેલા,
કર્મરૂપી વાદળના સમૂહથી ઘન એવા કર્મથી મુકાયેલા,
વિપત્તિનો ઉપશમ અને સંપત્તિનો ઉત્કર્ષ કરનારા,
મંગલ - કલ્યાણના ઘર, વિસહર મંત્ર, પ્રધાન,
સમ્યક્ત્વ અને ભવોભવ ધર્મની પ્રાપ્તિ કરાવનાર છે.
'બોધિ'થી સમ્યક્ત્વ લેવાય, તેમ
વીતરાગના પ્રવચનનો રત્નત્રયરૂપી ધર્મ પણ લઈ શકાય.

શ્રદ્ધા - મેધાદિ પાંચ હેતુમાં...

શ્રદ્ધાથી - સ્વેચ્છાથી પણ બળજબરીથી નહિ,
મેધાથી - પ્રજ્ઞાથી પણ જડતાથી નહિ,
ધૃતિથી - ચિત્તની શાંતિથી પણ રાગાદિની વ્યાકુળતાથી નહિ,
ધારણાથી - ઉપયોગની દૃઢતાથી પણ શૂન્યતાથી નહિ,
અનુપ્રેક્ષાથી - તત્ત્વાર્થ ચિંતનથી કાયોત્સર્ગ કરવાનો છે.
શ્રદ્ધા એ જલશોધકમણિની જેમ ચિત્તની શંકા-કાંક્ષાદિ મલિનતા દૂર કરે છે. મેધા એ ઔષધની જેમ અત્યંત આદરપૂર્વક પ્રયત્નની કૌશલ્યતાથી, ધૃતિ એ ચિંતામણિ રત્નની પ્રાપ્તિથી જેમ દારિદ્ર્ય નાશ પામ્યું, તેની જેમ.

ધૃતિ એટલે ટૂંકું - નિરાંત - ધારણાદિ ગ્રહણ કરે છે,
ધારણા એ સાચા મોતીની માળા પરોવવાની જેમ
ચિન્તનીય પદાર્થોનું અવિચ્છિન્ન દૃઢ સંકલનરૂપ છે તથા
અનુપ્રેક્ષા એ તત્ત્વાર્થ ચિન્તનરૂપ છે અને
તે પરમ સંવેગ અને અત્યંત દૃઢતા ઉત્પન્ન કરી
કર્મમલને બાળી નાખવા માટે અનલ - અગ્નિનું કામ કરે છે.
આ પાંચે વધતાં પરિણામે કરવાના છે,
તો જ કાયોત્સર્ગ શુદ્ધ થાય છે.
માલિન્યશોધક, રોગનાશક, ચિન્તાચૂરક
તથા ચિત્તનો ઉપયોગ અને અનુચિન્તન -
તે અનુક્રમે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા તથા અનુપ્રેક્ષા છે.
શ્રદ્ધા એ ચિત્તમાલિન્યશોધક જલ છે.
શરમ - શરમ કે બલાત્કારથી નહિ પરંતુ
સ્વરસથી જીવાદિ તત્ત્વની પ્રતીતિ થવાથી - સ્વેચ્છાથી.
મેધા એ ચિત્તરોગનાશક ઔષધ ઉપરના દૃઢ આદરથી
સમ્યક્શાસ્ત્રોના ગ્રહણ, આદર, કૌશલ્ય વડે રોગનાશક
ઔષધ ઉપર આદર ઉત્પન્ન કરે છે.
ધૃતિ એ ચિત્તચિન્તાની નાશક છે.
ચિન્તામણિ રત્ન સમાન જિનોક્ત ધર્મની પ્રાપ્તિ

ચિત્તમાં ચિન્તા, દુઃખ, સંતાપ રહેતો નથી અને
ધૃતિ - ધૈર્ય - સ્થૈર્ય પેદા થાય છે.

ધારણા એ ચિત્તોપયોગ, અવિસ્મરણારૂપ દૃઢતા,
માળામાં મોતી પરોવવાની જેમ
પદાર્થોનું ચિત્તમાં દૃઢ સંકલન થવું તે.

અનુપ્રેક્ષા એ તત્ત્વાનુચિન્તન, અનુભૂત અર્થોનો
અભ્યાસવિશેષ, પરમ સંવેગની દૃઢતા લાવે છે,
અપૂર્વકરણાદિક સંપ્રત્યય કરાવે છે, કર્મમલનાશક છે,
કેવળજ્ઞાનરૂપી રત્નને આપે છે. આત્મા મણિ રત્ન.
કર્મમલ શોધક અનુપ્રેક્ષારૂપી અગ્નિના સંબંધથી
કર્મમલ નાશ પામે છે અને નિર્મળ કેવળ જ્ઞાન ઉપજે છે.

કાયોત્સર્ગનાં છ નિમિત્ત અને પાંચ હેતુ

વંદન - બે હાથ જોડી શિર નમાવવાની ક્રિયા
પૂજન - પુષ્પ, ચંદનાદિ વડે, સત્કાર - વસ્ત્રાભરણાદિ વડે
સન્માન - ગુણસ્તુત્યાદિ વડે
બોધિ - જિનધર્મની પ્રાપ્તિ માટે
નિરુપસર્ગ - મોક્ષના લાભ અર્થે.

વંદનાદિ ચૈત્યોનાં થાય છે, બોધિલાભ - મોક્ષ પોતાનાં હોય
છે, તેથી બે વસ્તુને જુદી પાડી કાયોત્સર્ગ કરવાનો છે.

## કાયોત્સર્ગમાં અભિગ્રહાદિ થનારા લાભો

देह - मई - जड्डसुद्धी सुहदुह - तितिक्खयाअणुप्पेहा ।
झायइ सुहं झाणं एगग्गो काउसग्गम्मि ॥१॥

(૧) કાયોત્સર્ગથી દેહ અને મતિની જડતા દૂર થાય છે.
દેહની જડતા એ આળસની જનની છે અને
મતિની મંદતા એ પ્રમાદની જનેતા છે.

(૨) કાયોત્સર્ગ સુખ - દુઃખ સહવાની શક્તિ ઉપરાંત
સમત્વભાવ ટકાવી રાખવાની દૃઢતા આપે છે.
કાયોત્સર્ગ એ નિર્ણયની દૃઢતા કરાવે છે કે :
સુખ પુણ્યના કારણે છે અને દુઃખ પાપના કારણે છે.

(3) કાયોત્સર્ગથી અનુપ્રેક્ષા - પૂર્વે વિચારી ભાવિત કરેલી
વસ્તુની પુનઃ પુનઃ વિચારણા - તત્ત્વનું ચિન્તન થાય, જે
સંવેગની દૃઢતા, અધિકાધિક સંપત્તિનું કારણ બને છે.

(૪) (a) આત્માની નિત્યાનિત્યતાનું, સત્યાસત્યનું,
ભેદાભેદનું, વાચ્યાવાચ્યનું ચિન્તન.
(b) કર્મના બંધ - ઉદય - ઉદીરણા - સત્તાનું ચિન્તન.
(c) લોકસ્વરૂપનું ચિન્તન.
(d) નામ - આકૃતિ - દ્રવ્ય - ભાવનું ચિન્તન.
(e) જિનમૂર્તિ - જિનાગમનું ચિન્તન.

તે પદોનો સાર એ જ છે કે : શરીરની જેમ
આત્માના પણ સ્નાન - પાન - વસ્ત્રાહાર - આભરણ
દ્રવ્યનું ચિન્તન, મનન, નિદિધ્યાસન અને પાલન છે.
આપણને જાણ છે તેમ દુષ્કૃતગર્હા એ આત્માનું સ્નાન છે,
દુષ્કૃતવર્જન એ પાન છે, સુકૃતાનુમોદન એ વસ્ત્ર છે,

સુકૃતસેવન એ આહાર છે,

ચતુઃશરણગમન એ આભરણ છે અને આત્મદ્રવ્યનું
શરણ એ દ્રવ્ય - અખૂટ અને અચ્છેદ્ય નિધાન છે.

શ્રદ્ધાથી ચિત્તની મલિનતા જાય છે,
શંકા - કાંક્ષા વગેરે મલિનતા સ્વરૂપ છે.
મેધાથી ચિત્તની જડતા જાય છે,

સારાસારના વિચારની શક્તિને આવરનાર જડતા છે.

ધૃતિથી ચિત્તની ખિન્નતા - વ્યાકુળતા જાય છે,
મનઃસમાધિ રૂપ ધૈર્યની પ્રાપ્તિ થાય છે.
ધારણા અવિચ્યુતિ - અવિસ્મરણરૂપ છે,

તેથી ચિત્તની શૂન્યતા જાય, ઉપયોગની દૃઢતા થાય છે,
અનુપ્રેક્ષાથી અપ્રતીતિ, ચિત્તની અસમાનતાદિ નાશ પામે છે
અને અનુભૂત અર્થનો અભ્યાસ થવાથી સંવેગની દૃઢતા
અને પ્રતીતિની નિશ્ચલતા અનુભવાય છે.

## કાયોત્સર્ગના પુનઃ પુનઃ અભ્યાસથી શું થાય?

કાયોત્સર્ગના સતત અભ્યાસે શ્રદ્ધા વધે છે, મેધા વધે છે,
ધૃતિ વધે છે, ધારણા વધે છે, અનુપ્રેક્ષા વધે છે.
શ્રદ્ધા - મેધાદિના વધવાથી આવરણનો વિલય થાય છે
અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તથા
ઉત્તરોત્તર મોક્ષસુખના અધિકારી થવાય છે.

બોધિ = જિનધર્મની પ્રાપ્તિ યા જિનવચનનો સ્વીકાર.

o प्रदीप्तदन्तांशुकेसरं અર્થ
અત્યંત દેદીપ્યમાન દાંતના કિરણ સ્વરૂપ કેસરાવાળા,
દાંતમાંથી નીકળતા કિરણો એ જ કેસરા.

जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।
इक्केण विणा तित्थं, छिज्जइ अन्नेण उ तच्चं ॥ અર્થ:
જો જિનમતને સ્વીકારો છો, તો વ્યવહાર - નિશ્ચયમાં
મૂંઝાવ નહિ. વ્યવહાર વિના શાસનનો ઉચ્છેદ થાય
અને નિશ્ચયના વિના તત્ત્વનો ઉચ્છેદ થાય.

o

નિર્વાણ = Absolute Freedom.
While living, Be a dead man.
Be thoroughly dead & then behave as
you like, because then all is well.

24-5-1974, સં. 2030, વૈશાખ વદી ૮, સોમવાર

શ્રી મુંબઈના મહાવીર તીર્થ

## જંગલમાં જડીબુટ્ટીઓ કઈ?

રાગ, ધ્યાન, વિસ્મય, પુલક, પ્રમોદ, મૌન અને ધ્યાન.

0 બન પહેલાં લાયક, પછી બનાશે નાયક.

0 મોટાનો ઉપયોગ કરે તે મહાન નહિ,
પરન્તુ મોટાના ઉપયોગમાં આવે તે મહાન.

0 નયનની ચતુરાઈ ફૂલોને જોવામાં છે,
બાવળીઓની કાંટાઓ કાઢવામાં નહિ.

જગદીશના દિલમાં સ્થાન મેળવો, જગત પાછળ આવશે.
પરિશ્રમનું ફૂલ જે ચાખે, તેને કદી થાક લાગતો જ નથી,
માટે મનુષ્યે પ્રમાદને ત્યજવો જરૂરી છે.

0 ડરે કદર, બને નીડર.

0 માનવકાયા અતિ દુર્લભ છે, તેને
સત્કર્મને જાણતાં શીખવું જોઈએ.

0 મનનો મિત્ર તે મંત્ર. મતિ દ્વારા મંત્રનું સેવન
જીવનની પ્રત્યેક ક્રિયાઓને શ્રમરહિત બનાવે.
ક્રિયા અલ્પ અને પરિણામ અનલ્પ પામે તે મતિ,
કિન્તુ પરિણામમાં પરમેશને પામે, તે મહામતિ.

નિઃશબ્દ પ્રકાશ નિર્દંભ હોય છે.
પ્રતિભા બનવા માટે તેજસ્વી પ્રતિભાની જરૂર છે.
ચારિત્ર ગુમાવનાર નિસ્તેજ છે. આ રોગ રાહુ જેવા
જીવનને રમ્ય ઉપવન જેવું બનાવવામાં શીલ જરૂરી છે.
સ્વજનને જે માનવ સમજે, તે સન્માન સર્વદા પામે.
મનના તરંગનું ઉદ્ગમ આગમ - નિગમયુક્ત હશે,
તો ભક્ત અને તેહ વિમુક્ત હશે, તો આસક્ત.
જીવનમાં બે રસ મુખ્ય છે : શૃંગાર તથા કરુણ.
શૃંગારથી હૃદય પ્રમુદિત થાય છે, કરુણથી દ્રવિત થાય છે.
શ્રી શાન્તિનાથાદપરો ન દાની, દશાર્ણભદ્રાદપરો ન માની।
શ્રી શાલિભદ્રાદપરો ન ભોગી, શ્રી સ્થૂલભદ્રાદપરો ન યોગી॥
શ્રી શાંતિનાથથી શ્રેષ્ઠ દાની નહિ, દશાર્ણભદ્રથી શ્રેષ્ઠ માની નહિ,
શાલિભદ્રથી શ્રેષ્ઠ ભોગી નહિ, સ્થૂલભદ્રથી શ્રેષ્ઠ યોગી નહિ.

When the desciple is ready,
the master is ready also.
The desciple is one able to stand,
to hear, to see & to speak.
You are now to serve the one, so
kill out all personal ambition.

## જીવનમાં શાસન અને આચરણની જરૂરીયાત

શાસન શાસ્ત્રનું અને આચરણ ભગવાનનું.

આસન = પ્રભુના હૃદયમાં કે પ્રભુનો હૃદયમાં સન્નિવેશ.

### સુભાષિત મુક્તાવલિ - (૧)

અનિષ્ટનાં શમન કરાવે તે શાસ્ત્ર - શાસન અને
ઇષ્ટની પ્રાપ્તિ કરાવે તે આચરણ.

આચરણ શાસનને - શાસન આચરણને નિર્મળ બનાવે.

સ્વમન ઉપર આચરણ સિદ્ધ કરે,
તેને શાસ્ત્રનાં શાસન સદા ય રૂચે.

આચરણની સિદ્ધિ શબ્દમાં સૌષ્ઠવ લાવે છે, શાસનની સ્થિરતા ચારિત્રમાં ઔદાર્ય વગેરે ગુણોને કેળવે છે.

સુઆસન એ જીવનનું ચિંતી રસાયણ છે, એથી
કાયામાં સ્વસ્થતા, મતિમાં સ્થિરતા અને
સાધકના મનમાં તેજસ્વિતા આવે છે.

### શાસ્ત્રનાં શાસન રૂચે તે:

(૧) વડીલ તરફ સન્માનની લાગણી સેવામાં ઉતારશે.
(૨) સમાન તરફ આદરની લાગણી સ્નેહમાં ઉતારશે.
(૩) ગરીબ તરફ આદરની લાગણી સહાયમાં ઉતારશે.
(૪) શત્રુ તરફ ઉપેક્ષાની વૃત્તિ દોષસંશોધનમાંથી જગાવશે.

○ જીવન સેતુ માટે છે, કેતુ માટે નહિ.

○ સ્વભાવસુધાર એ જ આત્મોદ્ધાર.

○ ઝીણું સાચવે તે વિદ્વાન, જાડું સાચવે તે ધનવાન.

○ કૃતિ અને આકૃતિ જેની મધુર તે સંત.
સંતોના સહવાસથી મનમાં વિશ્વાસ અને
મતિમાં સુવાસ આવે છે.

○ અહંતા એ તમોગુણ છે,
મમતા એ રજોગુણ છે તથા
સમતા એ સત્ત્વગુણ છે.

○ પ્રભુને કરાતી સ્તુતિ એ સમાધિની ભાષા છે.

○ આશયહીન ભારરૂપ બને છે, પરન્તુ
આશયવાન આવકારને પાત્ર બને છે.

જીવનનાં રૂડાં પાસાં બે : સમાધાન અને સાવધાન.

○ સદ્‌ગ્રન્થો સમાધાન આપે છે અને
સ્વદોષ નિરીક્ષણ સાવધાન રાખે છે.

○ આયુષ્યવૃદ્ધિ વિના પ્રયત્ને છે, કિન્તુ
ગુણવૃદ્ધિ સાવધાનીમાં છે.
ગુણવૃદ્ધ મનુષ્ય પ્રશંસા અને પ્રસન્નતા -
ઉભયને પામે છે અને અન્યોને પમાડે છે.

## સુભાષિત મુક્તાવલિ (૨)

સ્તવન અને પ્રભુસ્મરણ -
એ બે બાધકને સાધક બનાવવામાં સફળ સાધન છે.
વ્યક્તિ નહિ પણ વિશ્વપતિની વ્યક્તિમાં વસેલી જ્યોતિ
નિરાબાધ પળે પળે અપૂર્વ આનંદ જીવનમાં વિલસે.
કુટિલતા છે, ત્યાં શુદ્ધ કુશળતાની સંભાવના નહિ.
જેમ વધેલા નખને કાપવો જોઈએ, તેમ
વધેલી શક્તિ અને સંપત્તિને સદ્વ્યયમાં વાપરવી જોઈએ.
માન, માનવતા, માનસ, મહસ શબ્દોને પરસ્પર સંબંધ છે.
નિયતિના નિયમન ચક્રમાં જીવમાત્ર ઉપર
દયા વિરુદ્ધ અન્યથા ભાવ છે નહિ.
સર્વેશ્વરના સર્જન પાછળ કૃપાની જ સામગ્રી ભરેલી છે.
પ્રભુ દયાળુ છે, કારણકે તેઓ જીવના દોષને ગણતાં નહિ.
'દાન'નો અર્થ સ્વસત્તાને ઉઠાવી લેવી અને
અન્ય અર્થીની સત્તા સ્થાપવાની વિશિષ્ટ ચાતુરી દાખવવી.
'જન્માદિ મરણપર્યંતના પ્રત્યેક પ્રસંગો ભગવદીચ્છાધીન છે'
એ વિચારનું સાતત્ય એ પણ દાનનો જ આકૃતિ
મૂર્ત્ત ઉતારવાનો જ એક પ્રકાર છે.
રોગને યોગના પ્રથમ સોપાન સંયમરૂપે,

ભોગને ભગવાનની પ્રસાદીરૂપે - કેમકે
પ્રસાદી હંમેશાં અલ્પમાત્રામાં જ હોય,
સ્વજનોને સેવાના સહાયક તરીકે,
તૃષાને તિતિક્ષાના રૂપમાં, ક્ષુધાને ઉપવાસના રૂપમાં,
તાપને તપના રૂપમાં અને જીવનની સર્વ પરિસ્થિતિને
ભગવદીચ્છાના રૂપમાં જોવાથી ઘણો આનંદ આવશે.
ઉત્તમને આપી ઉત્તમને આધીન થવાય.
માનવ એટલે ટેકનું મંદિર, ટેવનું નહિ.
ટેક ટકાવવામાં સામર્થ્યનો સદુપયોગ છે,
ટેવ ટકાવવામાં મનબલના સામર્થ્યનો દુરૂપયોગ છે.

## સુભાષિત મુક્તાવલિ - (3)

અર્થ માટે અલ્પ વચન આવશ્યક છે,
અનર્થ માટે અનલ્પ વચન પૂરતાં છે.
પુણ્ય અને ધર્મ - બે જ આપવા અને લેવા જેવા છે.
પુણ્ય આપી સંપદા મૂર્ખ અને ધર્મ લે વિવેકી.
'જનજાતને ઝવેરી થવા જ જગદીશે જિંદગી દીધી છે'
આટલી વિચારશ્રેણી જીવનને કલ્પલતા સમાન બનાવશે.
વ્યક્તિ અને મનાય ભગવત્સ્વરૂપ = વધુ વ્યાપક થવું.
કૌશલ્ય કેવળ નિયંતાની પ્રત્યેક પળે સેવામાં છે.

સંયમમાં સ્નેહની કદર છે, વૈશિષ્ટ્યની પ્રાપ્તિ છે,
સુખ ઉપર કાન્તિ છે, આનંદની આબાદી છે.
પ્રભુ દયાળુ - કૃપાળુ - માયાળુ છે, તેથી
સ્મરણથી રાજી થાય છે, માટે સ્મરણમાં પ્રમાદ ન કરશો.
માનવમાત્રની ઇચ્છા સ્વઅભિલાષને
સફળ જોવા માટેની છે, તે પૂર્ણ તો જ થાય કે
જગદીશની આજ્ઞાને આધીન રહીને જીવાય.
તે આજ્ઞા સર્વની સર્વશ્રેષ્ઠ ઇચ્છાઓને પૂર્ણ કરનારી છે.
ભગવાનની આજ્ઞાનો ટૂંકસાર
ગુરુલાઘવવિજ્ઞાન અને મૈત્ર્યાદિનું સંવેદન છે.

આઠ પ્રકારના સત્ત્વનું અન્વેષણ

(૧) સત્તાનું સત્ત્વ = સર્વ હિતનું પાલન.
(૨) સંપત્તિનું સત્ત્વ = દાન - સમર્પણનું પાલન.
(3) સંયમનું સત્ત્વ = સેવનીયના સુખનો સતત વિચાર.
(૪) શરીરનું સત્ત્વ = શરીરને ધર્મનું જ સાધન માનવું.
(૫) જીવનનું સત્ત્વ = આત્માધિકાર પામવો.
(૬) સુખનું સત્ત્વ = પુણ્યોપાર્જન.
(૭) દુઃખનું સત્ત્વ = પવિત્ર સંકલ્પનું સ્થાપન.
(૮) સન્માનનું સત્ત્વ = પ્રભુકૃપા અવલોકન.

## સૂક્ત મુક્તાવલિ - (૪)

અદૃષ્ટં ચ હતં જ્ઞાનં, પ્રમાદેન હતં શ્રુતં ।
સંદિગ્ધો હિ હતો મંત્રો, વ્યગ્રચિત્તો હતો જપઃ ॥
સંસાર - સાગરે મગ્નં, હીનં માં કરુણાનિધે !
કર્મ - મોહ - ગૃહીતાંગં, મામુદ્ધર ભવાર્ણવાત્ ॥ (પરિશિષ્ટ-૧૧)

જેને ડહાપણ અને પરિણામ બંને પકડતાં અને પારખતાં આવડ્યું, તેઓ અલ્પ સંકલ્પબળથી દૂષણ વિનાશ કરી જશે.

### ચિન્તનની શરૂઆત એટલે...

અંતઃકરણની શુભાશુભ પ્રત્યેક લાગણીઓનાં ડહાપણ અને પરિણામ તપાસવાની એક સ્વતંત્ર દૃષ્ટિ કે વૃત્તિ.

### 'પ્રભુ' શબ્દનો વ્યાકરણ મુજબ અર્થ

પ્ર = પુષ્કળ, ભૂ = થવું, પુષ્કળ - અગણિત થવું.

'પ્રભુ' એટલે ઘણાના આત્માઓ બનવું,
સહવાસમાં આવનારના અન્યમાં ભળી જવાની કડીઓનું
વ્યવહારમાં કુશળતાથી સ્થાપન કરવું.

જેમ પવનની ગતિ સમુદ્રમાં તરંગમાળા પેદા કરે, છતાં અંતઃસ્થિત પદાર્થમાં લવલેશ પણ ક્ષોભ પેદા થતો નથી, તેવી જ રીતે કર્મપવન કદાચ તરંગ લાવે તો પણ સદ્‌વિચારથી ઊંડાણમાં વસેલ અંતર્યામી પ્રતિ જનારના

જીવનમાં ક્રોધ, વિહ્વળતા કે વિષાદ પેદા ન થાય.
દૂષણોથી દૂર રહેવામાં ઉર પ્રભુભાવથી ભરપૂર બની જાય,
એ જરૂરી છે... દિલ દ્રવે પ્યારથી, ન કે નફરતથી.

0 પ્રતિભાને પરણો, તો પ્રભુ દીકરો થશે, પરન્તુ
પ્રતારણાને પરણો, તો દાનવ દીકરો થશે.

0 અસલની અસર સચોટ છે.

0 અંતરનો સ્વાર્થ અન્યના ઉત્કર્ષને ન સાંખી શકે.

0 વડીલોને વંદન કરવાથી સ્ખલનમાંથી બચાય.
ચંદનની શીતળતા કરતાં વંદનની શીતળતા અધિક છે

0 પ્રેમમાં માત્ર ગુણદર્શન જ હોય.
ગુણમાં આસક્તિ એજ જીવનની શક્તિ.

સુભાષિત મુક્તાવલિ - (૫)

0 છોકરાને વાગે અને મા રડે, એ શુદ્ધ પ્રેમ.

0 સેવાના ત્રણ ભેદ : તનુજા, વિત્તજા, માનસી.
સેવા એટલે સર્વના કલ્યાણની ભાવના.
યજ્ઞ = સંપન્નની સંપત્તિને સમાજમાં સરખે હિસ્સે
તથા સપ્રેમ સંયોજિત કરવાનો શાસ્ત્રીય ક્રિયાકલાપ.
શાસ્ત્રસંમત વિચાર જેના આચારમાં દેખાય, તે વસિષ્ઠ.

0 સમાધાનમાં આવતાં જેને આવડે, તેનું નામ રામ.

# જગચિંતામણિ સૂત્રનો ભાવાર્થ

જગચિંતામણિ : જગતને સુર - નર અને મોક્ષના ચિન્તિત - અચિન્તિત ફળને દેનારા. જગતના નાથ : દર્શન - જ્ઞાન - ચારિત્રને પમાડનારા અને રક્ષનારા. જગતના ગુરુ : તત્ત્વોપદેશદાતા. જગરક્ખણ : કષાયલુંટારાથી બચાવનારા. જગબંધવ : જગતના જીવોને અભયદાન અને મોક્ષમાર્ગ બતાવનારા, તેથી સાચાં સગા. જગસત્થવાહ - મોક્ષમાર્ગ તરફ લઈ ચાલતાં સાર્થપતિ.

જગભાવવિયક્ખણ : કુશળ જ્ઞાતા,
ત્રિકાળવર્તી લોકાલોકના ભાવોને જાણનારા.
કર્માષ્ટક વિનાશક : ધ્યાનબળે આઠે કર્મના નાશક.
અપ્રતિહતશાસન : ત્રિકાળાબાધ્ય,
ઈતર દર્શનોથી અપ્રતિહત - અબાધિત શાસનવાળા.
શ્રુતધર્મ અને ચારિત્રધર્મ
ત્રિકાલ - ત્રિલોકથી અબાધિત સ્વરૂપવાળો છે.
અષ્ટાપદ ઉપર સ્થાપિત બિંબવાળા
ચોવીસ અને ઉપલક્ષણથી સર્વ તીર્થંકરો,
અનંતા તીર્થંકરોનું ધર્મશાસન એકસરખું હોય છે,
તે જણાવવા 'अपि' શબ્દનો પ્રયોગ કર્યો છે.

મંગલ = વિપત્તિઓનો ઉપશમ.

કલ્યાણ = સંપત્તિઓનો ઉત્કર્ષ.

ફલ = ભાવઆરોગ્ય, સાધુ = નિર્ગ્રંથ રત્નત્રય.

પુષ્કલ = સંપૂર્ણ, વિશાલ = વિસ્તૃત.

ધમ્મસ્સ સારં = શ્રુતધર્મની સારભૂતતા.

શ્રુતારાધન = શ્રુતોક્ત સ્વસ્વરૂપ, પંચાચારમાં પ્રવૃત્તિ.

જય વીતરાગ !

મારા આત્મામાં વીતરાગ જગદ્‌ગુરુનો જય હો.
પ્રભુના પ્રતાપે દયાદિ અને ક્ષમાદિ ગુણો, દાનાદિ કરણ,
જિનભક્તિ - સાધુસેવાદિ ક્રિયાઓ ઈચ્છવાની તથા
કપટ નહિ પણ મૈત્રી, કૃપણતા નહિ પણ દાન, અનીતિ
નહિ પણ નીતિ, ઈર્ષા નહિ પણ શુભેચ્છા ઈચ્છવાની,
તે તત્ત્વાનુસારિતા છે.

શાસ્ત્રચિન્તન અને પ્રભુસ્મરણ દ્વારા
આધિરૂપી દુઃખક્ષય, સમતા, સૌમ્યતા તથા
મૈત્રી વડે ક્રોધાદિ વ્યાધિરૂપી દુઃખક્ષય અને
ધ્યાન વડે કર્મક્ષય અને તપ વડે ઉપાધિનાશ હો.

પાપનાશકતા = ઈંદ્રિય અને મનની
વ્યાકુળતારહિત શરીરે ઉપશાંતતાદિથી યુક્તતા,

મનની દુષ્ટ વિચારણા - દ્વેષાદિ,
વચનની અસત્યતાદિ તથા કાયાની નિકર બનવું - ઉલવું
ઈત્યાદિ દુષ્ટ વર્તાવરૂપ મિથ્યા-માયાકપટાદિવાળું આચરણ,
સર્વ પ્રકારના ધર્મ = અષ્ટપ્રવચનમાતાદિ રૂપ.
પ્રતિક્રમણ = ફરીથી ન સેવાય એવા ભાવપૂર્વક પાછું ફરવું.
દંડક = ફકરો, આલાવો, paragraph.

## પ્રભુનું આગમ કેવું છે?

અસત્ સ્થાપન અને સત્ નિષેધાદિ કલંકરહિત, સર્વ નયોની પ્રવૃત્તિને કદી ન છોડનાર, કુતર્ક રૂપ રાહુને ગળી જનાર, નિત્ય ઉદિત ઉદયવાળું અને પંડિત બુદ્ધબોધ વંદનીય વચનરૂપી ચંદ્રને દિનપ્રારંભે - પ્રાતઃકાળે નમું છું.

## 'कल्लाणकंदं ।' પંક્તિનો ભાવાર્થ

कल्लाणकंदं = કલ્યાણના મૂળરૂપ પ્રથમ જિનેન્દ્ર.
'સુઇક્કસારં ।' કૃતિઓના અથવા
પવિત્ર વસ્તુઓના સારભૂત મોક્ષને આપે.
દર્શન - જ્ઞાન - ચારિત્ર અને મોક્ષાદિ કલ્યાણલતાઓના કંદ જેવા પ્રભુમાંથી જ બધા કલ્યાણ ઉત્પન્ન થાય છે.
પ્રિયંગુ લતા નીલ વર્ણવાળી છે.
સદ્‌ગુણોના ઓક - અદ્વિતીય સ્થાનરૂપ અને

પ્રાતિહાર્યાદિના વૈભવરૂપી ઋદ્ધિ યુક્ત શ્રી મહાવીર પ્રભુ
આપનું મનમાં ચિન્તનાદિ કરવાથી આપણામાં
કલ્યાણની વેલડીઓ ઉગી રહી છે - વિસ્તરી રહી છે.
શાસ્ત્રોના સારભૂત અને
સમગ્ર પવિત્ર વસ્તુઓમાં પ્રધાન એવા મોક્ષને આપે.
જિનાગમ એ મોક્ષમાર્ગ.
તે જ્ઞાન - દર્શન - ચારિત્રમાં વિચરવા માટે નાવરૂપ છે.

## 'સંસારદાવાનલ' સૂત્રનો ભાવાર્થ

'સંસાર દાવાનલ' એટલે ૪ કષાયરૂપી ભવદાવાનળના
દાહને શાંત કરવા માટે નીર સમાન. સંમોહ = વ્યામોહ -
અજ્ઞાન - સંશય - ભ્રમને દૂર કરવા માટે પવન સમાન.
ભાવાવનામ = ભક્તિભાવથી પ્રણામ કરનારા.
'માલિત' = શોભિત. 'માલિતાનિ' = સુશોભિત.
ગમ = આલાવા - ફકરા અથવા અર્થમાર્ગ.
મણિસંકુલ = રત્નોથી વ્યાપ્ત. સાધુ = સારી રીતે.
'છાયાસંભારં' = કાન્તિસમૂહ. 'સારે' = શોભાયમાન.
દર્શન અને વાણી વડે વીર પ્રભુ
આ સંસારના કષાયતાપને ઠારે છે.
'સારં |' = સારભૂત જિનાગમરૂપી સમુદ્ર - બોધની ઊંડાઈ,

સુંદર પદરચના તે જળપ્રપાત.
તેમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ અભિંગના તરંગ,
ચૂલિકાઓ રૂપે ભરતી આ ઓટ સમજવી.
મોટા આલાવા અથવા અર્થ એ માર્ગો સમજવા.
માર્ગોદ્વારથી એ રત્નસંચયથી છે.
પ્રતિક્રમણ = પાછા ફરવું. શેનાથી?
પાપથી અધિક થઈ ગયેલ દુષ્કૃતથી પાછા ફરવું.

°

Desire only that
which is within you.
Desire only that
which is beyond you.
Desire only that
which is unattainable.
Such a soul at last understands
the two aspects of life - carnal
and the spiritual & he renounces
forever his carnal nature and
decides to live in the spiritual.
one qualification - earnestness of

purpose is wisdom, which enables
the soul to unite with the
Divine within. By uniting, the soul
attains to the peace that surpasses
all understanding. With knowledge
only and not wisdom,
the soul indulges in violation of
the laws and thereby fails to
a attain to the peace. But with
wisdom, there can be no violation.
Virtues, religion, service to life,
patience, diligence, helpfulness,
advance in spirituality of life,
practice of virtue, the growing
desire to be of service to the
fellowmen, obedience to the laws of
body, mind & soul. Within the
will is the strength of the soul
that is determined to achieve.

## આત્મસાક્ષાત્કારના ત્રણ ઉપાય

(૧) નશ્વર જગતને ભૂલી જવું પડે.

નશ્વરની નશ્વરતાનો જ્યારે સાક્ષાત્કાર થાય, જગતનો સાક્ષાત્કાર થાય, ત્યારે જ એ નશ્વર ભૂલાય.

(૨) નશ્વર ભૂલાય પછી ઈશ્વરમય થવાય. જગત ભૂલાય પછી જ ઈશ્વરનું તાદાત્મ્ય સ્વરૂપ બની જાય છે.

(૩) પછી ઈશ્વરસાક્ષાત્કારના અરીસામાં આપણો આત્મા જણાય, ત્યારે જ આત્મસાક્ષાત્કાર પૂરો થયો ગણાય.

પહેલાં જગતદર્શન કરી, પછી જગત્પતિના દર્શન કરી અને અંતે આત્મદર્શન કરી, એ ઉપાસનાનો ક્રમ છે.

'નમો' વડે જગતની નશ્વરતાનો સ્વીકાર થાય છે, 'અરિહં' વડે ઈશ્વરની ઈશ્વરતાનો સાક્ષાત્કાર થાય છે તથા 'તાણં' પદ દ્વારા ઈશ્વરની ઈશ્વરતામાં આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

(૧) 'નમો' પદ બહિરાત્મભાવમાંથી છોડાવી અંતરાત્મભાવમાં લાવે છે.

(૨) 'અરિહંત' પદ અંતરાત્મભાવમાં પરમાત્મભાવની ભાવના કરાવે છે.

(૩) 'ણં'કાર પરમાત્મભાવની સાથે આત્માનો અભેદભાવ અનુભવમાં લાવે છે.

ધર્મ = અહિંસા - સંયમ - તપ

મૈત્ર્યાદિ અને ક્ષાન્ત્યાદિ ભાવ દ્વારા
ત્રિલોક અને ત્રિકાળવ્યાપી જીવત્વનું રક્ષણ થાય છે,
જેનાથી અહિંસા - સંયમ - તપધર્મની ઉત્પત્તિ થાય છે.

અહિંસા - સંયમ - તપ વડે શેની શુદ્ધિ થાય ?

અહિંસા વડે દ્રવ્યની શુદ્ધિ થાય છે અને
તપ - સંયમ વડે ભાવની શુદ્ધિ થાય છે.
દ્રવ્યને મુખ્ય કરવાથી અહિંસાની શુદ્ધિ અને
ભાવને મુખ્ય કરવાથી તપ - સંયમની શુદ્ધિ થાય છે.

પ્રમાદ ઉપર વિજય કઈ રીતે મળે ?

તપ વડે ઇચ્છાનિરોધ - કષાયનું શમન અને સંયમ
વડે યોગનિરોધ અને ઇંદ્રિયોના વિષયોનું શમન થાય છે.
કષાય અને વિષયના નિરોધથી
પ્રમાદ ઉપર વિજય પ્રાપ્ત થાય છે.
અપ્રમાદ વડે શુક્લધ્યાનની શ્રેણિનું આરોહણ કરીને
ચાર ઘાતી કર્મોને ખપાવી કેવળજ્ઞાન તથા
કેવળદર્શન પ્રાપ્ત કરીને અંતે યોગનિરોધ કરી
શૈલેશીકરણ દ્વારા ચાર અઘાતી કર્મોને પણ
ખપાવી દઈને અ-ક્રિય સદા મોક્ષપદને મેળવે છે.

દસ દ્રવ્યપ્રાણ એટલે...

પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ચાર ભાવપ્રાણ એટલે...

જ્ઞાન, વીર્ય, અવ્યાબાધ સુખ અને અક્ષય સ્થિતિ.

સામાન્યથી ત્રિકાળવર્તી પોતાના આત્માનો
બોધ થયા પછી આત્મત્વજાતિથી વ્યાપ્ત આત્મતત્ત્વનું
જ્ઞાન મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યભાવ વડે
સ્વ અને પરની સુરક્ષા કરે છે.

સામાન્ય બે પ્રકારનું : તિર્યક્ અને ઊર્ધ્વ.
વિશેષ પણ બે પ્રકારનું : ગુણ અને પર્યાય.
સહભાવી તે ગુણ છે અને ક્રમભાવી તે પર્યાય છે.
ઊર્ધ્વતાસામાન્યનો વિશેષ ક્રમભાવી પર્યાય છે અને
તિર્યક્સામાન્યનો વિશેષ સહભાવી પર્યાય છે.
સામાન્યથી ચૈતન્ય એ જીવનો ગુણ છે, સહભાવી એ
પર્યાય છે. તેની રક્ષા મૈત્રી વગેરે ભાવોથી છે અને
વિશેષથી જ્ઞાન - દર્શન એ આત્માના ગુણ છે, તેની રક્ષા
ચારિત્રના પાલનથી અને તપ - સંયમના સેવનથી છે.
અહિંસાધર્મના પ્રાણ મૈત્ર્યાદિ ભાવો છે અને
સંયમ - તપધર્મના પ્રાણ ક્ષાન્ત્યાદિ ભાવો છે.

## આપણા શરીરના ચક્રોની વિશિષ્ટતા

મૂલાધારચક્ર એ શરીરનું આધારચક્ર છે.
એની ક્રિયાશીલતા વધતે દેહાત્મબુદ્ધિ પ્રબળ રહે છે.
વિશુદ્ધિચક્ર એ કલા, ચાતુર્ય અને વિદ્યાનું કેન્દ્ર છે.
મૂલાધારચક્રની શક્તિ
વિશુદ્ધિચક્રમાં રૂપાન્તરિત થઈ કલાવાન બને છે.
નાભિચક્રથી હૃદયચક્ર ઉપર જવાય છે અને
ત્યાં આવેગ, કરુણા આદિ ભાવનાઓ પ્રગટે છે.
હૃદયચક્રથી આજ્ઞાચક્ર ઉપર જવાથી કરુણાશક્તિ
આજ્ઞા અથવા આદેશમાં રૂપાન્તરિત થાય છે અને
ત્યાં કરુણા સહજ સ્ફુરિત બને છે.
આજ્ઞાચક્રની શક્તિ સહસ્રારચક્રમાં રૂપાન્તરિત થવાથી
પૂર્ણ આનંદ અને પૂર્ણ સમત્વ વિકસે છે.
પ્રત્યેક ચક્ર શરીરમાં શક્તિશાળી કેન્દ્ર છે તથા
વિશિષ્ટ ભાવનાઓથી સંબંધિત છે.
મૂલાધાર 'અહં'નું અને સ્વાધિષ્ઠાન 'મમ'નું કેન્દ્ર છે.
હૃદય અને વિશુદ્ધિચક્રમાં જવાથી 'અહં-મમ' ભાવ છૂટે છે.
ત્યાંથી ઉપર ઉપરના ચક્રોમાં અનુક્રમે
કોમળતા, કરુણા, સમતાદિ ભાવો સ્ફુરે છે.

## 'અમૃતનો સ્રાવ થવો' એટલે શું?

યોગનો એક સિદ્ધાન્ત છે કે

સુષુમ્ણા નાડી બ્રહ્મરન્ધ્રથી સંકળાય છે. બ્રહ્મરન્ધ્રથી એક
રસનો સ્રાવ થાય છે, તે સ્રાવ નીચે સરક્યા કરે છે.
અર્હંના દ્રુત ઉચ્ચારણથી સુષુમ્ણા દ્વારા
ટપકવાવાળાં રસના નવ બિંદુઓ સ્રાવિત થાય છે,
મધ્યમ ઉચ્ચારણથી ૧૨ બિંદુઓ સ્રાવિત થાય છે અને
વિલંબિત ઉચ્ચારણથી ૧૬ બિંદુઓ ટપકે છે.
આ સ્રાવને 'અમૃતનો સ્રાવ' કહે છે.
તે સ્રાવ જેટલો અધિક, તેટલી લાભદાયી મનાય છે.

## સ્થૂલ અને સૂક્ષ્મ ધ્વનિનું વિજ્ઞાન

મંત્રનું ઉચ્ચારણ જેટલું સૂક્ષ્મ,
તેટલી તેમાં શક્તિનો વધારો થાય છે.
પાંદડાના ખડખડાટ કરતાં ફુસીનો અવાજ સ્થૂલ છે,
તેનાથી વધારે ઘડીયાળના ટકટકનો અવાજ અને
તેનાથી બહુ વધારે ટાઈપનો ખડખડાટ સ્થૂલ છે અને
સૌથી વધારે જેટ વિમાનનો ઘોંઘાટ વધતો જાય છે.
ઘડીના ટક ટક અવાજથી નિદ્રામાં વ્યાઘાત થાય છે,
તેથી વધારે સૂક્ષ્મ ધ્વનિથી થતો નથી.

યોગસાધનાનું ધ્યેય = વિચારથી વિચારશૂન્યતામાં જવું.

વાક્સંયમથી નિર્વિકલ્પતા - નિર્વિચારતા પ્રકટે છે.
સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ ધ્યેય લઈ તેની સાથે
વિચારથી સંપર્ક સાધવાનો પ્રયાસ કરતાં કરતાં
એક દિવસ તેનો - વિચારશૂન્યતાનો સંપર્ક સધાય છે.
શબ્દથી શબ્દાતીત અને
વિચારથી નિર્વિચારમાં જવાની આ એક પ્રક્રિયા છે.

'અલક્ષ્ય વપુઃ।' દ્વારા રૂપાતીત ધ્યાન

શબ્દબ્રહ્મની પરા અવસ્થા અલક્ષ્ય છે,
તેને શાક્તો 'શક્તિ' કહે છે, શૈવો 'ચિતિ' કહે છે,
યોગીઓ 'કુંડલિની' કહે છે, સાંખ્યો 'પ્રકૃતિ' કહે છે,
વેદાંતીઓ 'બ્રહ્મ' કહે છે, બૌદ્ધો 'બુદ્ધિ' કહે છે અને
જૈનો કુંડલિની, પ્રભુશક્તિ, કલા વગેરે શબ્દોથી કહે છે.
એનું મૂર્તસ્વરૂપ હ્રીંકાર છે.
'અલક્ષ્ય વપુઃ।' વડે રૂપાતીત ધ્યાન સૂચવાય છે.
અલક્ષ્ય વપુ અને સર્વ ધર્મના મંત્રબીજરૂપ અક્ષર છે.
તે માટે જ કહ્યું છે કે:

સુવ્રતનેમી સાદ્યજિનરૂપઃ શક્તિ શિવમયસ્ત્વેષઃ ।
ત્રિપુરૂપમૂર્તિધૃદ્ યોઽલક્ષ્યવપુઃ સર્વ ધર્મ બીજમિદમ્ ॥૧॥

ઋષિમંડલ = ઋષિઓનો સમુદાય.

હ્રીંકાર એ જિનાવલિ તથા પંચપરમેષ્ઠિ ઋષિસ્વરૂપ છે,
એ જિનસ્વરૂપ છે, શક્તિ અને શિવમય,
ત્રિગુણરૂપ મૂર્તિ = બ્રહ્મા - વિષ્ણુ - મહેશરૂપ ધ્યેય છે.

યન્ત્રં મન્ત્રમયં પ્રોક્તં મંત્રાત્મા દેવતૈવ હિ ।
દેહાત્મનો યથા ભેદો યંત્ર-દેવતયોસ્તથા ॥ (પરિશિષ્ટ-૧૨)

હ્રીંકાર જિનાવલિમય તથા પંચ પરમેષ્ઠિમય છે.
અર્હં એ સ્થાપનજિન તથા પરમેષ્ઠીજિન પણ છે.
વિશ્વનું કલ્યાણ કરવામાં અર્હં એ
તીર્થંકરસ્વરૂપ છે, ભુક્તિ - મુક્તિદાયક છે, તેથી
અર્હંને વિશુદ્ધ મનમાં નિશ્ચલ રીતે સ્થાપવો જોઈએ.
તિર્યંચો પણ જે મંત્રની આરાધનાથી સ્વર્ગને પામે,
તો પછી બુદ્ધિમાન મનુષ્ય તો શું ન પામી શકે?

મિથ્યાદૃષ્ટિને ઋષિમંડલનો મંત્ર આપવાથી શું થાય?
તીર્થંકરોની આશાતના અને પદેપદે બાળહત્યાનું પાપ.

ગ્રન્થિભેદથી વધતાં જતાં ગુણસ્થાનકો

મંત્રના સૂક્ષ્મ ઉચ્ચારણથી ગ્રન્થિઓ ભેદાય છે.
ગ્રન્થિભેદથી સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વ સંયમ તથા
અપ્રમાદાદિ ગુણસ્થાનકો વધતાં જાય છે.

## કઈ મુદ્રા - શેના માટે ઉપયોગી ?

સૌભાગ્યમુદ્રા - વશ્ય અને ક્ષોભ માટે,
સુરભિમુદ્રા - શાંતિ માટે, પ્રવચનમુદ્રા - લાભ માટે,
પરમેષ્ઠિમુદ્રા - સર્વાર્થસિદ્ધિ માટે,
અંજલિમુદ્રા - આત્મરક્ષા માટે.

## જાપના અધિકારી કોણ ?

સમ્યગ્દૃષ્ટિ, વિનીત, શ્રદ્ધાવાન.

## જાપના ૫ સાધનો

જપ, તપ, અર્ચન, કષ્ટ, અંતર્યાગ.
'અંતર્યાગ' એટલે નાભિમંડલની અગ્નિમાં
ચાર કષાયોનો ૮૦૦ વખત હોમ કરવો તે...
અથવા કષાયચતુષ્કનો હોમ એ 'અંતર્યાગ' છે.
સ્મૃતિના મહાન ફળને જાણવું - અનુભવવું,
એ આધ્યાત્મિક માર્ગમાં મહારહસ્ય છે.

## જાપની વ્યાખ્યા

भूयो भूयः परे भावे, भावना भाव्यते हि या ।
जपः सोऽत्र स्वयं नादी, मन्त्रात्मा(जाप्य) ईदृशः ॥१॥
० पार्थिवी धारणायुक्तो, पिण्डस्थं मंत्रयुक्तितः ।
पदस्थमर्हतो रूपवद्, यंत्रं रूपयुक् क्रमात् ।

(પરિશિષ્ટ-૧૩)

## વંદનીય કોણ ?

બોલે તેવું વર્તે અને વિચાર તેવા આચાર
જેના હોય, તે આત્મા વંદનીય છે.

ધર્મ કોઈ ગામમાં કે જંગલમાં નહિ, પરન્તુ
પોતાના જ અંતરાત્મામાં હોય છે, તે કારણથી
જ્ઞાનીપુરુષોએ ધર્મ સમભાવમાં કહ્યો છે.

(૧) પ્રથમ ધર્મ અપરિગ્રહ, તેનો હેતુ દાન.

(૨) બીજો ધર્મ વ્યસનમુક્તિ, તેના હેતુ
અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય તથા સત્યાદિનું સેવન.

(૩) ત્રીજો ધર્મ સમાધિ અર્થાત્ વર્તમાન પ્રત્યે
સજાગ રહેવાનો અભ્યાસ, તે ધ્યાન - ધારણાના
અભ્યાસથી સિદ્ધ છે અને અભ્યંતર તપનો પ્રકાર છે.

(૪) ચોથો ધર્મ પ્રશમ એ સમતાના અભ્યાસે સિદ્ધ થાય.
સમાધિનું કારણ દર્શન છે - વર્તમાનનો ઉપયોગ છે,
શીલનું કારણ વ્યસનમુક્તિ અને અપ્રમાદ છે.

પોતાની જાતને જાણવા, તેનું નામ આત્મસંયમ છે.
આત્મસંયમ એ જ આત્મબળ અને એ જ આત્મપુરુષાર્થ છે.
આત્મપુરુષાર્થથી જ આત્મહિત સધાય છે.
આત્મહિત સાધવાથી પરહિત પણ થઈ શકે છે.

જે પોતાનું ભલું ન કરી શકે,
તેનાથી બીજાનું ભલું કેવી રીતે થઈ શકે?
સ્વયં અંધ બીજાને કેવી રીતે માર્ગદર્શન કરાવી શકે?
સ્વયં પંગુ બીજાને આધાર કેવી રીતે આપી શકે?
પરહિત અને આત્મહિત ઉત્થાન માટે આત્મસંયમ આવશ્યક છે. પોતાના કાયિક, વાચિક, માનસિક દોષોનું નિરીક્ષણ કરતાં રહેવું અને એને જ પોતાના ક્રૂર શત્રુ માનીને તેની સાથે યુદ્ધ કરતાં રહેવું. જ્યાં સુધી એક દોષ પણ બાકી રહે, ત્યાં સુધી તેનો સામનો કરવો. પોતાના કોઈપણ દોષને નાનો માની ઉપેક્ષા ન કરવી. એને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવા પ્રયત્નશીલ રહેવું. આત્મદોષોના ઉન્મૂલન માટે આત્મસંયમ અતિ જરૂરી છે, અતિકલ્યાણકારી અને અતિમંગલદાયી છે, એ સિવાય અહિંસાનું પાલન શક્ય નથી. અહિંસાપાલન માટે સંયમ અને સંયમના પાલન માટે તપ પરમ સાધન છે, તેથી ધર્મના લક્ષણોમાં તે ત્રણે વસ્તુઓનો સમાવેશ કર્યો છે. સંયમ અને તપ વડે સુખ - દુઃખ ઉત્થાને ધર્મનું સાધન બનાવી શકાય અને ધર્મ એ અહિંસાસ્વરૂપ છે,
તેથી સ્વપર ઉત્થાનની સુરક્ષા થાય છે.

'સર્વોત્કૃષ્ટ ભાવસમાધિ' એટલે...

રાજયોગની નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ,
જેમાં બધા યોગો પરિણમે છે.

ગ્રન્થ એક એવો શિક્ષક છે કે જે આપણને હંમેશાં
કાંઇપણ બોલતા ન છતાં નિરંતર શિક્ષણ આપ્યા કરે.
ચિત્ર પણ પોતે એક શબ્દરહિત કાવ્ય બને છે,
જે મૌન પ્રેરણાથી સભર રહે છે.

આગમ અને અનુમાનથી જે યથાર્થ જ્ઞાન થાય,
તે સત્ય (Conceptual) ઈશ્વરવાદ છે અને
સાક્ષાત્કાર કર્યા પછી જે જ્ઞાન થાય,
તે ઋત અથવા (Perceptual) ઈશ્વરવાદ છે.
'ઋત'નો અર્થ છે : સાક્ષાત અનુભૂત સત્ય.

પ્રાર્થના : 'લોકમાં ઉત્તમ એવા સિદ્ધ યોગેશ્વરો છે,
તેમનું કીર્તન, વંદન અને મનન કરું, તેથી તેઓ મને
ઋતંભરા પ્રજ્ઞા કે જે ચંદ્રોથી પણ વધારે નિર્મળ છે,
પ્રજ્ઞાલોક કે જે સૂર્યો કરતાં ય અધિક પ્રકાશક છે
અને પ્રશાન્તવાહિતા કે જે
સમુદ્રો કરતાં પણ વધારે ગંભીર છે, એવું આરોગ્ય,
બોધિલાભ અને સર્વશ્રેષ્ઠ ભાવસમાધિને આપો.'

## સમ્યક્ત્વનાં ચાર પગથિયાં

સમ્યક્ત્વ એટલે દૃષ્ટિશોધન. તેનું પ્રથમ પગથિયું એટલે
સારાને સારું અને ખરાબને ખરાબ માનવું ઉપરાંત
સત્યને સત્ય અને અસત્યને અસત્ય રૂપે સ્વીકારવું.

સમ્યક્ત્વનું બીજું પગથિયું એટલે
ખરાબને છોડવું અને સારાને જીવનમાં ઉતારવું.

ત્રીજું પગથિયું છે ઉપાસના સહિત
વૃત્તિશોધન માટે વિશિષ્ટ સાધના કરવી એટલે કે
દેશ - વ્રતપાલન અર્થે શ્રમણોપાસક બનવું.

સમ્યક્ત્વનું ચોથું પગથિયું છે સંપૂર્ણ મહાવ્રતધારી બનવું.

ભગવાનના ચિન્તનથી આધ્યાત્મિક સ્નાન થાય છે,
તેથી બહુ જ પ્રસન્નતાનો અનુભવ થાય છે.
આ પ્રસન્નતા શા કારણ છે, કેવી રીતે પ્રાપ્ત થાય?
એ ચર્ચાનો વિષય નહિ પણ અનુભૂતિનો વિષય છે.
નામમાત્રના ઉચ્ચારણે પ્રસન્નતા કેવી રીતે અનુભવાય,
એ ગહન વિષય છે. સ્નાન, પાન, ભોજન અને નિદ્રા
શરીરને શુદ્ધિ, તુષ્ટિ, પુષ્ટિ, સ્ફૂર્તિ આપનારાં થાય, તેમ
પ્રભુસ્મરણ, નામસ્મરણ, સ્તોત્રપાઠ, શાસ્ત્રપારાયણાદિ
મનને શુદ્ધિ, તુષ્ટિ, પુષ્ટિ, જાગૃતિ આપનાર થાય છે.

જે રીતે શરીરની પ્રાણશક્તિ માટે સ્વચ્છ હવા, આંખ માટે સૂર્યકિરણ વગેરે બ્રહ્માંડની શક્તિથી પિંડની પૂર્તિ થાય છે, તે રીતે આત્મશક્તિને પણ બહારથી પરમાત્માની શક્તિ લઈને બળવાન બનાવાય છે. જેમ રીતે ફેફસાંના પ્રયત્નથી દુનિયામાં પ્રસરેલી હવાની મદદ મળે છે, તેમ જ રીતે દરેક આત્માના પ્રયત્નને દરેકયુક્ત વિશ્વરૂપ પરમાત્માની મદદ મળે છે, એ અનુભવસિદ્ધ છે, છતાં ચિન્તન - મનન - અભ્યાસરૂપ તેમાં પ્રાણ પૂરે છે. આપણું દિલ ખુલ્લું રાખીએ તો ભગવદ્ભાવ - સદ્ભાવ આપણા દિલમાં પ્રવેશી શકે.

મનની શાંત અવસ્થા કઈ રીતે મળે?

મનમાં સમતાનો ઉદય થાય અને સઘળી - સર્વ પ્રકારની વિષમતા ઓગળી જાય, એવો માર્ગ શો?

વિવેક અને નક્કર વૈરાગ્ય.

એ બેથી જ મનની શાંત અવસ્થા પ્રાપ્ત થાય છે, એ માટે વિરાગ ઉપરાંત શ્રવણ - મનન ઉપરાંત નિદિધ્યાસન આદિનો આશ્રય લેવો જોઈએ. એથી સ્વયંપ્રકાશ આત્માનો અનુભવ થશે અને એ ન થાય, ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ.

## હંમેશાં યાદ રાખવા જેવી એક વાત

સદા યાદ રાખજો કે બીજાઓ કદાચ તમને ધિક્કારશે,
પરંતુ જ્યાં સુધી તમે પોતે તેમને ધિક્કારશો નહિ,
ત્યાં સુધી તેઓનો વિજય નહિ થાય અને
તમે તેમને ધિક્કારવાનું શરૂ કરો,
એટલે તમે જ તમારી જાતનો સર્વનાશ કરશો.
વિજયનો જન્મ થાય છે...
મુશ્કેલીઓને જીતી લેવાના પ્રયત્નમાંથી જ.
જ્યાં મુશ્કેલી નથી, ત્યાં તેને જીતવા માટે પ્રયત્ન નથી
અને જો પ્રયત્ન નથી, ત્યાં વિજય પણ નથી.
તમારા બધાં કામ હંમેશાં સીધે - સીધાં
પાર ઉતર્યાં જ કરે, ત્યારે કાંઈ મહાનતા નથી આવતી.
એ તો તમારા ઉપર જ્યારે ફટકાઓ પડે અને
તમે નિરાશ થઈ જાવ, ત્યારે જ આવે છે.
તમે ઊંડામાં ઊંડી ખીણમાં હો, ત્યારે જ તમને સમજાય
કે ઊંચામાં ઊંચા પર્વત પર હોવું કેવું લાગે છે!
ઇન્સાન જે નૂરમાંથી પ્રગટ્યો છે,
એ નૂર પાછું એની જ અંદર છે.
નૂરને શોધો તો બધું જડી જશે.

બપોરે ૧:૪૦ મિનિટ, જેઠ વદી ૧૨, સોમ, સં.૨૦૩૦

આધ્યાત્મિક જાગૃતિ અને પ્રકાશ તેને જ મળે કે
જેના મનમાં અને દિલમાં પ્રભુ સદા વસે,
તેના પ્રેમભરી યાદ ટપકતી રહે.
જેના હૈયે અને જીભ ઉપર પ્રભુનામસ્મરણ સતત
ચાલતું હોય અને જીવનના પ્રત્યેક કાર્ય પ્રભુની
આરાધનાર્થે કરતો હોય, તેને જ એ પ્રકાશ મળે.
ધર્મમાર્ગનો મૂળ હેતુ પરમાત્મભાવની પ્રાપ્તિ છે અને
પ્રભુ સાથે એકતાની અનુભૂતિ છે.
આ લક્ષ્યપૂર્વક થતો ધર્મ એ જ ધર્મ છે.
એ લક્ષ્યવિહીન થતો ધર્મ - ધર્મની ચિંતાને ધરાવતો નથી.
પ્રભુ નહિ, ત્યાં અજ્ઞાનતા અને અંધકાર ફેલાયેલ છે.
આ અજ્ઞાનતામાં પોતાની કલ્પનાથી ઉપજાવેલો ધર્મ
અનેક વાદ - વિવાદ અને કલહોને ઉત્પન્ન કરે છે.
જ્યાં વાદ - પ્રતિવાદ છે, ત્યાં પ્રભુ નથી.
ધાર્મિક ગ્રન્થોના અભ્યાસ ઉપરાંત મન અને અંતરમાં
પ્રભુને પ્રેમથી વસાવાય, તો જ પરમાત્મપ્રકાશ મળે છે.
આધ્યાત્મિક જાગૃતિમાં જ જગતને સાચી દોરવણી
આપનારા મહાનતમ સંતપુરુષોની ઉત્પત્તિ સંભવે છે.

## નૈતિક પરિવર્તન માટે આધ્યાત્મ જરૂરી

ધર્મનો આધાર માન્યતા અને મંતવ્યો ઉપર છે અને
નીતિનો સંબંધ આચરણની સાથે છે.
માન્યતા અને આચરણને જોડનાર તત્ત્વ આધ્યાત્મિકતા છે.
આધ્યાત્મિકતા = અનુભૂતિ, આચરણ = અભિવ્યક્તિ.

અનુભૂતિમાંથી અભિવ્યક્તિનો જન્મ
સહજ અને નૈસર્ગિક રીતે થતો હોય છે.
આધ્યાત્મિક ક્રાંતિ વગરનું નૈતિક પરિવર્તન માત્ર
આચારસંહિતામાં પરિણમે છે, જે માત્ર ખોખું છે,
એમાં પ્રાણ ન હોય, તો આચારને બદલવાથી
કશું જ પરિણામ આવી શકે તેમ નથી.
નીતિનાં ધોરણોમાં આધ્યાત્મિક પ્રાણ અત્યંત જરૂરી છે.
શિક્ષણમાં ક્રાંતિ લાવવા શિક્ષકોમાં ક્રાંતિ આવવી જોઈએ.
એક આધ્યાત્મિક ક્રાંતિ જ શિષ્યમાં, શિક્ષકમાં, વાલીમાં,
સમાજ તથા રાજ્યમાં નૈતિક પરિવર્તન લાવી શકે તેમ છે.
આમ ધર્મ અને નીતિ વચ્ચેની ખાઈ પૂરવાનું
એક અનન્ય સાધન આધ્યાત્મિકતા છે.
આધ્યાત્મિકતા એટલે આત્માભિમુખતા,
તે વડે આત્માનુભૂતિ અને નૈતિક અભિવ્યક્તિ શક્ય છે.

પરમેશ્વર = આત્માનું જ પરમ અને સ્વચ્છતમ રૂપ.

ભગવાન એક અદૃશ્ય શક્તિ છે,
જેમાં દરેક માનવ કોઈને કોઈ રીતે વિશ્વાસ ધરાવે છે
અને એની પાસેથી અનેક પ્રકારની આશાઓ સેવે છે
તથા તે માટે ભક્તિરૂપી મદદ પણ ચૂકવતો રહે છે.
શાસ્ત્રાભ્યાસ દ્વારા તેનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે, પછી
તે ભક્તિ મુક્તિને આકર્ષવાનું Magnet બની જાય છે.
પરમાત્માનું નામ પરમાત્માકાર ઉપયોગથી અભિન્ન
થઈને આપણા આત્માને પરમાત્મસ્વરૂપ બનાવે છે.

ચાર પ્રકારે થતું કર્મબંધન

(૧) અનિચ્છાએ વિષયોનો સ્પર્શ - સ્પૃષ્ટ કર્મ.
(૨) ઇચ્છા છતાં વિષયનો અસ્પર્શ - બદ્ધ કર્મ.
(3) વિષયનો રસપૂર્વક કરેલ ભોગ - નિધત્ત કર્મ.
(૪) વિષયનો તીવ્ર રસપૂર્વક ઉપભોગ - નિકાચિત કર્મ.

દુઃખ વખતે દુષ્કૃતગર્હા અને સુખ વખતે
સુકૃતાનુમોદના કરનાર સમાધિ મેળવી શકે છે.

'ધમ્મપદ'માં કહ્યું છે કે:

जो सहस्सं सहस्सेन संगामे मानुसे जिने ।
एकं च जेय्यमत्तानं स वे संगामजुत्तमो ॥ (પરિશિષ્ટ-૧૪)

ધર્મ - કર્મમલવિહીન આત્મસ્વભાવ તે ધર્મ.
ધર્મનું બીજું નામ સમતાપરિણામ યા પરમાર્થ ચારિત્ર,
સમ્યગ્દર્શન, શ્રદ્ધા, રુચિ, ભક્તિ, બહુમાનાદિ હાર્દિકભાવ.

કબીર બાની

સહજ મિલે સો દૂધ સમ, માંગ મિલે સો પાની;
કહત કબીર વહ રક્ત સમ, જામેં ખેંચાતાની. ... (૧)

'જુદી કો મિટા દો, હર જગા જુદા હૈ।'
જુદી એટલે અહંકાર.

આ અહંકારની વૃત્તિનો નાશ કરવાથી
સર્વત્ર એક જ પરમાત્માના દર્શન થાય છે.
પવિત્રતા વિના પ્રભુને ચાહવાનો અધિકાર મળતો નથી.
સ્યાદ્વાદ દૃષ્ટિ ત્રિલોક અને ત્રિકાલવર્તી
સમસ્ત દર્શનો અને ધર્મોને આત્મસાત્ કરાય છે.
સ્વપક્ષ સમર્થન માટે અન્ય કોઈપણ દર્શન કે
ધર્મના સત્યાંશનો નિષેધ તે સ્યાદ્વાદ દૃષ્ટિ મુજબ
એકાન્ત મિથ્યાત્વ નામનું મહાપાપ મનાય છે.
તત્ત્વ પોતે અનંત ધર્માત્મક હોવાના કારણે
અનેકાન્ત સ્વરૂપ છે, એ કારણે બધી દૃષ્ટિઓનો
સમુચ્ચય કર્યા વિના તત્ત્વદર્શન જ અસંભવિત છે.

જૈનદર્શન = સર્વસત્ત્વ સમભાવની પરમોજ્જ્વળ ભાવના.
તેથી જૈનદર્શનની દૃષ્ટિ તેના વિશાળ હૃદયની દ્યોતક છે.
પ્રાયઃ બધા આસ્તિક દર્શનોએ કોઈને કોઈ રૂપમાં આ
દૃષ્ટિનો સ્વીકાર કર્યો છે, તો ય સાંગોપાંગ સિદ્ધાંતના રૂપમાં
સ્યાદ્વાદ દૃષ્ટિને આગળ કરવાનું શ્રેય જૈનદર્શનને પ્રાપ્ત છે.

કોઈપણ જીવ જ્યારે...

(૧) આત્મસાધનામાં પ્રવૃત્ત થાય, ત્યારે સાધુ બને છે.
(૨) ઉપાધિ દૂર કરી આત્મઅધ્યયન કરે, ત્યારે ઉપાધ્યાય.
(૩) જ્ઞાનાદિ આચારમાં પ્રવર્તે, ત્યારે આચાર્ય બને છે.
(૪) ઘાતી કર્મને હણે, ત્યારે અરિહંત બને છે અને
(૫) અઘાતી કર્મને પણ હણે, ત્યારે સિદ્ધ બને છે.

યજ્ = to worship[૧], યજ્ = to Sacrifice[૨].
યજ્ઞ એટલે ઈશ્વરાર્થે[૧], પરોપકારાર્થે[૨] કરેલાં કર્મ.
સ્વાર્થભાવને રોકવો અને પરાર્થભાવ - ઔદાર્ય,
કારુણ્ય આદિને વિકસાવવા, તે યજ્ઞનો તાત્ત્વિક અર્થ છે.

अन्नाद्भवन्ति भूतानि, पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो, यज्ञः कर्मसमुद्भवः ॥१॥

સત્કર્મથી યજ્ઞ, યજ્ઞથી પર્જન્ય, પર્જન્યથી અન્ન અને
અન્નથી પ્રાણીસમષ્ટિ થાય છે. - એમ 'ગીતા' કહે છે.

ભગવાન દીનદયાળ છે, દીન - દુઃખીયારાંનો બેલી છે,
પાપના પશ્ચાત્તાપવાળાનો બેલી છે,
પરન્તુ પાપ કરીને નિઃશૂક પરિણામવાળાનો નહિ.
તે કારણથી ભગવાન 'દૈન્યપ્રિય' કહેવાય છે.
અર્થ - કામના પુરુષાર્થ કરતાં ધર્મનો પુરુષાર્થ
મહાન - પ્રધાન - સારભૂત - ઉભય લોકમાં હિતકારી છે.
સત્ત્વગુણનો વિકાસ તો જ થાય કે
પાપનો વિચાર આવ્યા પછી ય પાપ કરવામાં ન આવે.
પાપ કરવું તે નિઃસત્ત્વતા છે અને પાપ ન કરવું તે
સત્ત્વ છે, પરાક્રમ છે, શુભ વચની વૃદ્ધિ છે.
આત્મહિતસાધક વડે માંદગીનો સમય પણ
આત્મહિતસાધક બને, એજ જીવનસાધનાનું સાચું ધ્યેય.
એ ધ્યેયને સફળ બનાવવું, આપણને સ્વાધીન છે.
અશાતાના ઉદયથી શરીર બરાબર ન રહેવા છતાં
આરાધના સુંદર થાય, તો એ ખૂબ આનંદની વાત છે.
કોઈપણ અવસ્થામાં સમાધિ બની રહે, એજ હિતાવહ છે.
ફૂલની સુવાસ ફક્ત પવનની દિશામાં જ ફેલાય પણ
ગુણની સુવાસ દશે દિશામાં ફેલાય છે.
એક જણની ઉન્નતિએ સારા જગતની ઉન્નતિ થાય છે.

વાસણપુર, અષાડ સુદી-૮

| | |
|---|---|
| (૧) શીલ<br>(૨) સમાધિ અને (૩) પ્રજ્ઞા. | - બૌદ્ધ ધર્મ |
| (૧) વીતરાગતા<br>(૨) વીતદ્વેષતા અને (૩) વીતમોહતા. | - જૈન ધર્મ |
| (૧) સ્થિતપ્રજ્ઞતા<br>(૨) અનાસક્તતા (૩) ભગવદ્ભક્તતા. | - હિન્દુ ધર્મ |
| ચિત્તશુદ્ધિ, સદાચાર,<br>પરોપકાર, સ્વપરહિત, સર્વહિત. | - સામાન્ય ધર્મ |
| વિનય - વિવેક, દયા - દાન, સત્ય - શીલ,<br>પરઉપકાર - પરસેવા, સદ્વિચાર, સદાચાર. | - માનવ ધર્મ |
| Love and mercy. | - ખ્રિસ્તી ધર્મ |
| સહ અસ્તિતા, Co-ordinance. | - મુસ્લિમ ધર્મ |

°

બૌદ્ધોના શીલ - સમાધિ - પ્રજ્ઞા.
જૈનોના વીતરાગતા - વીતદ્વેષતા - વીતમોહતા.
વેદાંતીના સ્થિતપ્રજ્ઞતા - અનાસક્તતા - ભગવદ્ભક્તતા.
ખ્રિસ્તીઓના પ્રેમ અને કરુણા. મુસ્લીમોની સામાજિક સમતા એ સર્વસાધારણ છે, કોઈ જાતિ - વ્યક્તિનાં નહિ.

દયા દેવ છે, દાન એનું વાહન છે.
દાન અને દયા વડે ધર્મસંસ્કૃતિ ટકે છે.
આરોગ્ય પરમ લાભ છે, સંતોષ પરમ ધન છે,
વિશ્વાસ પરમ બંધુ છે, નિર્વાણ પરમ સુખ છે.
ધર્મમાં મૈત્ર્યાદિ ભાવનાઓ બીજ છે અને
મૈત્ર્યાદિની પરાકાષ્ઠા જ મુક્તિ છે.
એ રીતે ધર્મનું બીજ અને ફળ મૈત્ર્યાદિભાવો છે.
'તુભ્યં યોગાત્મને નમઃ ।'
યોગસ્વરૂપ મૈત્ર્યાદિભાવોના બળે
સર્વ અતિશયો આદિ તીર્થંકરત્વની ઋદ્ધિ પ્રગટે છે.
'અભિધાન ચિંતામણિકોશ'માં
પ્રણિધાનને સમાધિના પર્યાયરૂપે કહ્યો છે.
બળ અને વીર્ય એ અનુક્રમે બાહ્યાંતર શક્તિઓ છે
અને પરાક્રમ તેનો સદુપયોગ છે.
કોશમાં 'સમુત્થાન'નો અર્થ સમ્યગ્ પ્રયત્ન કરેલો છે
અને તે અભ્યંતર સ્વરૂપરમણતામાં ઘટે છે.
પરાક્રમ = વિભાવમાંથી મુક્ત થવાનો પ્રયત્ન.
સમુત્થાન = સ્વભાવરમણતાનો પ્રયત્ન. આપણા દોષ
ઢાંકીને કદી આગળ ન વધાય, સુધારીને જ વધાય છે.

શાસનની ભક્તિ માટે પહેલું જીવનની શુદ્ધિ જરૂરી છે.
આજની વિષમતાના સર્જન પાછળ
જીવનની મલિનતા અતિ મુખ્ય કારણ છે.
અત્યારે જીવો સ્વભાવને બદલે વિભાવમાં વેગથી
ધસી રહ્યા છે, ફેર ફરીને જીવવા જેવો આ માર્ગ છે.
જો આપણાથી નવી ભૂલો ન થાય, તો પહેલું
ભવિષ્યમાં સારા પરિણામની આશા રાખી શકાય.
બે વાક્યો સૌથી વધુ મધુર તરીકે પુરવાર થયેલાં છે:
(૧) I love you. (૨) I forgive all.
અર્થાત્: તમને હું ચાહું છું અને બધું જ માફ કરું છું.
જગતના અતિગુહ્ય, પામરમાં પામર જીવો પ્રત્યે પહેલું
પ્રભુને અસીમ - દિવ્ય પ્રેમ રહેલ છે.
ધર્માત્માનું ધ્યેય શું? તે કઈ રીતે પ્રાપ્ત કરાય?
ધર્મ છે અંતિમ સત્યનો સાક્ષાત્કાર.
સાચો ધર્મ એટલે જગતમાં સર્વ જીવો પ્રત્યે
સમભાવ - પ્રેમભાવ - દયાભાવ રાખવો તે.
પ્રત્યેક જીવાત્મા દૈવી બની શકે છે.
ધર્માત્માનું ધ્યેય બાહ્ય - આંતર પ્રકૃતિ ઉપર કાબુ
મેળવીને અંદરની આ દૈવી શક્તિને પ્રકટ કરવાનું છે.

ત્યાગ - આંતરપ્રવૃત્તિ ઉપરનો કાબુ

સત્કર્મ દ્વારા, ભક્તિ દ્વારા, તત્ત્વજ્ઞાન દ્વારા અને
માનસિક સંયમ દ્વારા - એમાંના એક અથવા અનેક
સાધનોનો આશ્રય લઈ મનુષ્ય મુક્ત બની શકાય છે.

આમાં ધર્મ માત્ર સમાઈ જાય છે.

જે જે ક્રિયા દ્વારા આત્મા બંધનથી મુક્ત બને,
તે તે ક્રિયા - મન, વચન કે કાયાની - તે ધર્મ છે.

वातं विजयते स्नानं, दर्शनं पित्तवारणम् ।
कफनाशाय चरणं, धर्मस्नेनामृतायते ॥१५॥
- मेघविजयोपाध्याय रचिता अर्हद्गीता षष्ठोऽध्यायः

વળી સૂ-૧૨, અ-૮માં કહ્યું છે કે:

सत्सु एतेषु न यथावस्थितं सुखं स्वधातुवैषम्यात् ।

: અર્થ :

જેમ વાતાદિ દોષો થવાથી રસાદિ ધાતુઓમાં વૈષમ્ય
ઉત્પન્ન થાય છે અને યથાસ્થિત સુખાનુભવ થતો નથી,
તેમ રાગાદિ દોષો થતાં સમ્યગ્દર્શન આદિ ગુણોમાં
વૈષમ્ય થવાથી પારમાર્થિક સુખાનુભવ થતો નથી.

क्षीणेषु न दुःखं निमित्ताभावात् ।

અર્થ : સંન્નિપાતથી ઉત્પન્ન થયેલું દુઃખ રહેતું નથી.

## વાતદોષના ઉદયથી શું થાય ?

ચિત્તમાં જડતા, અસ્થિરતા, ભય, શૂન્યતા, વિસ્મૃતિ, ભ્રાંતિ, અરતિ ઉપરાંત ચિત્તવિભ્રમ થાય.

## પિત્તદોષના ઉદયથી શું થાય ?

ચંચળતા, દુઃસાહસ, ક્રોધ ઉપરાંત કામમાં વૃદ્ધિ અને કફદોષના ઉદયથી [illegible], આળસ, શોક, મૂઢતા આવે.

સિદ્ધાંતવાદી વાતદોષને જ્ઞાનાવરણ, પિત્તદોષને આયુસ્થિતિ અને કફદોષને નામકર્મોત્પાદક કહે છે.

રક્તાશ્રિત પિત્ત વડે સઘળી મોહપ્રકૃતિઓ અને રક્તકફના સાંકર્યથી દર્શનાવરણ કર્મ, તેના વિપર્યયથી વેદનીય તથા ગોત્ર તે પિત્તકફાત્મક છે. અંતરાય કર્મ એ ત્રણેના સંનિપાતથી છે.

## શત્રુઓનો નાશ એટલે શત્રુભાવનો નાશ.

કોઈપણ પદાર્થ સ્થાનભ્રષ્ટ થાય તો જ દુઃખદ બને, એ યથાસ્થાને ગોઠવાઈ જતાં આપોઆપ દુઃખનિવૃત્તિ થાય. જેમ જઠરાગ્નિ સ્થાનભ્રષ્ટ થઈ ચામડીમાં પ્રવેશે, ત્યારે જ એ ભયંકર જ્વરનું રૂપ ધારણ કરે તથા એજ અગ્નિ ઔષધોપચાર દ્વારા જઠરમાં ગોઠવાઈ જતાં જ્વરથી મુક્તિ મળે છે, એજ પ્રમાણે આપણો 'હું' એના

મૂળસ્થાન, સચ્ચિદાનંદરૂપ આત્માથી સ્થાનભ્રષ્ટ થયો છે
અને મન - ઈંદ્રિય - શરીરમાં વસ્યો છે અર્થાત્ મન -
ઈંદ્રિય - શરીરને જ 'હું' = આત્મા માની બેઠાં છીએ,
એના પરિણામે માત્ર દુઃખ જ નહિ પણ
શોક, મોહ, ભય, વૈરાદિનો અનુભવ થાય છે.
આ 'હું' એના મૂળ સ્થાને અર્થાત્
સચ્ચિદાનંદરૂપ આત્મામાં ગોઠવાઈ જાય, તો
દોષમાત્રમાંથી મુક્તિ મળે તથા આત્માને મોક્ષપ્રાપ્તિ થાય.

'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ।' - <u>પરીક્ષિત</u>

જ્ઞાનદાતામાં ઇષ્ટની બુદ્ધિ થયા વિના જ્ઞાન મળતું નથી
અને મળે તો એ અંતરને પ્રકાશિત કરતું નથી.
જ્ઞાનદાતા ગુરુ અને જ્ઞાનપિપાસુ શિષ્ય વચ્ચે
અંતરંગ સંબંધ થવો જરૂરી છે.

'માતૃદેવો ભવ' 'પિતૃદેવો ભવ' 'આચાર્યદેવો ભવ'
એનો અર્થ એ કે : માતા - પિતા - ગુરુને પોતાનાં
પરમહિતકારી અને ઇષ્ટ માની તેમની સેવા કરવા જોઈએ.
શિષ્યો પ્રત્યે ગુરુઓને નિષ્કામ પ્રીતિ હોય છે અને
ગુરુ પ્રત્યે શિષ્યોને નિષ્કામ ભક્તિ હોય છે.

'જિતે રસે જિતં સર્વં ।'

## શુદ્ધ ધર્મના લક્ષણો

દાન, શીલ, તપ, સમાધિ અને પ્રશમભાવ.

(૧)અહંકારવિહીન અપરિગ્રહરૂપ દાન તે શુદ્ધ ધર્મ.

(૨) ચોરી, હિંસાદિ વ્યસનમુક્ત સદાચારી જીવન તે શીલ.

(3) મનને વશ કરી - એકાગ્ર કરી અને
વર્તમાન પ્રત્યે સજાગ રાખવાનો અભ્યાસ તે સમાધિ.

(૪) પ્રિય - અપ્રિયમૂલક રાગ - દ્વેષથી રહિત થઈ
વ્યક્તિ, વસ્તુ અને સ્થિતિ જેવા છે,
તેને યથાર્થપણે પ્રશમપૂર્વક જોવાનો અભ્યાસ અર્થાત્
ચિત્તની સમતાનો અભ્યાસ તે પ્રશમ = ભાવધર્મ છે.

સમાધિનો અભ્યાસ તે તપ છે તથા
સમતાનો અભ્યાસ તે ભાવ છે.
દાન - શીલપૂર્વક તપ - ભાવનો અભ્યાસ શુદ્ધ છે.
દાન એ પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત છે.
આવકના દશ ટકા દાનમાં જવા જોઈએ.
ગરીબનું સન્માન કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે.
ભોગવવાને રાજી થવા કરતાં આપીને રાજી થાઓ.
સર્વ કરતાં સન્માનનું દાન શ્રેષ્ઠ છે.
આપો તો સન્માનપૂર્વક આપો.

## જિનવચન શું શીખવે છે?

જિનવચનનો રંગ એટલે દિલને દુન્યવી સંયોગો
સાથે નહિ, પરન્તુ મનને જિનવચન સાથે જોડવું.
જિનવચન શીખવે છે: આ દુનિયામાં જીવને સારું - નરસું
થવામાં પોતાના સારા - નરસાં કર્મ જ કારણભૂત છે.
જીવનમાં સાર સંવર છે અર્થાત્ પાપનું રોકાણ છે,
પછી તે દાનથી થાય, શીલથી થાય કે તપથી થાય.
એ સંવરનો માર્ગ પ્રકાશનારા અને એનો જીવનમાં
અમલ કરનારા પ્રશંસનીય છે - અનુમોદનીય છે.
એ ભાવથી સંવર છે.
ભવિતવ્યતા પણ પાંચ કારણમાંનું એક કારણ છે,
તેનો વિચાર પણ સમતાભાવમાં ઝીલાવનાર થાય છે,
એ વિચાર પણ સમત્વપોષક છે કે:
વિશ્વમાં બનતી સર્વ ઘટનાઓ ૫ કારણોને આધીન છે.
તાત્ત્વિક વિચારણાથી, આધ્યાત્મિક દૃષ્ટિથી તથા
યથાસ્થિત પદાર્થના બોધથી
સમતાભાવને અસ્ખલિતપણે ટકાવાય.
સમતાભાવ એ જ સંવર છે, શુભ અધ્યવસાય છે,
નિર્જરા અને મોક્ષનું અનન્ય કારણ છે.

## ધારણાના ત્રણ પ્રકાર

અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસના.

ભોગવાદને યોગ દ્વારા સંતુલિત કરવાથી પણ
આંશિક શાંતિનો અનુભવ કરી શકાય છે.
સ્વાધ્યાય - ધ્યાન દ્વારા ઇંદ્રિયોને વશમાં લાવી શકાય.
જપયોગમાં મન, મંત્ર અને પ્રભુ દ્વારા
દેહ-ગેહ અને આત્મા સાથે સંબંધ બાંધી શકાય છે.
સ્વાધ્યાય દ્વારા બુદ્ધિ વિકસિત થઈ શકે છે, પરન્તુ
ઇંદ્રિય તથા મન તો ધ્યાન-વિવેક વડે જ વશ થઈ શકે.
મનનું જાગરણ યોગાભ્યાસ વડે શક્ય છે.
મનુષ્યમાં અનંત શક્તિ-આનંદ-ચૈતન્ય સમાહિત છે.
નિયમિત યોગાભ્યાસ દ્વારા તેનો પ્રત્યક્ષમાં અનુભવ
કરી શકાય છે. ક્રિયાયોગનો અર્થ ક્રિયાત્મક યોગ છે.
तद्व्याधि विनाशकारि यमिनां पद्मासनं प्रोच्यते ।
શિતાના અભ્યાસથી ઉચ્છ્વાસાદિનો અભાવ થાય છે,
ધ્યાનનાં અભ્યાસથી રાગાદિનો અભાવ થાય છે,
સંથારાના અભ્યાસથી આહારાદિની ગૃદ્ધિનો અભાવ થાય છે
અને વિરાગના અભ્યાસથી અનુભૂત વસ્તુના
વેદનની પણ સ્પૃહાનો બોધ અભાવ થાય છે.

મોક્ષ = દોષમુક્તિ = આત્મા, રાગદ્વેષાદિ દોષોથી છૂટકારો.
પોતાનો ધર્મ બજાવનાર જીવ જ મોક્ષને પામી શકે.
'મિચ્છત્તં પરિહરહ, ધરહ સમ્મત્તં |' પ્રભુઆજ્ઞાને માનો,
તે આજ્ઞા માનવા મિથ્યાત્વને છોડી સમ્યક્ત્વને ધારો.

બાહ્ય મિલ્કત એક ભૌતિક સંપત્તિ છે,
તેમ મહાપુરુષને મળેલું મન પણ એક મહાસંપત્તિ છે,
એની રક્ષા કરવી, એ પરમ કર્તવ્ય છે.

સમકીત એ વ્રતનો પાયો છે. સાધર્મિક વાત્સલ્યની ભાવના
એ સમકીતના આચારની ભાવના છે.
આરાધનામાં અનુકૂળ કરવું, એ સાચું વાત્સલ્ય છે.
સમકીત બાદ પછી વ્રત ક્યાંથી રહે?
મુનિને મમત્વ કાયા પર નહિ, આત્મા પર હોય છે, તેથી
આત્માનું સુધરતું હોય તો કાયાને જતી પણ કરે છે.

શરીરના ઉપસર્ગોને સહન કરવામાં
મોક્ષનું અનંત અનંત સુખ રહેલું છે.

ચિત્તની સમાધિનો ઉપાય કાયાની સામે ન જોતાં
આત્માને થતાં અનંત લાભ તરફ દૃષ્ટિ રાખવા તે છે.

કાયા તુચ્છ અને નાશવંત છે, જ્યારે
આત્મા મહાન અને અવિનાશી છે.

વિદ્યા સમાન કોઈ નેત્ર તથા સત્ય સમાન કોઈ તપ નથી.
રાગ સમાન કોઈ દુઃખ તથા ત્યાગ સમાન કોઈ સુખ નથી.
હંમેશા પાપકર્મથી દૂર રહી પુણ્યનો સંચય કરવો.
સાધુપુરુષોનું બહુમાન અને ઉત્તમ સદાચારનું પાલન કરવું.
કુદરતનો - વિશ્વની રચનાનો એ અફર નિયમ છે કે:
સાધના વગર સિદ્ધિ મળતી નથી.
ક્રિયાના અભ્યાસ વિના કેવળ - માત્ર જ્ઞાન લીધું,
એ ભારસ્વરૂપ બની જાય છે.
સાંખ્યયોગ = સૂક્ષ્મ સિદ્ધાંતોનું વ્યાવહારિક રૂપ.
સાંખ્યનો અભિમત છે કે
વિવેકજ્ઞાન દ્વારા દુઃખમુક્તિ શક્ય છે (વિવેકખ્યાતિ).
યોગનું મંતવ્ય છે કે
ક્રિયા દ્વારા દુઃખનિવૃત્તિ શક્ય છે.
વર્તમાન જીવનમાં જેટલી શાન્તિનો અનુભવ થાય કે
આનંદ અથવા ચૈતન્યનો અનુભવ થાય,
તેટલી તે અંશમાં દુઃખમોક્ષ છે.
બુદ્ધિ વડે જ્ઞાન થાય, ક્રિયા દ્વારા અનુભવ શક્ય છે.
યોગઃ કર્મસુ કૌશલમ્ | કર્મની કુશળતા એટલે યોગ છે,
તેમાં આહાર - વિહારની નિયમિતતા મુખ્ય છે.

સમ્યગ્દર્શન માટે અનુકંપા, સંવેગ, નિર્વેદાદિ જરૂરી છે.

કર્મબંધનું કારણ રાગ-દ્વેષ અને કષાયો છે.

કષાયો કેમ ઓછા થાય અને પાતળા પડે,

એની પ્રતિક્ષણ જાગૃતિ, એ આધ્યાત્મિક સાધના છે.

જેટલે દરજ્જે અહંભાવ ઓછો થાય,

બધાની સાથે તાદાત્મ્ય સધાય, બધાનાં સુખ-દુઃખનું

સંવેદન થાય, તેટલે દરજ્જે આત્મિક સાધના સધાય છે.

સાધનાની કસોટી પ્રવૃત્તિથી દૂર ભાગવામાં નહિ, કિન્તુ

પ્રવૃત્તિઓને વિશુદ્ધ કરવામાં છે.

દૂર ભાગવાથી અંતરના કષાય ઘટતાં નથી, પરન્તુ

તેને વિશુદ્ધ બનાવવાથી કાર્યસિદ્ધિ થાય છે.

ગોમતી = ગુરુમતિ - ગુરુનો ઉપદેશ.

પ્રભુ પ્રત્યે સુરતા - ધ્યાન - લગની એ ખરું ધન છે.

દરેકમાં જ ભગવાન બેઠો છે,

દરે જ ભગવાનના નામની છાપ છે.

'પ્રભુનો માર્ગ સાવ સીધો અને સરળ છે'

એ રાજાની બારી ખુલ્લી કરી આપે છે ગુરુ.

○

Every man cannot be a great man,
but every man can be a gentleman.

## શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણાઓ એ નરકનાં દ્વાર

સર્વ ધર્મ સમાન માનવા, વિનાશને કલ્યાણ માનવું,
'અનુષ્ઠાનો એ સાંપ્રદાયિક ધર્મ છે' એમ માનવું,
ધર્મને ઝઘડા માનવા, વ્યવહારશુદ્ધિનું પાપ મોટું માનવું,
'દેવ - ગુરુ - સંઘ - ધર્મની નિંદા - આવશ્યક વગેરે ગૌણ
અને વ્યવહારશુદ્ધિ એ મુખ્ય' એમ માનવું વગેરે
વગેરે શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણાઓ એ નરકનાં દ્વાર છે,
કારણકે દેવ - ગુરુ - શાસ્ત્રોની નિંદા એ મોટું પાપ છે.

ચાર મહાદોષો છે : નિષિદ્ધનું આચરણ,
વિહિતનું અનાચરણ, અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણા.
તેનું પ્રતિક્રમણ નિરંતર કરવું જોઈએ.
હિંસાદિ નિષિદ્ધ છે, અહિંસાદિ વિહિત છે.
જિનવચન શ્રદ્ધેય છે, તેનાથી વિરુદ્ધ પ્રરૂપણા નિષિદ્ધ છે.

નિષિદ્ધ આચરણવાળાના મુખમાંથી નીકળેલાં
શાસ્ત્રોનાં પ્રમાણો કે ઉપદેશો અપવિત્ર બને છે.
દૂધના ભરેલાં ઘડામાં મદિરાનું એક જ ટીપું પડી જાય,
તો બધું જ દૂધ અશુદ્ધ બની જઈને પીવાલાયક ન રહે,
અન્નમાં પડેલ માખી અન્નને પેટમાં ટકવા દેતી નથી,
તે રીતે દુષ્ટને મોઢેથી સાંભળવામાં આવેલા ઉપદેશથી
સાંભળનારનું કાંઈ જ કલ્યાણ થતું નથી.

શુદ્ધ સમ્યક્દ્રષ્ટિવાળાને જ
પારમાર્થિક તત્ત્વનો ઉપદેશ દેવાના અધિકારી કહ્યાં છે.

સ્વમતિ મુજબ ચાલવામાં નહિ પણ
જ્ઞાનીની સલાહ મુજબ ચાલવું, એનું જ નામ 'ધર્મ' છે.

વ્યવહારમાં, શરીરના રોગોમાં, કોર્ટના કેસમાં અથવા તો
ભણવું તેવાં અનેક કાર્યોમાં જાણકારનાં
વચનોને આધીન રહીને જ તે તે કાર્યો થાય છે,
માત્ર ધર્મની બાબતમાં જ સ્વમતિને આગળ કરવી
અને શાસ્ત્ર - ગુરુઓને ન અનુસરવું, તે દુરાગ્રહ છે.

<u>મનને શાંત રાખે તે સંત.</u>

<u>પરમાત્મા પાસે બીજું કંઈ ન માગતા સત્સંગ માગજો.</u>

સંતોની પરીક્ષા એમની મનોવૃત્તિથી થાય છે.

સંતો માન - અપમાનથી આનંદ કે દુઃખ પામતાં નથી.

સંતપુરુષો દેહસ્વરૂપે તો ક્ષણિક જ જીવે છે,
વિચારરૂપે તેઓ અનંત કાળ જીવન જીવતાં રહે છે.

તમે વ્યક્તિનું સર્વસ્વ છીનવી લો, છતાં તેના વિચારો
ઉપર કાબુ ન મેળવી શકો, તો કશું જ છીનવી શકતાં
નથી પણ જો તમે તમારી ઇચ્છા મુજબ તેને વિચારતાં
કરી શકો, તો દેખીતું કશું જ ન છીનવ્યું હોય છતાં
તમે તેનું જીવન છીનવી શકવા સમર્થ છો.

પ્રાર્થનાથી બળ અને ધ્યાનથી શાંતિ મળે છે.

હોહી મોહુચ્છેઓ તુહ સેવાએ દુલ્લતિ નંદામિ ।
જં પુણ ન વંદિઅવ્વો તત્થ તુમં નેણ (તેણ) ઝિજ્ઝામિ ॥

– ધનપાલપઞ્ચાશિકા, ગા – ૩૫

અર્થઃ આપની સેવાથી મોહનો ઉચ્છેદ અવશ્ય થશે, તે વાતથી હું પ્રમોદ પામું છું, પરંતુ પછી આપને વંદન નહિ થાય, તે વાતથી મને પીડા થાય છે.

'સંવેગરંગશાલા'ની ગાથા ૫૪૭ – ૫૫૦માં ભગવાનની દેશના વિષે કહ્યું છે કેઃ

ધણધન્નાઇસુ દવ્વે ખેત્તે પુરખેડકબ્બડપમુહે ।
કાલે સરયાઇસુ ઓદઇયાઇમ્મિ ભાવે ય ॥૧॥
થેવંપિ નેવ રાગો ન વા પઓસો મણંમિ ધરિયવ્વો ।
જમ્હા મૂલં ઇહ પસરંત મહાભવદુમસ્સ ॥૨॥ અર્થઃ

દ્રવ્યથી ધનધાન્યાદિ, ક્ષેત્રથી પુર – ખેડ – કબ્બડાદિ, કાળથી શરદાદિ અને ભાવથી ઔદયિકાદિને વિષે થોડો પણ રાગ કે થોડો પણ દ્વેષ મનમાં ધારણ ન કરવો, કેમકે ફેલાતાં ભીષણ ભવરૂપી વૃક્ષનું મૂળ રાગ અને દ્વેષ છે.

°

*Most certain way to get is to first give through some useful services.*

## ચાર પ્રકારની બુદ્ધિમાં...

ઔત્પત્તિકી બુદ્ધિ અપાયરૂપ છે,
ઈહા વિચારણારૂપે છે, મતિ અવગ્રહરૂપ છે અને
વિતર્ક ઊહરૂપ છે તથા ઉપયોગ ધારણારૂપ છે.

## બુદ્ધિમાં પરમાત્માનો પ્રવેશ

ઘરમાં જ નહિ પણ જ્યારે બુદ્ધિમાં પરમાત્મા પ્રવેશે,
ત્યારે જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને
ભવબંધનની બેડીઓ તૂટી જાય છે.

'વિવેક જાગવો' એનો અર્થ છે કે:
બુદ્ધિને જગાડવી અને સારાં - નરસાંનો ભેદ પાડવો.

ગાયના દૂધથી બુદ્ધિ સૂક્ષ્મ બને છે, જ્યારે
ભેંસના દૂધથી બુદ્ધિ જડ બને છે.
જડ સાથે પ્રેમ કરવાથી બુદ્ધિ જડ બને છે, પરન્તુ
પ્રેમ કરવા લાયક તો એક ચેતન વસ્તુ જ છે.

o

## બુદ્ધિના ૮ ગુણો

શુશ્રૂષા = Curiosity, શ્રવણ = Hearing,
ગ્રહણ = Grasping, ધારણા = Digesting,
ઊહ = Ruminating, અપોહ = Discriminating,
અર્થવિજ્ઞાન = Knowledge, તત્ત્વજ્ઞાન = philosophy.

રાસલીલા = જીવ અને શિવના સંપૂર્ણ રસમિલનની કથા.

પ્રેમથી પરમાત્મા વશ થાય છે.

પૈસા માટે શરીર ઘસનારા પણ કૂબ્જાનું ચંદન જ્યારે લાલા પાસે ઘસાવે છે, તે આરોગ્ય છે, પ્રેમ નહિ જ.
વાસનાનું વસ્ત્ર દૂર થયે પરમાત્માનું મિલન થાય છે.
સત્સંગ કરે, તેને જ સ્વદોષનું ભાન થાય છે.
પાપ ન કરવું, એ પણ એક મહાન પુણ્ય જ છે.
સશરીરી ભગવાન ત્રણ ભુવનના ભર્તા-સ્વામી છે,
અશરીરી ભગવાન ત્રિભુવનના પ્રભુ યાને નાયક છે.
ધર્મ આપણને સત્ત્વ, તેજસ્વિતા, વિશુદ્ધિ, શક્તિ, પરમવીર્ય એ સર્વ તો પોતાનામાં છે, પોતાની પાસે જ છે,
પરંતુ સત્ત્વ જ્યારે રજસ્ - તમસથી આવરાય છે,
ત્યારે સંસારનો સર્વ દુઃખનો હેતુ બને છે.
મલદોષથી રહિત સત્ત્વ એ શક્તિથી ભરપૂર બને છે અને સ્વર્ગ-મોક્ષનું કારણ થાય છે. સત્ત્વને નિર્મળ કરવાના હેતુ તપ, ધ્યાન, વ્રત વગેરે અનુષ્ઠાનો છે.

સત્ત્વને વધારનાર ક્રિયા એ સાચી ક્રિયા છે,
સત્ત્વવિષયક જ્ઞાન તે સાચું જ્ઞાન છે અને
શ્રદ્ધાનું જ્ઞાન તે સમ્યક્ત્વ છે.

સત્યના માર્ગે ગમન કરવું, તે મોક્ષમાર્ગ છે.
વસ્તુસ્વભાવે જીવ એ અનંત આનંદરૂપ છે, જીવના
તે અસલ સ્વરૂપની પ્રાપ્તિ જેનાથી થાય, તે મોક્ષમાર્ગ છે.
શુદ્ધ સત્ય એક - અવિચલ - શિવ - સુંદર - સુસાધ્ય છે.
આત્માનું પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં રહેવું, તે મોક્ષ.
તેને શાંતિ, શિવ, અક્ષય, અવ્યય, અમૃત, સિદ્ધિ,
નિવૃત્તિ, ફળ આદિ શબ્દોથી પણ સંબોધાય છે.
સર્વ પ્રકારનાં કર્તવ્યકર્મો લેશ્યાશુદ્ધિને માટે છે.
લેશ્યાશુદ્ધિ મોક્ષ માટે થાય છે.
લેશ્યાવિશુદ્ધિથી આત્મા સ્વરૂપસ્થિતિને પામે છે.
આ દુનિયામાં મોહ અને અજ્ઞાનનો વિનાશ કરવા
સમાન અન્ય કોઈ ખરેખરો ઉપકાર એક પણ નથી.
દ્વાદશાંગરૂપી મહાસાગરમાં સઘળાં દર્શનોરૂપી સરિતાઓ
આવી મળે છે. જુદી જુદી દૃષ્ટિએ આંશિક સત્યો છે,
પૂર્ણ સત્ય બધાંને પોતાનામાં સમાવી લે છે.
ધર્મ જ મનુષ્યને દિવ્યજીવન તરફ લઈ જઈ શકે છે.
જીવનમાં નમ્રતા, સદાચાર, પ્રેમ, આધ્યાત્મિકતા જરૂરી છે.
સ્વાર્પણથી જ નવનિર્માણ થઈ શકે છે.
ઈશ્વર તરફ જવા ઉમદા વિચારો - વલણ જરૂરી છે.

સર્વત્ર સર્વે ગુણિનો ભવન્તુ,
સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે કૃતિનો ભવન્તુ,
સર્વત્ર સર્વે શાંતિનો ભવન્તુ ॥૧॥

ધર્મમાં મૈત્રી તથા દયાની ભાવના કેળવવા તરફ ભાર છે.
ધર્મો અનેક છે પરંતુ તેમાં મુખ્ય તત્ત્વ એક જ છે.
જેમ ગાયોના રંગ જુદા પરંતુ દૂધ ધોળું જ હોય છે
અને ફૂલોનાં રંગ જુદા પરંતુ સુવાસ એક જ છે,
તેમ ધર્મમાં પરંતુ પ્રેમ અને ન્યાય જ મુખ્ય છે.
જ્યાં ગંગા વહે છે અને હિમાલય છાયા આપે છે,
તે દેશમાં ઉચ્ચ નૈતિક અને આધ્યાત્મિક જીવનધોરણ
ટકાવવા તરફ વૃત્તિ રહે, તે સ્વાભાવિક છે.
આર્થિક ઉન્નતિ બહારની સુવિધાઓ - સગવડો આપે છે,
જ્યારે નૈતિક કે આધ્યાત્મિક ઉન્નતિ માનસિક શાંતિ
આપે છે અને માનસિક શાંતિ એજ સાચું સુખ છે.
જીવન પ્રત્યે આદર કેળવવાથી જગત સાથે
આધ્યાત્મિક સંબંધ બાંધવાના પાયારૂપ મંડાય છે.
બીજાનો ભાર ન લેતાં બીજાને મદદરૂપ થવું,
તેનું નામ માનવતા, તેથી વિરુદ્ધ વર્તવું તે દાનવતા.

મન(તૃષ્ણા)ને જીતવું તે આખરી નથી, મનને મારવું એ
પરમ સ્થિતિ છે, એજ પરમધામ અને પરમદશા છે,
એજ પરમ, અલૌકિક, અતાર્કિક, અશાબ્દિક અનુભવ છે.
જીવતાંને સપનાં છે, મરેલાં તો અનંત સમાધિમાં લીન છે.
'જ્યાં રે જોઉં ત્યાં નર જીવતા, મરેલાં મળે ન કોઈ;
મરેલાંને જો મરેલાં મળે, તો એને આવાગમન ન હોય.
મનને મારીને મેંદી કરે, ગાળીને કરે એનો ગોળો,
ભૂતનાથ ચરણે આળોટતો ભણે, જેણે લીધો સંતનો ઓળો.'

'જીવતાંને બોધ ઘણુંય, મરેલાંને કોણ મારે?'

અહીં જેણે તૃષ્ણાને મારી નાંખી છે, તેની વાત છે.

જે મનને મારી નાંખે છે,
તેનું તન અને જીવન સદૈવ મોક્ષનો અનુભવ કરે છે.
મન જીવે છે, ત્યાં સુધી માયા જીવે છે.
માયા જીવે છે, ત્યાં સુધી કાયાનો મોહ જીવે છે.
કાયાનો મોહ જીવે છે, ત્યાં સુધી કામના-વાસના જીવે છે
અને જ્યાં સુધી વાસના જીવતી હોય,
ત્યાં સુધી તે મનને મરવા દેતી નથી અને
મનથી મર્યા વિના મોક્ષ થતો નથી, પરન્તુ
જીવનું આવાગમન ચાલ્યા જ કરે છે.

# દિક્પટ ૮૪ બોલ

પરમ ક્રિયા આગે ધરે, પ્રથમ ક્રિયા કો ત્યાગ;
ચપલ ચિત્ત તેં મૂઢ નર, નહીં જોગ કે લાગ ...(૧)
નિશ્ચય નય પહેલે કહે, પીછે લે વ્યવહાર;
ભાષાક્રમ જાને નહીં, જૈન માર્ગ કો સાર ...(૨)
નહિ નિશ્ચય મેં શિષ્ય ગહૈ, ક્રિયા કિયા ફલ જોગ;
કર્ત્તા નહીં ભોક્તા નહીં, વિફલ સબૈં સંજોગ ...(૩)
તા તેં સો મિથ્યા મતિ, જૈન ક્રિયા પરિહાર;
વ્યવહારી સો સમકિતી કહે, ભાષ્ય વ્યવહાર ...(૪)
જો નય પહેલે પરિહરે, સોહી કહે જિન હોઈ;
નિશ્ચય કહીં દૂર પરિહરે, શુભ મમતિ કરિ જોઈ...(૫)

°

દી નારી અતિ શામળી, પાહણમાંહિ વસંત;
તે તુમ ઝુમકર દેખવા, અળગો અતિ હી કરંત ...(૧)
મન પસરે જિમ માહરૂં, તિમ જો કર પસરંત;
અરહ્ણ ગ્રહી શરહો રહી, અમૃતવલ્લી સુહંત ...(૨)

°

હરિ[1] (વરસાદ) આવ્યો, હરિ[2] (દેડકો) ઉપન્યો;
હરિ[3] (દેડકો) પૂંઠે હરિ[4] (સર્પ) ધાય, હરિ[5] (દેડકો) ગયો
હરિના[6] (કૃષ્ણ) વિષે; હરિ (સર્પ) જોતો વા ખાય.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫)**

જન્મની પરંપરા આપનાર હોવાથી કડવો એવો પણ આ સંસાર મને માન્ય છે, કારણકે આ સંસારમાં જ મને જિનાજ્ઞા પ્રાપ્ત થઈ છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૫)**

એક વાર બોલાયેલો મંત્ર પણ જો હૃદયમાં સ્થિર કરાય, તો તેને મોક્ષમાર્ગમાં શ્રેષ્ઠ પાથેય કહેલો છે.(૧) જ્યારે આ મહામંત્ર મુનિના ચિત્તમાં સ્થિરતા ધારણ કરે છે, ત્યારે જ કર્મની પરંપરા ઉત્પન્ન કરનાર અંકુરો નાશ પામે છે.(૨) અરિહંત પરમાત્માના નામથી ઉત્પન્ન થયેલ, વિશ્વકલ્યાણ કરનારા તીર્થંકર પરમાત્માની લક્ષ્મીને આપનાર આ મહામંત્રનું મોક્ષ માટે ધ્યાન કરો.(૩)

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૪)**

અરિહંત ભગવંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી છોડાવે છે અને ભાવપૂર્વક કરેલો નમસ્કાર બોધિલાભ માટે થાય છે.(૧) અરિહંત ભગવંતના નમસ્કાર સાથે ભવક્ષય કરતાં એવા ધન્ય જીવોની અનુમોદના હૃદયથી કરતાં તે શિથિલતા દૂર કરનાર થાય છે.(૨) આ પ્રમાણે અરિહંત ભગવંતનો નમસ્કાર મહાન અર્થવાળો કહેલો છે, (તેથી) મૃત્યુ સમયે તેનું વારંવાર સ્મરણ કરવું.(૩) અરિહંતનો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.(૪)

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૧)**

કોઈક એક વસ્તુસ્વરૂપ ધ્યેયમાં ચિત્તને સ્થિર બાંધવું, તે 'ધારણા' કહેવાય છે અને તે જ વિષયમાં એકાગ્રતાપૂર્વક જ્ઞાનનો પ્રવાહ વહાવવો અર્થાત્ ચિંતવન કરવું, તે 'ધ્યાન' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૦૩)**

તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન વગેરે ક્રિયાઓ સમાધિ માટે છે અને કલેશ (કર્મો) ઓછા કરવા માટે છે. ૦ સ્વાધ્યાય એટલે ૐકારાદિ પવિત્ર મંત્રોનો જાપ અથવા મોક્ષનું સ્વરૂપ કહેનારા શાસ્ત્રોનું અધ્યયન.

૦ ઈશ્વરપ્રણિધાન એટલે સર્વ ક્રિયા પરમગુરૂને અર્પણ કરવી કે તેનું ફળ અર્પણ કરવું.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૦૬)**

તૃણથી પણ નમ્ર, વૃક્ષથી પણ અધિક સહિષ્ણુ તથા અ-માની થઈને બીજાને માન આપવા વડે હંમેશા હરિનું કીર્તન કરવું.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૭)**

કષાય, વિષય, દુષ્ટ યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન - આ સર્વ કર્મબંધન માટેના આશ્રવો છે. ૦ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સંયમ, ત્રણ ગુપ્તિ, અપ્રમાદ, વિરતિ, સમ્યક્ત્વ, શુભધ્યાન - આ સર્વ સંવર માટેના તત્ત્વો છે અને તેથી ઉપાદેય અર્થાત્ આદરણીય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૦૭)**

નિર્મળ જ્ઞાનપ્રધાન, દર્શનથી યુકત, ચારિત્રગુણવાન, તીર્થંકરોને પૂજ્ય - આવા પ્રકારનો 'સંઘ' કહેવાય છે.(૧) ત્યાર પછી પરોપકાર કરવો. સતત - ઘણા મનોહર વચનો રૂપી સૂર્યના કિરણો વડે મોહરૂપી અંધકારને દૂર કરવો. - ધર્મબિન્દુ

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૨૦)**

પર્વત ઉપર રહેલો વ્યક્તિ જેમ જમીન ઉપર રહેલાઓને જૂએ, તેમ પ્રજ્ઞારૂપી મહેલ ઉપર ચડીને અશોચ્ય લોકોને શોચતો બુદ્ધિશાળી માણસ બધા જીવોને જૂએ છે.(૧)

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૪૩)**

વૈદ્યો કહે છેઃ કફ-પિત્ત-વાયુનો વિકાર છે.
જ્યોતિષો કહે છેઃ ગ્રહ-ગણાદિ નિમિત્તનો દોષ છે.
મંત્રવાદીઓ કહે છેઃ ભૂતનો ઉપસર્ગ છે.
શુદ્ધમતિવાળા સાધુ ભગવંતો કર્મનો વિપાક કહે છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૬૫)**

શ્રદ્ધા વિનાનું જ્ઞાન, પ્રમાદ વડે શ્રુત, સંદેહ વડે મંત્ર અને વ્યગ્ર ચિત્તે કરાયેલો જાપ હણાય છે (પ્રાયઃ નિષ્ફળ થાય છે). ૦ હે કરૂણાનિધિ! સંસારસાગરમાં મગ્ન, કર્મ અને મોહથી ભરેલા અને હીનશક્તિવાળા એવા મારો ભવસાગરથી ઉદ્ધાર કરો.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૭૯)**

યંત્રને મંત્રમય કહેલો છે, મંત્રાત્મા દેવતા છે, શરીર અને આત્માનો જેમ ભેદ છે, તેમ યંત્ર અને દેવતાનો પણ ભેદ છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૦)**

વારંવાર શ્રેષ્ઠ ભાવ એટલે કે પદાર્થ માટે જે ભાવના ભાવીએ છીએ, તે જાપ સ્વયં નાદસ્વરૂપ બને છે. મંત્રને આ રીતે જપવો જોઈએ. ૦ પાર્થિવી ધારણાથી યુક્ત ધ્યાન તે પિંડસ્થ ધ્યાન છે, મંત્ર સહિત અર્થાત્ વર્ણમાતૃકાનું ધ્યાન તે પદસ્થ ધ્યાન છે અને અરિહંત પરમાત્માના રૂપનું ધ્યાન તે રૂપસ્થ ધ્યાન છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૮૯)**

જે માનસસંગ્રામમાં હજારોને જીતે, એની બદલે માત્ર એક પોતાના આત્માને જીતે, તો તે ઉત્તમ સંગ્રામ છે. - ધમ્મપદ



ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## શ્રી પંચાક્ષરી મંત્ર

ॐ ह्रीं क्लीं श्रीं स्वीं ।




ॐ : ઈશ્વરબીજં ह्रीं : અરિહંતબીજં

क्लीं : સિદ્ધબીજં श्रीं : આચાર્યબીજં

स्वीं : ઉપાધ્યાય - સાધુબીજં વા ।

આ મંત્ર ૧૦૮ વાર - વધીને ૩૦૦ વાર ગણાવો.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in